# પાક્કો ગુજરાત


ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425


11 JANUARY, 2026 SUNDAY





પેજ 2  ડભોઈમાં MG-VCLની ગંભીર બેદરકારી

પેજ 3  કૂતરાએ બાળક પર હુમલો કરતા 6 ટાંકા આવ્યા

પેજ 7  'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવ'નું આયોજન કરાયું

પેજ 5 'ઈસ્લામિક નાટો'માં સાઉદી અરેબિયા બાદ હવે તૂર્કિયેની એન્ટ્રી પાક્કી!



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 295 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com




### છ દિવસમાં માઘ મેળામાં 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું: CM યોગીઆદિત્યનાથ

# આવનારો સમય સનાતન ધર્મનો હશે: CM યોગી

## બાંગ્લાદેશની ઘટના પર મૌન, હિન્દુઓના ભાગલા વિનાશનું કારણ બનશે

• લખનઉ

બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે, જેમાં લઘુમતીઓ તેનો શિકાર બની રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં 7 જેટલા હિન્દુઓનો ભોગ લેવાયો છે. ત્યારે હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વિપક્ષ પર મોટા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં જગદગુરૂ રામાનંદાચાર્યની 726મી જયંતિ સમારોહને સંબોધિત કરતા સીએમ યોગીએ કહ્યું કે, 'આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.' તેમણે ચેતવણી ભર્યા અંદાજમાં કહ્યું કે, 'આ ભાગલા એ રીતે વિનાશનું કારણ બનશે, જે આજે બાંગ્લાદેશમાં જોવા મળી રહ્યા છે.'

યોગીએ કહ્યું કે, 'બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કંઈ થઈ રહ્યું છે, તેના પર કહેવાતા સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચલનારા લોકો મૌન છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, એવું લાગે છે કે જાણે કોઈ તેમના મોં પર ફેવિકોલ ચીપકાવી દીધી હોય કે ટેપ ચીપકાવી દીધી હોય. બાંગ્લાદેશની ઘટનાઓને લઈને ન તો કોઈ કેન્ડલ માર્ચ નિકળી રહી છે, ન તો કોઈ અવાજ ઉઠાવાઈ રહ્યા છે. આ સ્થિતિ આપણા સૌ માટે એક મોટી ચેતવણી છે.'પ્રયાગરાજમાં સનાતન ધર્મ અને સમાજની એકતાને લઈને સીએમ યોગીએ કહ્યું કે, 'ગત પાંચ-છ દિવસોમાં માઘ મેળામાં 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે, એ સ્પષ્ટ સંકેત છે કે સનાતન આસ્થા આજે પણ સંપૂર્ણ રીતે જીવંત અને પ્રબળ છે.' મુખ્યમંત્રીએ તેને સમાજની સામૂહિક આસ્થા અને વિશ્વાસની અનોખી શક્તિ ગણાવી.

યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, 'સનાતન આસ્થાને વધુ મજબૂત કરવા માટે ડબલ એન્જિનની સરકાર સતત જનતાની સાથે છે. સમાજની જવાબદારી બને છે કે હિન્દુઓને તોડવા અને ભાગલા પાડનારા લોકોને કોઈપણ સંજોગોમાં ઉદભવવા ન દે. સમાજમાં એકતાને નબળી પાડનારા કોઈપણ પ્રયાસને રોકવા જોઈએ અને આગળ ન વધવા દેવા જોઈએ.'

મુખ્યમંત્રીએ કહ્યું કે, 'જો સમાજ એકજુટ થઈને દૃઢ સંકલ્પ સાથે આગળ વધે છે તો આવનારો સમય સનાતન ધર્મનો હશે. જે પ્રકારે ભવ્યતા અને દિવ્યતા સાથે સનાતન ધ્વજ (અયોધ્યામાં) ફરકાવાઈ રહ્યો છે, તે રીતે આખા વિશ્વમાં સનાતન ધર્મની ઓળખ સ્વાભાવિક રીતે સ્થાપિત થશે. જ્યારે સનાતનની શક્તિ અને સમાજની એકતા વિશ્વ સમક્ષ આવશે, તો કોઈપણ જગ્યાએ હિન્દુ સમાજ, ખાસ કરીને નબળા અને દલિત વર્ગના લોકો વિરુદ્ધ હિંસાનું દુસ્સાહસ નહીં થાય.'

મુખ્યમંત્રીએ ભાર આપતા કહ્યું કે, 'સનાતન ધર્મની મજબૂતી માત્ર આસ્થાથી નથી, પરંતુ સમાજની એકતા, સજાગતા અને સામૂહિક સંકલ્પથી સંભવ છે. એકજૂટ રહીને સનાતન મૂલ્યોની રક્ષા અને તેના વિસ્તાર માટે સતત પ્રયાસ કરો. સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચાલનારા લોકો હિન્દુ સમાજ અને સનાતન ધર્મને નબળો પાડવામાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દે છે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર પર તેના મોં બંધ છે, લાગે છે કોઈએ ફેવિકોલ ચીપકાવી દીધો છે.'ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વિપક્ષ પર મોટા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં જગદગુરૂ રામાનંદાચાર્યની 726મી જયંતિ સમારોહને સંબોધિત કરતા સીએમ યોગીએ કહ્યું કે, 'આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.' તેમણે ચેતવણી ભર્યા અંદાજમાં કહ્યું કે, 'આ ભાગલા એ રીતે વિનાશનું કારણ બનશે, જે આજે બાંગ્લાદેશમાં જોવા મળી રહ્યા છે.'

## માદુરોની જેમ પુતિનની પણ ધરપકડ કરાવશો ? તે પ્રશ્નના ઉત્તરમાં ટ્રમ્પે કહ્યું : આમ કરવાની જરૂર નથી

**વૉશિંગ્ટન :** વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરાવી તેમ રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનની ધરપકડ કરાવશો કે કેમ ? તેવા પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેની જરૂર નથી. જો કે યુક્રેન યુદ્ધથી હું ઘણો જ હતાશ છું.માદુરોની ધરપકડ થયા પછી પુતિનની પણ ધરપકડ થઈ શકે તેવા યુક્રેનના પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કીનાં નિવેદન સંદર્ભે પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે આ પ્રમાણે કહ્યું હતું.માદુરોની ધરપકડ કરાયા પછી ઝેલેન્સ્કીએ કહ્યું કે એક સરમુખત્યાર સાથે કેવો વ્યવહાર કરવો તે અમેરિકા જાણે છે, તેથી તેનું એક અર્થઘટન તે પણ થઈ શકે છે, હવે પુતિનનો વારો છે.ઝેલેન્સ્કીનનાં આ વિધાનોને અસ્વીકાર્ય ગણતાં ટ્રમ્પે તે સૂચન જ ફગાવી દીધું હતું. સાથે તેમ પણ કહ્યું હતું કે રશિયન નેતા સાથે અમેરિકાને ઘણા સારા સંબંધો છે. આમ છતાં યુક્રેન યુદ્ધમાં ૩૧,૦૦૦ લોકોનાં જેમાં મોટા ભાગના તો સૈનિકો હતા થયેલાં મૃત્યુ અંગે ખેદ વ્યક્ત કર્યો હતો. સાથે કહ્યું હતું કે રશિયાનું અર્થતંત્ર બરોબર ચાલતું નથી. મને લાગે છે કે તેઓ કૈં માર્ગ શોધશે જ. તે બને તેટલો વહેલો મળી આવે તેવી હું આશા રાખું છું. પ્રમુખે વધુમાં કહ્યું હતું કે મેં આઠ યુદ્ધો તો શમાવ્યાં છે. પરંતુ તે (યુક્રેન) યુદ્ધમાંથી માર્ગ શોધવો ઘણો મુશ્કેલ છે.

## નીતિનકુમારને 'ભારત રત્ન'મુદ્દે બિહારના રાજકારણમાં ગરમાવો!

**પટના :** બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ(JDU)માં અંદરોઅંદર ડખા ઉભા થયા છે. જેમાં નીતિશ કુમાર માટે 'ભારત રત્ન'ની ડિમાન્ડ કરીને વરિષ્ઠ નેતા કેસી ત્યાગી પોતાની પાર્ટીમાં અલગ પડતાં જોવા મળી રહ્યા છે. જેને લઈને બિહારના રાજકારણમાં ગરમાવો છે. વાત એમ છે કે, કેસી ત્યાગીને વાતને લઈને તેમની પાર્ટીના નેતા સિવાય રાષ્ટ્રીય જનતા દળ (RJD) પણ વિરોધ કરી રહ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, કેસી ત્યાગીને NDAના સાથી પક્ષ ભાજપ અને હિન્દુસ્તાની આવામ મોરચા તરફથી સમર્થન મળી રહ્યું છે. કેસી ત્યાગીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને મુખ્યમંત્રી નીતિશ કુમારને ભારત રત્ન આપવાની માગ કરી છે. પત્રમાં તેમણે ચૌધરી ચરણ સિંહ અને કર્પૂરી ઠાકુરને ભારત રત્ન એનાયત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે નીતિશ કુમારને સમાજવાદી ચળવળના અમૂલ્ય રત્ન ગણાવ્યા હતા અને તેમને ભારત રત્ન એનાયત કરવાની માગ પણ કરી હતી. કેસી ત્યાગીએ પત્રમાં એમ પણ કહ્યું હતું કે, દેશના ઘણા મહાનુભાવોને જીવતા

## બાંગ્લાદેશની આગ પાકિસ્તાન પહોંચી? ઝૂંપડી માટે હિન્દુ ખેડૂતની હત્યા બાદ ભારે વિરોધ પ્રદર્શન

• ઈસ્લામાબાદ

બાંગ્લાદેશમાં બાદ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બદીન જિલ્લામાં એક યુવા હિન્દુ ખેડૂતની હત્યા બાદ વિરોધનો સૂર ઉઠ્યો છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ મુજબ કૈલાશ કોલહી નામના ખેડૂતને જમીનદાર સરફરાઝ નિઝામાનીએ કથિત રીતે ગોળી મારીને હત્યા કરી હતી. આરોપ છે કે આ વિવાદ જમીનદારની જમીન પર એક ઝૂંપડી બાંધવાને લઈને થયો હતો. હત્યા પછી ગુસ્સે ભરાયેલા લોકોએ બદીન-હૈદરાબાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને બદીન-થાર કોલસા રોડ પર ધરણા પ્રદર્શન કર્યા હતા. જેથી મોટો ટ્રાફિક ચક્કાજામ થયો હતો. પ્રદર્શનકારીઓએ હામભરી હતી કે જ્યાં જ્યાં સુધી ગુનેગારોની ધરપકડ નહીં થાય ત્યાં સુધી તેઓ ધરણા બંધ કરશે નહીં. આ ઘટનાએ ફરી એકવાર પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં લઘુમતીઓ અને ગરીબ ખેડૂતોની સલામતી, જમીન વિવાદો અને ન્યાય વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.સામાજિક કાર્યકર્તા અને પાકિસ્તાન દરવાર ઈત્તેહાદના અધ્યક્ષ શિવા કાચ્છીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું કે, 'કૈલાશ કોલહીની હત્યા સામે ચાલી રહેલ વિરોધ ઈતિહાસ રચી રહ્યો છે. ગઈકાલે સવારે 10 વાગ્યાથી મોડી રાત સુધી વિરોધ અવિરત ચાલુ રહ્યો, આ માત્ર વિરોધ નથી, પરંતુ ઘાયલ અંતરાત્માનો અવાજ છે.

## સુપ્રીમ કોર્ટ પહોંચ્યો
## પ.બંગાળ Vs ઈડી વિવાદ

**કોલકાતા :** પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા I-PACના કાર્યાલયમાં પ્રવર્તન નિર્દેશાલય (ED) દ્વારા દરોડા પાડવામાં આવતા રાજનીતિક વિવાદ પેદા થઈ ચૂક્યો છે. રાજ્ય સરકારે આ ચૂંટણી સમયે વિપક્ષને નિશાન બનાવવાની કાર્યવાહી ગણાવી છે, જ્યારે બીજી તરફ ઈડીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં ચાલી રહેલી સરકાર પર ગંભીર આરોપ લગાવતા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. ઈડીએ આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળ સરકાર ઈડીની તપાસમાં સતત દખલ કરી રહી છે. ઈડીએ આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળ સરકાર તેની તપાસ અને સર્ચ ઓપરેશનમાં સતત દખલ કરી રહ્યા છે અને કામમાં અવરોધ પેદા કરવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટમાં ઈડી દ્વારા દાખલ અરજીમાં જણાવ્યું છે કે, ગુરુવારે જ્યારે એજન્સીએ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (આઈ-પેક)ના મુખ્યાલય અને કોલકાતામાં તેના નિર્દેશક પ્રતીક જૈનના ઘરે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. ત્યારે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રની તરફથી અવરોધ પેદા કરવામાં આવ્યા. ઈડીએ સુપ્રીમ કોર્ટ પાસે માંગણી કરી છે કે, તેને નિષ્પક્ષ અને કોઈ પણ પ્રકારનાં દબાણ વગર તપાસ માટેની પરવાનગી આપવામાં આવે. આ ઉપરાંત એજન્સીએ તેવી પણ માંગ કરી કે, કોઈપણ રાજ્ય સરકારને કેન્દ્રીય તપાસ એજન્સીઓના કામમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી.

### ધરપકડ કરાયેલ શંકાસ્પદનો ઉદ્દેશ અથવા ઓળખ અંગે કોઈ માહિતી શેર કરી નથી

## અમેરિકામાં સામૂહિક ગોળીબાર, 6 ના મોત

• વોશિંગ્ટન

અમેરિકાના મિસિસિપીમાં ત્રણ મહિનામાં બીજી વખત ગોળીબાર થયો છે. મિસિસિપીમાં મધ્યરાત્રે થયેલા ગોળીબારમાં છ લોકોના મોત થયા છે. ગોળીબાર કરનારની ધરપકડ કરી લેવાઈ છે. સ્થાનિક સમાચાર એજન્સીઓ અને પોલીસ અનુસાર, શુક્રવારે મોડી રાત્રે આ વ્યક્તિએ ગોળીબાર કર્યો હતો. NBC ન્યૂઝ સાથે સંકળાયેલ WTVAના અનુસાર, શંકાસ્પદે ત્રણ અલગ અલગ સ્થળોએ ગોળીબાર કર્યો હતો. ક્લે કાઉન્ટી શેરિફ એડી સ્કોટે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, 'શંકાસ્પદ કસ્ટડીમાં છે અને હવે તે આપણા સમુદાય માટે ખતરો નથી.'

રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે તેમની પોસ્ટમાં




મૃત્યુઆંકનો ચોક્કસ આંકડો આપવામાં આવ્યો નથી, પરંતુ WTVA એ અહેવાલ આપ્યો છે કે છ લોકો માર્યા ગયા છે. પોલીસ અને સંબંધિત અધિકારીઓએ ધરપકડ કરાયેલ શંકાસ્પદનો ઉદ્દેશ અથવા ઓળખ અંગે કોઈ માહિતી શેર કરી નથી.

ઉત્તરપૂર્વીય મિસિસિપીમાં સ્થિત ક્લે કાઉન્ટીની વસ્તી આશરે 20,000 છે. ક્લે કાઉન્ટી એ યુએસ રાજ્ય મિસિસિપીમાં આવેલું એક કાઉન્ટી (નગર) છે. 2020 ની યુનાઈટેડ સ્ટેટ્સની વસ્તી ગણતરી મુજબ, તેની વસ્તી 18,636 હતી. તેનું નામ અમેરિકન રાજકારણી હેનરી ક્લેના માનમાં રાખવામાં આવ્યું છે, જે કેન્ટુકીના યુનાઈટેડ સ્ટેટ્સ સેનેટના સભ્ય અને 19મી સદીમાં યુનાઈટેડ સ્ટેટ્સના સેક્રેટરી ઓફ સ્ટેટ હતા

**ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું**

2024ના વિદ્રોહ બાદ શેખ હસીના સરકાર પડી ગઈ હતી અને આગામી સંસદીય ચૂંટણીની તૈયારીઓ વચ્ચે બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ હિંસામાં વધારો નોંધાયો છે.

## બાંગ્લાદેશમાં ઝેર આપી હિન્દુની હત્યા

• ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર સતત દમન થઈ રહ્યું છે. એક પછી એક ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવી સ્થિતિમાં વધુ એક ઘટનાએ હિન્દુ સમુદાય સહિત સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે. સુનામગંજ જિલ્લામાં જોય મહાપાત્ર નામના હિન્દુ યુવકની હત્યા કરવામાં આવી છે.



મૃતકના પરિવારનો આક્ષેપ છે કે એક સ્થાનિક વ્યક્તિએ જોયને પહેલા અત્યંત ક્રૂરતાપૂર્વક માર માર્યો હતો અને ત્યારબાદ તેને બળજબરીપૂર્વક ઝેર પીવડાવીને હત્યા કરી હતી. જોયને તાત્કાલિક સિલહટની એમએજી ઉસ્માની મેડિકલ કૉલેજમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ICUમાં થોડા કલાકોની સારવાર બાદ તેણે અંતિમ શ્વાસ લીધા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ 25 વર્ષીય મિથુન સરકાર નામના યુવકની પણ હત્યા કરવામાં આવી હતી. ચોરીની આશંકામાં ટોળાએ તેને ઘેરી લીધો હતો. ત્યારબાદ ટોળાથી બચવા માટે તે નહેરમાં કૂદી ગયો હતો, પરંતુ તરતા ન આવડતું હોવાના કારણે ડૂબી જતાં તેનું મોત થયું હતું. તેનો મૃતદેહ મંગળવારે બપોરે મળી આવ્યો હતો.આ પહેલાં 18 ડિસેમ્બરે મૈમનસિંહ જિલ્લામાં 27 વર્ષીય દીપુ ચંદ્ર દાસની પણ ક્રૂરતાપૂર્વક ઢોર માર મારીને હત્યા કરવામાં આવી હતી. તેના પર ઈશનિંદાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ટોળાએ પહેલા તેને બેરહેમીથી માર માર્યો હતો અને ત્યારબાદ તેના મૃતદેહને ઝાડ સાથે લટકાવીને આગ ચાંપી દીધી હતી. પોલીસે આ મામલે મુખ્ય આરોપી યાસીન અરાફાતની ધરપકડ કરી લીધી છે. તપાસમાં સામે આવ્યું છે કે દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવી ટોળાએ હિંસા આચરી હતી. ઈશનિંદાનો આરોપ સંપૂર્ણપણે આધાર વિહોણો હતો અને માત્ર અફવા જ હતી.2024ના વિદ્રોહ બાદ શેખ હસીના સરકાર પડી ગઈ હતી અને આગામી સંસદીય ચૂંટણીની તૈયારીઓ વચ્ચે બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ હિંસામાં વધારો નોંધાયો છે. બાંગ્લાદેશ હિંદુ બુદ્ધિસ્ટ ક્રિશ્ચિયન યુનિટી કાઉન્સિલના એક નિવેદન અનુસાર માત્ર ડિસેમ્બર મહિનામાં જ સાંપ્રદાયિક હિંસાની 51 ઘટનાઓ સામે આવી છે. જેમાં 10 હત્યાઓ ઉપરાંત લૂંટફાટ અને આગચંપી જેવી ઘટનાઓનો સમાવેશ થાય છે. આમાંથી 10 ઘટનાઓ ખોટા ઈશનિંદાના આરોપોને કારણે બની હતી. લઘુમતી સમુદાયના ઘરો, મંદિરો અને વેપાર સ્થળોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

**જમાદારને ભય** 'રશિયા અને ચાઇના ત્યાં પોતાનો પ્રભાવ પાથરે તે પૂર્વે તેમને ગમે કે ન ગમે અમે ગ્રીનલેન્ડ પર કબ્જો જમાવીશું

## અમે ગ્રીનલેન્ડ અંગે કશું કૈં કરીશું જ : ડોનાલ્ડ ટ્રમ્પ

### લીઝ પર લીધેલી જમીન પૂરતી ગેરન્ટી નથી : 500 વર્ષ પૂર્વે ત્યાં વહાણો લાંગર્યા તેથી તે તેમનું ન થઈ જાય



• નવી દિલ્હી

પ્રમુખ ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ પર કબ્જો જમાવવાની ધમકી આપતા કહ્યું હતું કે, 'તેમને ગમે કે ન ગમે અમેરિકા તે પ્રદેશ માટે કશું કૈં કરશે જ.' અમેરિકાના ટોચના ઑઈલ ગેસ એક્ઝિક્યુટીવ્સ સાથેની મીટીંગ સમયે મીડીયાને આપેલી મુલાકાતમાં પોતાના આ કથનને પુષ્ટિ આપતા ટ્રમ્પે કહ્યું કે, 'જો અમે તેમ નહીં કરીએ તો ચાયના કે રશિયા તે પ્રદેશ પર કબ્જો જમાવી દેશે. અને રશિયા કે ચાયના અમારા પાડોશી બનશે જે અમે ચલાવી લેવા તૈયાર નથી. હું સરળતાથી સમજૂતી સાધવા ઈચ્છુ છું પરંતુ જો તેઓ તેમ ન કરે તો અમે 'કઠોર' રીતે પણ તેમ કરીશું.'

ડેન્માર્ક વિષે બોલતાં તેમણે કહ્યું, ૫૦૦ વર્ષ પૂર્વે ત્યાં વહાણો લાંગર્યા (વાઈકીંગ્સે) તેનો અર્થ નથી કે તે ભૂમિ તેની થઈ જાય.

અમારી પણ કેટલીય બોટો ત્યાં પહોંચી છે બાય ધ વે હું ડેન્માર્કને ચાહુ છું તેઓ મારી સાથે વર્તાવ પણ ઘણો સારો રાખે છે પરંતુ તેઓ અત્યારે ગ્રીનલેન્ડની બહાર જુઓ તો ત્યાં રશિયન ડીસ્ટ્રોયર્સ છે. ચાયનીઝ ડીસ્ટ્રોયર્સ પણ છે તેથી પણ વધુ રશિયન સબમરીન પણ છે. ગ્રીનલેન્ડની ચારે તરફ તે જોવા મળે છે. રશિયા કે ચાયના તેની ઉપર કબ્જો જમાવે તે અમે ચલાવી લેવાના નથી તેથી જ અમે 'તેમ' કરવા માગીએ છીએ. જો તેઓ તેમ નહીં કરે તો, અમે ગ્રીનલેન્ડ વિષે તેમને ગમે કે ન ગમે છતાં અમે તે અંગે કશું કૈં કરવાના જ છીએ તે સરળ રીતે પણ હોઈ શકે કે કઠોર રીતે પણ હોઈ શકે.

તેઓએ વધુમાં કહ્યું લીઝ ઉપર લીધેલી જગ્યા કૈં કાયમ રાખી શકાતી નથી માટે સંરક્ષણ માટે અનિવાર્ય હોય તેવા સ્થાનો ઉપર તમારો કબ્જો હોવો જ જોઈએ.ઈરાન વિષે પૂછેલા પ્રશ્નના જવાબમાં તેમણે જબરજસ્ત પ્રહારો કરતા કહ્યું : 'જો તેઓ (ઈરાનની સરકાર) તેમણે પહેલા કહ્યું હતું તેમ, તેના લોકોની હત્યાઓ કરવાનું ચાલુ જ રાખશે તો તેને બમણો પ્રતિભાવ આપવો જ પડે. ઈરાન ખરેખર ભયંકર મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. ત્યાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ફુગાવો, બેકારી અને મુલ્લાઓની દાદાગીરી સામે લોકો રણે ચઢ્યા છે અમે પરિસ્થિતિ ઉપર નજર રાખી જ રહ્યા છીએ જો તેઓ લોકોની હત્યા કરવાનું ચાલુ રાખશે તો અમારે તેમાં સંડોવાવું જ પડશે.

## સોમનાથમાં વડાપ્રધાનનું આગમન : આજે રાજકોટમાં સમિટનું ઉદ્ઘાટન

**રાજકોટ :** હજારો વર્ષોથી લોકોની શિવભક્તિનું કેન્દ્ર રહેલું અને વિનાશક તાકતો સામે સર્જનની શક્તિના વિજયના પ્રતિક એવા સોમનાથ મહાદેવ જ્યોતિર્લિંગ મંદિરમાં બરાબર 1000 વર્ષ પહેલા અને ત્યારબાદ 17 વાર થયેલા દરેક મંદિર ધ્વંશ બાદ બમણી ઉર્જાથી પુનઃ નિર્માણ પામ્યું છે. ઉપરાંત અંતિમવાર ઈ. 1951માં મંદિર નિર્માણને 75 વર્ષ પૂરા થઈ રહ્યા છે જે બે પ્રસંગોને અનુલક્ષીને ઉજવાતા સ્વાભિમાન પર્વ અંતર્ગત આજે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ આવી પહોંચ્યા હતા અને સોમનાથમાં તેમની ઉપસ્થિતિમાં 3000 ડ્રોનથી અરબી સમુદ્રના આકાશમાં તાંડવ, ઓમકાર, ત્રિશૂલ, સહિતના બિંદુચિત્રો સર્જાયા હતા.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# હેડ કોન્સ્ટેબલ, PSI સહિતની જગ્યાઓ માટે 29 જાન્યુ. સુધી કરી શકશે ઓનલાઈન અરજી

## ગુજરાત પોલીસ ભરતી પ્રક્રિયામાં મહત્વની સૂચના કરાઈ જાહેર

• અમદાવાદ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા રાજ્ય પોલીસ દળમાં ચાલી રહેલી ભરતી પ્રક્રિયા સંદર્ભે મહત્વની વિગતવાર સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ, વાયરલેસ વિભાગ તેમજ હેડ કોન્ટેબલ, ડ્રાઈવર મેકેનિક (ગ્રેડ-1) સહિતના વર્ગ-3 સંવર્ગ માટે ભરતીની પ્રક્રિયા અંગે ઉમેદવારો માટે જરૂરી તમામ માર્ગદર્શિકા આ સૂચનામાં સ્પષ્ટ કરવામાં આવી છે. ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયેલ સૂચના મુજબ, ઓનલાઈન અરજી પ્રક્રિયા OJAS પોર્ટલ (ojas.gujarat.gov.in) પર 9 જાન્યુઆરી 2026ના રોજ બપોરે 1 વાગ્યાથી શરૂ થઈ છે અને 29 જાન્યુઆરી 2026ના રોજ રાત્રે 11:59 વાગ્યા સુધી ઉમેદવારો અરજી કરી શકશે. સૂચનામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરતા પહેલા ભરતી સંબંધિત લાયકાત, વયમર્યાદા, શારીરિક ધોરણો, કેટેગરી મુજબની જગ્યાઓ અને જરૂરી દસ્તાવેજોની માહિતી ધ્યાનપૂર્વક વાંચવી ફરજિયાત રહેશે. અરજી ફોર્મ કન્ફર્મ કર્યા બાદ તેનું પ્રિન્ટઆઉટ પોતાના પાસેથી સાચવી રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજૂ કરવું પડશે. ભરતી બોર્ડે વધુમાં જણાવ્યું છે કે, અરજીમાં ખોટી અથવા અધૂરી માહિતી આપનાર ઉમેદવારોની અરજી કોઈપણ તબક્કે રદ કરવામાં આવી શકે છે. ફોટો અને સહી અપલોડ કરતી વખતે નિર્ધારિત સાઈઝ અને ફોર્મેટનું ખાસ ધ્યાન રાખવાની પણ સૂચના આપવામાં આવી છે. ગુજરાત પોલીસમાં ભરતી પ્રક્રિયા પારદર્શક અને નિયમસર થાય તે માટે આ વિગતવાર સૂચના જાહેર કરવામાં આવી હોવાનું બોર્ડ દ્વારા જણાવાયું છે. ઉમેદવારોને નિયમિત રીતે ભરતી બોર્ડની વેબસાઈટ અને OJAS પોર્ટલ પર અપડેટ્સ તપાસવાની અપીલ કરવામાં આવી છે.

# આજે પાલનપુરમાં યોજાશે શિક્ષક સન્માનની મેગા ઈવેન્ટ

• વેળાવદર,(તખુભાઈ સાંડસુર દ્વારા)

ગુજરાતના શિક્ષણ જગતમાં સૌથી મોટો શિક્ષકોનો સન્માન સમારંભ આગામી 11 જાન્યુઆરી રવિવારના રોજ પાલનપુરની સ્કૂલ ઓફ સાયન્સ ખાતે યોજાઈ છે. આ કાર્યક્રમ ગુજરાતના શિક્ષણ જગતને ગુણવત્તાયુક્ત બનાવવા અને રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલ, રાષ્ટ્રીય અભ્યાસક્રમની માર્ગદર્શિકાનો અમલ તથા જોય વીથ લર્નિંગનું દ્રઢીકરણ વગેરે માટે આ કાર્યક્રમ મહત્વનો બની રહેવાનો છે.જેમા અનેક પુસ્તકોના વિમોચન તથા 2525 શિક્ષક ભાઈ બહેનોનું સન્માન થનાર છે.ગુજરાતના 33 જિલ્લાના શાળા શિક્ષણ સાથે જોડાયેલાં સૌ શિક્ષકો તેમાં ભાગ લઈ હિસ્સો બનશે. કાર્યક્રમના સંયોજક નોલેજવેલી ફાઉન્ડેશનના શ્રી અપૂર્વભાઈ ગુર્જરે જણાવ્યું કે સમગ્ર ગુજરાતના શિક્ષણ જગતમાં કંઈક નાવીન્યપૂર્ણ કાર્ય કરવાના હેતુથી અને સૌને એક વિશેષ તક, પ્લેટફોર્મ પૂરું પાડવા અમો આ ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છીએ.જેમાં ગુજરાતના શિક્ષણ જગત સાથે જોડાયેલા વિશેષ મહાનુભાવો પણ ઉપસ્થિત રહેનાર છે.કાર્યક્રમમાં પુ. ચીનુભારતી મહારાજની આશિર્વાદક ઉપસ્થિતિ રહેશે.આ ઉપરાંત શિક્ષણ મંત્રીઓ સર્વશ્રી પ્રદ્યુમન વાજા અને રિવાબા જાડેજાની પણ હાજરી રહેવાની છે. બનાસકાંઠા જિલ્લાના મંત્રીશ્રીઓ સ્વરૂપજી ઠાકોર અને પ્રવીણભાઈ માળી પણ મુખ્ય મહેમાનપદે હાજર રહેશે.

અંધેર વહીવટ

### ડબલ, ટ્રિપલ, ફોર્થ કોઇ પણ એન્જિન લાવો ડભોઇમાં ફેઇલ નગરજનોમાં ભારે ફફડાટ

# લો હવે, ડભોઈમાં MGVCLની ગંભીર બેદરકારી, ખુલ્લી વીજ પેટીઓ અને લટકતા વાયરો બન્યા 'ડેથ ટ્રેપ'

## વારંવાર રજૂઆતો કરવા છતાં MGVCLના તંત્રના પેટનું પાણી હલતું નથી

• ફકીરા ખત્રી ડભોઈ

મોંઘા પશુઓના મોત બાદ હવે મોટા માનવ સર્જિત અકસ્માતની ભીતિ ડભોઈ શહેરના વિવિધ વિસ્તારોમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના અનેક રહેણાંક વિસ્તારોમાં વીજ પોલ પર આવેલી ડીપી (DP) અને ફ્યુઝ પેટીઓ લાંબા સમયથી ઢાંકણ વિના ખુલ્લી હાલતમાં જોવા મળી રહી છે. આ ખુલ્લી પેટીઓમાં જીવંત વીજ પ્રવાહ વહેતો હોવાથી તે સ્થાનિક રહીશો અને અબોલ પશુઓ માટે જીવતું મોત સાબિત થઈ રહી છે. મુખ્ય સમસ્યાઓ અને જોખમો: ખુલ્લી ફ્યુઝ પેટીઓ: શહેરના અનેક વિસ્તારોમાં વીજ પોલ પરની પેટીઓ તૂટેલી અથ વા ઢાંકણ વગરની છે. તાજેતરમાં જ આ વી એક ખુલ્લી પેટીના સંપર્કમાં આવ વાથી અકસ્માત સર્જાયો હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે લટકતા વીજ વાયરો: ર સ્તા ઓ પર અને રહેણાંક મકાનોની અડોઅ ડ જીવંત વીજ વાયરો લટકી રહ્યા છે. ચોમાસામાં કે પવન ફૂંકાય ત્યારે આ વાય રો ગમે ત્યારે તૂટીને નીચે પડે તેવી




સ્થિતિ છે મકાનોની નજીક જોખમ: કેટલાક વિસ્તારોમાં તો વીજ પોલ અને મોટા ફ્યુઝ બોક્સ મકાનોની બાલ્કની કે બારીઓની એટલી નજીક છે કે બાળકો કે રહીશો ભૂલથી પણ તેનો સંપર્ક કરી શકે છે.પશુધનનો ભોગ લેવાયોસ્થાનિકોના જણાવ્યા અનુસાર, અગાઉ પણ આ ખુલ્લી પેટીઓ અને જમીનદોસ્ત વાયરોને કારણે અનેક કિંમતી પશુઓ વીજ કરંટનો ભોગ બની ચુક્યા છે. પશુપાલકોમાં આ બાબતે ભારે આક્રોશ છે કારણ કે તેમની રોજીરોટી સમાન પશુઓ તંત્રની આળસને કારણે જીવ ગુમાવી રહ્યા છે. નગરજનો આક્ષેપ કરી રહ્યા છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં MGVCLના તંત્રના પે ટનું પાણી હલતું નથી. લોકો પૂછી રહ્યા છે કે જો કોઈ માસૂમ બાળક કે નાગરિકનું આને કારણે મૃત્યુ થશે, તો તેની જવાબદારી કોણ લેશે શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે ડભોઈના જાગૃત નાગરિકોની માંગ છે કે MGVCL વહેલી તકે યુદ્ધના ધોરણે સર્વે કરી, તમામ ખુલ્લી પેટીઓને લોક કરવામાં આવે અને જોખમી લટકતા વાયરોનું સમારકામ કરવામાં આવે તેવી માંગવા પામ્યું છે

### PM મોદીના પાટનગરના પ્રવાસને લઈને આ રસ્તા બંધ

# પાટનગર બે દિવસ પોલીસ છાવણીમાં ફેરવાશે, 10 IPS સહિત 1800ની ફૌજનો લોખંડી બંદોબસ્ત

ચુસ્ત બંદોબસ્ત

## ઇમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સને આ પ્રતિબંધોમાંથી બાકાત રાખવામાં આવ્યા

• ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી 11 અને 12 જાન્યુઆરીના રોજ ગાંધીનગરના મહેમાન બનવાના છે. આ પ્રવાસને લઈને ગાંધીનગર પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. વડાપ્રધાનના આગમનને લઈ આવતીકાલથી બે દિવસ માટે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. જેમાં 10 IPS સહિત 1800ની ફૌજનો લોખંડી પોલીસ બંદોબસ્ત રહેશે. PMના બે દિવસીય પ્રવાસ અન્વયે આવતીકાલે પ્રથમ દિવસે એટલે કે 11 જાન્યુઆરીની સાંજે ગાંધીનગરવાસીઓને મેટ્રોની ભેટ મળશે. પીએમ મોદીના હસ્તે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ 12 જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે ભારત અને જર્મન પ્રતિનિધિ મંડળ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. જેમાં દ્વિપક્ષીય સંબંધો અને રોકાણ અંગે ચર્ચાઓ થવાની શક્યતા છે. વડાપ્રધાનની સુરક્ષામાં કોઈ પણ પ્રકારની કચાસ ન રહી જાય તે માટે ગાંધીનગર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ અંગે ગાંધીનગર એસપી રવિ તેજા વાસમ શેટ્ટીએ જણાવ્યું કે, વડાપ્રધાનના આગમનને લઈ 10થી વધુ આઈપીએસ, 20 ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ મોનિટરિંગ કરશે. આ ઉપરાંત ગ્રાઉન્ડ ફોર્સમાં 50પીઆઈ, 100થી વધુ પીએસઆઈ અને આશરે 1800 પોલીસ કોન્સ્ટેબલ્સ ખડેપગે રહેશે. મેટ્રો સ્ટેશનની નીચે સામાન્ય જનતા પણ આ આધુનિક સુવિધા નિહાળી શકે તે માટે મનપા અને પોલીસના સંકલનથી ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે. ત્યારે પીએમના રૂટ અને કાર્યક્રમના સ્થળોને ધ્યાનમાં રાખીને શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવશે. નાગરિકોને અપીલ કરી છે કે તેઓ જાહેર કરવામાં આવેલા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરે જેથી કોઈ મુશ્કેલી ન પડે. જે અન્વયે 11 જાન્યુઆરી બપોરે 2થી 12 જાન્યુઆરી સવારે 10 સુધી 'ચ-0' સર્કલથી સેક્ટર-30 સર્કલ સુધીનો 'જ' રોડ સંપૂર્ણ બંધ રહેશે. ઉપરાંત 12 જાન્યુઆરી સવારે 6થી સાંજે 4 કલાક સુધી 'ક' રોડ હોટલ લીલાથી સેક્ટર-13 રેલવે સ્ટેશન ચોકડી સુધીનો માર્ગ બંધ રહેશે. એજ રીતે 12 જાન્યુઆરી સવારે 6થી સાંજે 4 કલાક સુધી ખ-3 સર્કલથી સાંઈ ચાર રસ્તા મહાત્મા મંદિર સુધીનો મુખ્ય રોડ પ્રતિબંધિત રહેશે. તદુપરાંત શહેરના મહત્વના સર્કલો અને સર્વિસ રોડ પર પાર્કિંગ પર પાબંદી લાદવામાં આવી છે. જે મુજબ અપોલો સર્કલથી અક્ષરધામના મુખ્ય માર્ગ અને સર્વિસ રોડના 50 મીટર સુધીના વિસ્તારમાં વાહન પાર્ક કરી શકાશે નહીં. તેમજ સેન્ટ્રલ વિસ્ટા રોડ મહાત્મા મંદિરથી ટાઉનહોલ અને ઉદ્યોગભવન થઈ અપોલો સર્કલ સુધીના માર્ગો પર પાર્કિંગ સખત મનાઈ છે. આવતીકાલે 11 જાન્યુઆરી બપોરે 2 વાગ્યાથી 12 જાન્યુઆરી સાંજે 4 વાગ્યા સુધી અપોલો સર્કલ, કોબા સર્કલ અને ચ-0 થી સેક્ટર-30 સુધી ભારે વાહનો પ્રવેશી શકશે નહીં. વૈકલ્પિક માર્ગો તરીકે વાહનચાલકો ચ-રોડ, રોડ નંબર-7, વાવોલ ગામ અને ઉવારસદ માર્ગનો ઉપયોગ કરી શકશે.જોકે રેલવે મુસાફરોને જરૂરી પુરાવા બતાવવા પર પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ધ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ-223 હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને ઈમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સને આ પ્રતિબંધોમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

### શ્રી સત્તર ગામ સમાજ તથા શ્રી સત્તર ગામ પ્રગતિ મંડળ, ડભોઈ દ્વારા

# ચાર સભ્યોની ઐતિહાસિક જીત બદલ ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું

• ફકીરા ખત્રી ડભોઈ




શ્રી સત્તર ગામ સમાજ તથા શ્રી સત્તર ગામ પ્રગતિ મંડળ, ડભોઈ દ્વારા તાજેતરમાં યોજાયેલી ડભોઈ એ.પી.એમ.સી. (ખેડૂત ઉત્પાદન બજાર સમિતિ) ની ચૂંટણીમાં સમાજના ચાર સભ્યોની ઐતિહાસિક જીત બદલ ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ચાર સભ્યો એકસાથે ડભોઈ એ.પી.એમ.સી.માં ચૂંટાઈ આવ્યા હોવાને કારણે સમગ્ર સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ હતી. ડભોઈ એ.પી.એમ.સી.ની ચૂંટણીમાં શ્રી સત્તર ગામ સમાજના ચાર ઉમેદવારો – શ્રી ભરતભાઈ (ધર્મપૂરી), શ્રી ધવલભાઈ (તેનતલાવ), શ્રી દીક્ષિતભાઈ (કુકડ) અને શ્રી ગૌરાંગભાઈ (બોરીયાદ) – એ ભવ્ય બહુમતીથી વિજય પ્રાપ્ત કર્યો હતો. આ ઐતિહાસિક સફળતા બદલ શ્રી સત્તર ગામ સમાજ તથા શ્રી સત્તર ગામ પ્રગતિ મંડળ દ્વારા વિજયી ઉમેદવારોનું ફૂલહાર, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો, વડીલો, યુવાનો તેમજ મોટી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. સન્માન સમારંભ દરમિયાન સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, સમાજના સભ્યો પર મુકાયેલા વિશ્વાસને ચારેય વિજયી સભ્યોએ સાર્થક કરી બતાવ્યો છે અને આ જીત સમગ્ર સત્તર ગામ સમાજ માટે ગૌરવની બાબત છે. વિજયી ઉમેદવારો તરફથી સમાજના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "ખેડૂત હિતરક્ષક સમિતિના ઉમેદવારો પર સમાજ દ્વારા જે અટૂટ વિશ્વાસ મુકવામાં આવ્યો છે તે બદલ અમે ખૂબ જ આભારી છીએ. અમોને મળેલી જવાબદારીને પૂર્ણ ઈમાનદારી અને પારદર્શિતાથી નિભાવશું. તન, મન અને ધનથી ખેડૂતોના હિત માટે કાર્ય કરીશું તથા ડભોઈ એ.પી.એમ.સી. માં ખેડૂતોના પ્રશ્નોને મજબૂતીથી રજૂ કરી તેમનું યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપીએ છીએ." સમારંભ અંતે સમાજના વડીલોએ વિજયી સભ્યોને આશીર્વાદ પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ એકતા સાથે આગળ વધીને સમાજ તથા ખેડૂતોના હિતમાં વધુ કાર્ય કરવા માટે પ્રેરણા આપી હતી.

# ડભોઈ તાલુકાના તેનતલાવ નર્મદા કેનાલમાં લાપતા યુવાનનો મૃતદેહ મળ્યો

## શિનોર પોલીસે લાશનો કબજો મેળવી પીએમ અર્થે મોટા ફોફળિયા હોસ્પિટલ ખાતે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના તેનતલાવ નર્મદા કેનાલમાં એક યુવાનના લાપતા તેની શોધખોળ ચાલી રહી હતી 48 કલાક બાદ તેની ડેટ બોડી સિનોર તાલુકામાંથી મળી આવી ગુરુવારે નર્મદા કેનાલમાં લાપતા થયેલા યુવાનનો મૃતદેહ શોધખોળ દરમિયાન શુક્રવારે રાત્રે મળી આવ્યો ડભોઈ ના તેનતલાવ વડજ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલમાં યુવક લાપતા થયા ની ઘટના ગુરુવારે pulsar બાઈક લઈ વડોદરા જઈ રહેલા



બે મિત્રો બાઈક લઈ કેનાલમાં ખાબક્યા હતા એકનો થયો હતો બચાવ જ્યારે એક મિત્ર નર્મદા કેનાલમાં થયો હતો લાપતાએક યુવકને તરતા આવડતું હોય બચી ગયો હતો જ્યારે બીજો થયો હતો લાપતાડભોઈ તાલુકાના ચાંદોદ પોલીસે ઘટના અંગે જાણ કરતા ડભોઈ અને વડોદરાની ફાયર ટીમે સઘન દ્વારા શોધખોળ આરંભી હતીલાપતા થયેલ યુવક નો મૃતદેહ શોધવા ફાયર ટીમો કામે લાગી સઘન શોધખોળ શોધખોળ દરમિયાન શુક્રવારે રાત્રે ફાયર ટીમને મળી સફળતા શિનોર તાલુકાના આનંદી-પુનિયાદ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ માંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો જીલ્લો નર્મદા, તાલુકો નાંદોદ, ગામ જેસલપુર નો રહેવાસી રણજીત જશુભાઈ બારિયા ઉ.વ 24 કેનાલમાં ડૂબી લાપતા થયો હતો શિનોર પોલીસે લાશનો કબજો મેળવી પીએમ અર્થે મોટા ફોફળિયા હોસ્પિટલ ખાતે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

• દીપક જગતાપ, રાજપીપલા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે આજે રવિવારના રોજ જળસંપત્તિ અને પાણી પુરવઠાના રાજ્યકક્ષા મંત્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીઈશ્વરસિંહ પટેલના પ્રેરક ઉપસ્થિતિમાં "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જિલ્લા વહિવટીતંત્ર, ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરના ડેમ વ્યુ પોઈન્ટ -૧ ખાતે સવારે ૯:૩૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ તેમજ દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન દેશ-વિદેશના પતંગબાજો દ્વારા અવનવા અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરવામાં આવશે. જેમાં ૨૧ દેશોના ૪૫ તેમજ ગુજરાત સહિત ભારતના ૩૪ મળી કુલ ૭૯ પતંગબાજો ભાગ લેશે.

### અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના માનપુર ડાભા ગામમાં ખાતે

# સમસ્ત ક્ષત્રિય સમાજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા માનપુર ડાભા ખાતે સ્નેહ મિલન નો કાર્યક્રમ

• દિપક પરમાર ઘડિયા

સમસ્ત ક્ષત્રિય સમાજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા માનપુર ડાભા ખાતે સ્નેહ મિલન નો કાર્યકમ રાખેલ છે

તારીખ 18/01/2026 ની રવિવાર ના બપોરે 2 વાગે માનપુર ડાભા ગામમાં ખાતે આજરોજ મિટિંગ એ બાબતે યોજવામાં આવી દ્વારા માનપુર ગામમાં ખાતે Gkts ના દરેક કાર્યકર્તાઓ દ્વારા આજ રોજ બાયડ તાલુકા માનપુરા ડાભા ગામ ખાતે સ્નેહમિલન નો કાર્યક્રમ રાખેલ છે એ માટે બધી તૈયારી સારું રીતે યોજાય એ માટે Gkts ના દરેક કાર્યકર્તાઓ આગેવાનો દ્વારા મિટિંગ કરવામાં આવી તેમાં દરેક આગેવાનો કાર્યકર્તાઓ હાજરી આપી હતી



# તણછાની શિબિરમાં ૫૪ ખેડૂતોને નવીનતમ કૃષિ તકનીકોનું ભાથું મળ્યું

ખેતીમાં આધુનિકરણનો પવન ફૂંકાયો



• ભરૂચ (તણછા),

ખેડૂતો ખેતી ખર્ચ ઘટાડી આધુનિક પદ્ધતિ દ્વારા વધુ નફો મેળવી શકે તેવા ઉમદા હેતુ સાથે તણછા ખાતે એક દિવસીય કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ શિબિરમાં પ્રાયોગિક નિદર્શન દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીના પાઠ ભણાવવામાં આવ્યા હતા.

કૃષિ સંશોધન કેન્દ્રના વડા ડૉ. અંકિત ગઢિયાના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડૂતોને કેન્દ્ર ખાતે વિકસાવવામાં આવેલા તુવેર, તરબૂચ, પાપડી અને દિવેલાના નિદર્શન પ્લોટની પ્રત્યક્ષ મુલાકાત કરાવાઈ હતી. શિબિરમાં સરદાર સરોવર નિગમના નિષ્ણાત પ્રતિક પટેલે સંકલિત પોષણ વ્યવસ્થાપન અંગે, જ્યારે આમોદ અને વાગરાના ખેતીવાડી વિસ્તરણ અધિકારીઓએ સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ અને કાર્યપદ્ધતિ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ટી.આર. અહલાવતના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયેલી આ શિબિરમાં ૫૪ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લઈ કૃષિ તકનીકોમાં આવતા વૈશ્વિક પરિવર્તનોની જાણકારી મેળવી હતી.

અભિયાન

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ- ૨૦૨૬ અંતર્ગત

# ઉતરાયણ પૂર્વે પોરબંદરમાં ટ્રાફિક પોલીસ અને માહી ગ્રુપનો સંયુક્ત સલામતી અભિયાન

## વાહન ચાલકોના વાહનો પર સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા

• વિરમભાઈ કે.આગઠ

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ- ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત પોરબંદર જિલ્લામાં પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબાનાઓનાં સૂચન અને માર્ગદર્શન હેઠળ વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આવનારા ઉતરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને પોરબંદર ખાતે આજે ટ્રાફિક પોલીસ અને માહી ગ્રુપ ઓફ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે વાહનચાલકોની સલામતી માટે વિશેષ અભિયાન યોજાયું હતું. આ કાર્યક્રમના પ્રારંભે ભારતીય પ્રણાલી મુજબ આગતા સ્વાગતના પ્રસંગમાં ડી.વાય. એસ.પી. ઋતુ રાબાનાઓનું સ્વાગત માહી ગ્રુપના પથદર્શક માર્ગદર્શક ડૉ. સુરેશભાઈ ગાંધી દ્વારા પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું હતું. જ્યારે પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી ડૉ. સુરેશભાઈ ગાંધીનું સ્વાગત ટ્રાફિક શાખાના પી.એસ. આઈ. કે.બી. ચૌહાણ દ્વારા પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન વાહન ચાલકોના વાહનો પર સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા તેમજ ઉતરાયણ દરમ્યાન થતી દોરીથી થનારી અકસ્માતની શક્યતાઓ અંગે વિશેષ સલાહ સૂચનાઓ આપવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને પોતાના વ્હાલસોયા નાના બાળકોને સ્કૂટર/બાઈક પર આગળ બેસાડવા નહીં તેમજ વાહન ચલાવતી વખતે ગળામાં દુપટ્ટો કે રૂમાલ રાખવો અને ખાસ ફરજિયાત હેલ્મેટ પહેરવું તથા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અંગે સમજાવટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ટ્રાફિક પી.એસ. આઈ. કે.બી. ચૌહાણ, કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. જે.એલ. જાડેજા, ટ્રાફિક શાખાની ટીમ તેમજ માહી ગ્રુપના પથદર્શક માર્ગદર્શક ડૉ. સુરેશભાઈ ગાંધી, પ્રમુખ કમલભાઈ ગોસલીયા, ટ્રસ્ટી ઘનશ્યામભાઈ મહેતા, વિનસભાઈ ગોસલીયા, સેક્રેટરી ગજેન્દ્રભાઈ વ્યાસ, ઉપપ્રમુખ અનિલભાઈ બથિયા, સહખજાનચી જયેશ ભાઈ પાઉં, કમિટી મેમ્બર કરાભાઈ પાંડવ, જીતુભાઈ મજીઠીયા, જયેશભાઈ સાદીયા, કમલભાઈ મોઢા, દેવ ગોસલીયા સહિતના સભ્યો અને મિત્રો હાજર રહ્યા હતા. ટ્રાફિક પોલીસ અને માહી ગ્રુપ ઓફ પોરબંદરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં પોરબંદર ની જાહેર જનતાએ મોટી સંખ્યામાં હાજરી આપી અને માર્ગ સલામતી અંગેની મહત્વપૂર્ણ માહિતીનો લાભ લીધો હતો.



પરીક્ષાના તણાવભર્યા સમયમાં માનસિક રીતે મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી

# JCI દહેગામનો બોર્ડ પરીક્ષાર્થીઓ માટે યોજાયો 'સ્ટ્રેસ ફ્રી' સેમિનાર

માર્ગદર્શન અપાયું

તણાવમુક્ત પરીક્ષા આપવા વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન

• ગાંધીનગર

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ (JCI) દહેગામ દ્વારા બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે 'સ્ટ્રેસ ફ્રી મેનેજમેન્ટ' વિષય પર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દહેગામ કોલેજના હોલ ખાતે યોજાયો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન માનસિક તણાવથી મુક્ત રાખી આત્મવિશ્વાસપૂર્વક પરીક્ષા આપવા પ્રોત્સાહિત કરવાનો હતો. દહેગામ અને આસપાસની વિવિધ શાળાઓમાંથી અંદાજે 300 જેટલા વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની આ મોટી સંખ્યાએ સેમિનાર પ્રત્યેનો તેમનો રસ અને તેની જરૂરિયાત દર્શાવી હતી. સેમિનારમાં દહેગામ કોલેજના આચાર્ય હિતેશભાઈ ભટ્ટ મુખ્ય મહેમાન તરીકે




ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, 'માર્કશીટ એ જીવનનો એક પડાવ માત્ર છે, પરંતુ સમગ્ર જીવન તેનાથી ઘણું વધારે મૂલ્યવાન છે. પરીક્ષાના ગુણ આપણા જીવનની સંપૂર્ણ વ્યાખ્યા નથી.' તેમણે વિદ્યાર્થીઓને તણાવને જીવન પર હાવી ન થવા દેવા અને સંતુલિત જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી. આ સેમિનારમાં મુખ્ય ટ્રેનર તરીકે જેસીઆઈના ઝોન ટ્રેનર જેસી સોનલ શાહે મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે તણાવ શું છે, તે મન અને શરીર પર કેવી રીતે અસર કરે છે, અને ખાસ કરીને પરીક્ષાના સમયગાળામાં તે કેવી રીતે વધે છે તે અંગે વિસ્તૃત સમજૂતી આપી. જેસી સોનલ શાહે જણાવ્યું કે, યોગ્ય સમય વ્યવસ્થાપન, સકારાત્મક વિચારસરણી, નિયમિત અભ્યાસ અને આરોગ્યપ્રદ જીવનશૈલી દ્વારા તણાવને નિયંત્રિત કરી શકાય છે. તેમણે વિવિધ પ્રેક્ટિકલ એક્ટિવિટીઝ, સરળ ઉદાહરણો અને સંવાદાત્મક અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને તણાવમાંથી બહાર આવવાના સરળ ઉપાયો સમજાવ્યા. તેમણે વિદ્યાર્થીઓને શ્વાસ-પ્રશ્વાસની ટેકનિક, ધ્યાન, સકારાત્મક સ્વ-સંવાદ અને જીવનને આનંદમય બનાવવાના અસરકારક પગલાં વિશે માર્ગદર્શન આપ્યું. સેમિનારમાં ઓછા માર્ક્સ આવતા જીવન ટૂંકાવવાના ખોટા વિચારો પર કેવી રીતે કાબુ મેળવવો અને હંમેશા હકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવો તે અંગે સંવેદનશીલ સંદેશ આપવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પૂર્વ પ્રમુખ જેસી મહેન્દ્ર પ્રજાપતિ, જેસી જૈનિક શાહ, જેસી હિતેશ શાહ, જેસી ગુરુ મહેન્દ્રભાઈ પ્રજાપતિ, આઈપીપી વિવેક પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જેસીઆઈ દહેગામ દ્વારા આયોજિત આ સેમિનાર વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત સાબિત થયો, જેણે તેમને પરીક્ષાના તણાવભર્યા સમયમાં માનસિક રીતે મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.

# જેતપુરમાં રખડતાં શ્વાસનો આતંક ઘર પાસે રમતા બાળક પર હુમલો કરતા 6 ટાંકા આવ્યા

પાલિકાના ચીફ ઓફિસરે કહ્યું શ્વાનનું ખસીકરણ કરાશે

• સુરેશ ભાલીયા જેતપુર,



જેતપુરમાં રખડતા શ્વાનનો આતંક યથાવત છે. તાજેતરમાં, કોટડિયા વાડી પાસેની આસોપાલવ સોસાયટીમાં શેરીમાં રમતા બાળક પર શ્વાને હુમલો કર્યો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. હુમલામાં બાળકને ગંભીર ઈજા પહોંચતા તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને છ ટાંકા લેવા પડ્યા હતા. આ ઉપરાંત, અન્ય એક બાળકને પણ શ્વાને બચકા ભર્યા હોવાના અહેવાલ છે. આ ઘટનાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પાલિકા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. જેતપુર શહેર અને પંથકમાં શ્વાન કરડવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. જેતપુર સરકારી હોસ્પિટલમાં ડિસેમ્બર મહિનામાં 450 જેટલા શ્વાન કરડવાના કેસ નોંધાયા હતા. છેલ્લા ત્રણ મહિનામાં કુલ 1200 થી વધુ કેસ નોંધાયા છે, જ્યારે ચાલુ જાન્યુઆરી મહિનામાં પણ 100 જેટલા કેસો નોંધાઈ ચૂક્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં ચોવીસેય કલાક શ્વાનનો જમાવડો રહે છે, જેના કારણે શાળાના વિદ્યાર્થીઓ, બાઈક ચાલકો અને પગપાળા જતા લોકો ભયના ઓથાર હેઠળ રસ્તો પસાર કરવા મજબૂર બન્યા છે. નગરપાલિકા તાત્કાલિક ધોરણે શ્વાનને પકડી, તેમનું ખસીકરણ અને રસીકરણ કરે તેવી વ્યાપક માંગ ઉઠી છે. આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર પાર્થિવ પરમારનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, નગરપાલિકા શ્વાનની વસ્તી ગણતરીની પ્રક્રિયા કરી રહી છે. સરકારે શ્વાનને પકડ્યા બાદ એનિમલ હોસ્ટેલ માટે જગ્યાની માંગણી કરી છે. જગ્યા મળ્યા બાદ ત્વરિત શ્વાનનું ખસીકરણ કરી તેમની વધતી વસ્તી પર કાબુ મેળવવામાં આવશે. ચીફ ઓફિસરના જવાબ પરથી સ્પષ્ટ થાય છે કે શહેરીજનોને શ્વાનના આતંકથી હાલ કોઈ તાત્કાલિક રાહત મળી શકે તેમ નથી. છેલ્લા ત્રણ મહિનામાં કુલ 1230 જેટલા શ્વાન કરડવાના કેસો નોંધાયા છે, જેમાંથી ૧૩૨ જેટલા લોકોને હડકાયા શ્વાન કરડ્યા હતા. દરરોજ સરેરાશ 10 થી 12 દર્દીઓ શ્વાન કરડ્યા હોવાની સારવાર લેવા માટે આવે છે, જેમાં બાળકો, વૃદ્ધો અને યુવાનોનો સમાવેશ થાય છે.

# મેઘલપુર પાણી જુથ યોજનાનીમંત્રીએ મૂલાકાત લીધી, અનેક સૂચનો કર્યા



• દિપક પરમાર ઘડિયા

ખેડા જીલ્લાના માતર તાલુકાના પરિએજ ગામે આવેલા તળાવમાંથી ચાલતી સોજીત્રા વિધાનસભાના મેઘલપુર પાણી જુથ યોજનાની ગુજરાત રાજ્ય કક્ષાના જળસંપત્તિ,પાણી પુરવઠા મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ,સોજીત્રા વિધાનસભાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ તથા માતર વિધાનસભાના ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમારે મુલાકાત લઈ ચાલી રહેલ યોજનાઓની માહિતી મેળવી સાથે નાગરિકોને પીવાના પાણીની તકલીફ ન થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી

## આણંદમાં શખ્સ પાસેથી ચોરીના 9 મોબાઇલ ફોન પકડાયા

આણંદ : આણંદ એલસીબી પોલીસે વડતાલ જોળ રોડ ઉપર આવેલ એક દુકાનનું શટર તોડી ચોરી કરનાર શખ્સને આણંદના શાી મેદાન નજીકથી ઝડપી પાડયો હતો પોલીસે તેની પાસેથી ચોરીના ૯ મોબાઈલ ફોન કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

આણંદ એલસીબી પોલીસની ટીમ ગત રોજ પેટ્રોલિંગમાં હતી દરમિયાન આણંદના પરિવાર પાર્ટી પ્લોટ પાછળ દાતાર સોસાયટીમાં રહેતો આરીફ યુસુફભાઈ વોહરા ચોરી કરેલા મોબાઈલ ફોનો લઈને વેચવા માટે આણંદના શાી મેદાન નજીક આવનાર હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમ શાી મેદાન નજીક વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન શખ્સ સ્કૂલ બેગ સાથે આવી ચડતા પોલીસે તેને ઝડપી પાડયો હતો. પોલીસે સ્કૂલ બેગમાં તપાસ કરતા અંદરથી અલગ અલગ નવ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જે બાબતે પૂછતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો અને આ મોબાઈલ ફોન ચોરીથી મેળવ્યા હોવાનું જાણવા મળતા પોલીસે રૂપિયા ૨.૧૨.૯૯૧ના નવ મોબાઈલ ફોન જપ્ત કરી આરીફ વોહરાની પૂછપરછ કરતા આ મોબાઈલ ફોન તેણે પોતાના અન્ય બે સાથીદારો સાથે મળી વડતાલ જોળ રોડ ઉપર આવેલા એક દુકાનમાંથી ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે તેને વધુ તપાસ અર્થે વડતાલ પોલીસ મથકના હવાલે કર્યો હતો.

અમદાવાદમાં હાઈપ્રોફાઈલ હનીટ્રેપનો પર્દાફાશ

# બિલ્ડર પાસે 10 કરોડ માંગનાર NCP નેતા અને યુવતીની ધરપકડ

• અમદાવાદ

શહેરના જાણીતા બિલ્ડરને પ્રેમજાળમાં ફસાવી, અંગત પળોનો વીડિયો ઉતારી 10 કરોડની ખંડણી માંગવાના મસમોટા ષડયંત્રનો અમદાવાદ સાયબર ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે 'સત્યા ટાઈમ્સ'ના તંત્રી અને ગુજરાત NCPના ઉપપ્રમુખ અશ્વિન ચૌહાણ સહિત મુખ્ય સૂત્રધાર સુનિતા ઉર્ફે એની રાજપૂતની ધરપકડ કરી છે. સ્પાય કેમેરાથી રેકોર્ડ કરેલા વીડિયોના આધારે બિલ્ડરને સોશિયલ મીડિયામાં બદનામ કરવાની ધમકી આપી કરોડો રૂપિયા પડાવવાનો કારસો રચવામાં આવ્યો હતો.




ઘટનાની વિગત મુજબ, ફરિયાદી બિલ્ડરનો સંપર્ક 6 મહિના પહેલા એક યુવતી સાથે થયો હતો. આ યુવતીએ બિલ્ડરને સુનિતા રાજપૂતના ઘરે બોલાવી શારીરિક સંબંધ બાંધ્યા હતા, જેનું શૂટિંગ સુનિતાએ સ્પાય કેમેરાથી કરી લીધું હતું. ત્યારબાદ પત્રકાર અને રાજકીય નેતા અશ્વિન ચૌહાણે બિલ્ડરને વોટ્સએપ પર વીડિયો મોકલી 50 કરોડની માંગણી કરી હતી, જે રકઝક બાદ 10 કરોડ પર નક્કી થઈ હતી. બ્લેકમેઈલિંગથી કંટાળેલા બિલ્ડરે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો સંપર્ક કરતા સાયબર ક્રાઈમે છટકું ગોઠવી બે આરોપીઓને દબોચી લીધો હતો. તપાસમાં સામે આવ્યું છે કે સુનિતા અને તેના ફરાર પ્રેમી પ્રેમજીત ગિલે આ આખું કાવતરું રચ્યું હતું. હાલ પોલીસ ફરાર આરોપીઓની શોધખોળ કરી રહી છે અને પકડાયેલા આરોપીઓના ફોનમાંથી મહત્વના પુરાવાઓ જપ્ત કર્યા છે.

# અંબાજી ખાતે શ્રી શંભુ પંચ દસનમ આવાહન અખાડા દ્વારા સાધુ મહામેળાનું આયોજન

• અરવિંદ અગ્રવાલ અંબાજી

શક્તિપીઠ અંબાજી ખાતે 2026ની મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે શ્રી શંભુ પંચ દસનમ આવાહન અખાડા દ્વારા સાધુ મહામેળાનું આયોજન કરવામાં આવ્યું છે. 11 થી 15 જાન્યુઆરી દરમિયાન યોજાનારા આ પાંચ દિવસીય કાર્યક્રમમાં ભારતભરમાંથી હજારોની સંખ્યામાં નાગા સાધુ-સન્યાસીઓ શાહી સ્નાન કરશે. અંબાજીમાં શાહી સ્નાનની આ પરંપરા છેલ્લા ચાર વર્ષથી ચાલી આવે છે અને આ વર્ષે તેનું પાંચમુ આયોજન છે. આ પ્રસંગે ફરી એકવાર અંબાજીમાં સંતોનો જમાવડો જોવા મળશે. કાર્યક્રમની શરૂઆત 11મી જાન્યુઆરીના રોજ સંતોના આગમન સાથે થશે. ત્યારબાદ ગણપતિ પૂજા, ધર્મધજા સ્થાપન, ગૌ પૂજા અને કન્યાપૂજન જેવી વિવિધ ધાર્મિક વિધિઓ યોજાશે. મકરસંક્રાંતિ 14મી જાન્યુઆરીએ બપોરે ત્રણ કલાકે શરૂ થતી હોવાથી, મુખ્ય શાહીસ્નાન 15મી જાન્યુઆરીએ સૂર્યોદય સમયે કરવામાં આવશે. આ પવિત્ર દિવસો દરમિયાન રાત્રિના સમયે અંબાજીના માનસરોવર કુંડ ખાતે ગંગા આરતીનું પણ આયોજન કરાયું છે. 15મી જાન્યુઆરીએ સાધુ-સંતોના શાહી સ્નાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે. અંબાજી ગામના નાગરિકો અને સાધુ-સંતો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારીઓ ચાલી રહી છે. શ્રી શંભુ પંચદશનમ આવાહન અખાડા શાખા અંબાજી દ્વારા તમામ ભાવિક ભક્તોને આ ધાર્મિક કાર્યક્રમમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




## પતરાવાળી ચોકમાં વર્ષો જુના અનેક કોમ્પ્લેક્સ જર્જરિત

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર શહેરના હાર્દ સમાન પતરાવાળી ચોકથી ટાંકી ચોક સુધીના વિસ્તારમાં આવેલા અનેક કોમ્પ્લેક્સ હાલ અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. વર્ષો જૂના આ બાંધકામોમાં પીલરના સળિયા બહાર આવી ગયા છે અને દિવાલોમાં મોટી તિરાડો પડી ગઈ છે. ખાસ કરીને મૂળી તાબાના સ્વામિનારાયણ મંદિર પાસે આવેલું કોમ્પ્લેક્સ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં છે. આ મુખ્ય બજારનો માર્ગ હોવાથી અહીં રોજના હજારો લોકો ખરીદી માટે આવતા હોય છે, વળી નીચેના ભાગે અનેક વેપારીઓની દુકાનો આવેલી છે, જેના કારણે જાનમાલના નુકસાનનું જોખમ સતત તોળાઈ રહ્યું છે. સ્થાનિકો અને વેપારીઓમાં ભયનો માહોલ છે કે જો જર્જરિત ભાગનો કાટમાળ ઉપરથી પડે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. આ ગંભીર સ્થિતિને જોતા મહાનગરપાલિકાની ટીમ તાત્કાલિક અસરથી આ બિલ્ડિંગોનો સર્વે કરે તેવી માંગ ઉઠી છે. જવાબદાર તંત્ર જર્જરિત કોમ્પ્લેક્સના માલિકોને નોટિસ ફટકારી તેનું સમારકામ કરાવે અથવા જોખમી ભાગ ઉતારી લે તેવી લોક માંગ પ્રબળ બની છે. કોઈ માસૂમનો જીવ જાય તે પહેલા તંત્ર જાગે અને 'મોતના માચડા' સમાન આ ઈમારતો પર કાર્યવાહી કરે તે અનિવાર્ય છે.

વિરોધ — નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં ગેરકાયદે ગેસ્ટ હાઉસ તોડી પાડતા વિવાદ

# ચોટીલામાં મેગા ડિમોલીશન : ડુંગર તળેટીમાં 400 થી વધુ ગેરકાયદે દબાણ પર જેસીબી ફર્યું

### રૂ. 105 કરોડની 17 એકર સરકારી જમીન ખુલ્લી કરવાઈ

• સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાનું પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા, જ્યાં માં ચામુંડાના દર્શનાર્થે પ્રતિદિન હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ત્યાં આજે વહીવટી તંત્ર દ્વારા ઐતિહાસિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વર્ષોથી ડુંગરની તળેટી અને હાઈવે સુધીના મુખ્ય માર્ગ પર જમાવાયેલા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરી ૪૦૦થી વધુ ગેરકાયદે દબાણ પર જેસીબી ફેરવી દઈ રૂ.૧૦૫ કરોડની ૧૭ એકર સરકારી જમીન ખુલ્લી કરવાઈ હતી. તેમજ નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં ત્રણ માળનું ગેસ્ટ હાઉસ પણ તોડી પાડવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા દબાણ હટાવી યાત્રાળુઓ માટે રસ્તો મોકળો કરવામાં આવ્યો છે.

ચોટીલા ખાતે ડુંગર તળેટીમાં રસ્તાની બંને બાજુ આવેલ અંદાજે ૪૦૦થી ૪૫૦ જેટલા દુકાનદારો દ્વારા દુકાનની આગળ પતરાના શેડ તથા સ્ટોલ ઊભા કરીને રસ્તા પર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા હતા. દુકાનદારોને સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. જોકે, દબાણ દૂર ન થતાં સવારે ૧૦ કલાકે નાયબ કલેક્ટર



એચ.ટી. મકવાણા અને મામલતદારની ટીમે દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરી હતી. આ ઝુંબેશમાં મોજે નાના પાળીયાદ અને ચોટીલાની સરકારી જમીન પરના દબાણો દૂર કરાયા હતા. સરકારી જમીન પર કરેલ દબાણો દૂર કરવામાં આવતા કિંમત રૂ.૧૦૫ કરોડની અંદાજે ૧૭.૦૦ એકર સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ચોટીલાની સરકારી જમીન પર મફતિયાપરા તરફ જવાના રસ્તાની જમણી બાજુએ આવેલા નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં આવેલું ત્રણ માળનું ખાનગી ગેસ્ટ હાઉસ પણ આ કાર્યવાહી હેઠળ દૂર કરવામાં આવી રહ્યું છે. જેને લઈ ચોટીલા મહંત પરિવાર દ્વારા આ મામલે વિરોધ કરતા પોલીસ દ્વારા મહંત સહિત પરિવારજનોને પોલીસ મથકે લઈ જવાતા શ્રદ્ધાળુઓમાં રોષ જોવા મળ્યો હતો.

ખુલ્લી કરાયેલી જમીન પર ટૂંક સમયમાં તાર ફેન્સિંગ કરવામાં આવશે અને રસ્તાને વિકાસ પથ/સુવિધા પથ તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. સરકારી જમીનની જાળવણી માટે વિગતવાર કાર્યક્રમ પણ જાહેર કરવામાં આવશે. ચામુંડા માતાજીના દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ હેરાનગતિ કે અગવડતા ના પડે તેમજ શ્રદ્ધાળુઓને અવર જવર કરવા માટે ૪૦ ફૂટ પહોળાઈનો રસ્તો રાખેલ છે. પરંતુ આ રસ્તાની બંને બાજુના દુકાનદારો દ્વારા અંદાજે ૧૦-૧૦ ફૂટ જેટલું ગેરકાયદેસર દબાણ કરી ૪૦ ફૂટનો રસ્તો માત્ર ૨૦ ફૂટ જેટલો સાંકડો થઈ જતા શ્રદ્ધાળુઓને દર્શનાર્થે આ રસ્તા પર પસાર થતા હાલાકી પડતી હતી. ત્યારે હવે રસ્તા પરના દબાણો દૂર થતા રસ્તો પહોળો થતા શ્રદ્ધાળુઓને પડતી મુશ્કેલીમાંથી રાહત મળી છે.

: ભાવનગરની આર્થિક જીવાદોરીમાં અલંગ અને ખેતીવાડી મુખ્ય

# જિલ્લાના 1478 માછીમારોનું વાર્ષિક 2000 મેટ્રીક ટનનું મત્સ્ય ઉત્પાદન : સરકારી સહાય મર્યાદિત

મહત્વપૂર્ણ — ભાવનગરના મત્સ્ય ઉદ્યોગ મંત્રી માટે વિકાસની તક મહતવ પૂર્ણ

ભાવનગર : ભાવનગરની આર્થિક જીવાદોરીમાં અલંગ અને ખેતીવાડી મુખ્ય છે. જ્યારે હીરા ઉદ્યોગ મંદીમાં ફસાયો છે. જ્યારે ૧૫૨ કિ.મી.નો મસમોટો દરિયા કાંઠો હોવા છતા મત્સ્ય ઉદ્યોગ મૃતપાય હાલતમાં જોવા મળે છે. જિલ્લાના ૧૪૭૮ માછીમારો દ્વારા વાર્ષિક ૨૦૦૦ મે. ટનનું હાલ ઉત્પાદન છે. પરંતુ જે કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસીંગ પ્લાન્ટ, બોટ લેન્ડીંગ સેન્ટરો વિકસાવાય તો આ ઉદ્યોગને પણ ગતિ મળી શકે તેમ છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ જિલ્લામાં કુલ મત્સ્ય ગામ ૨૩ છે, જેમાં ૯ મત્સ્ય કેન્દ્ર, મીઠા પાણીના ૪૩ જળાશયો જે ૪૬૯૦ હેક્ટરમાં વિસ્તરેલ છે જેમાં ૧૪૭૮ માછીમારો સક્રિય હોવાનું જણાય છે. ભાવનગરમાં ત્રણ પ્રકારે આ ઉદ્યોગ આકાર લીધો છે. દરિયાઈ મત્સ્ય ઉદ્યોગ ભાવનગર, ઘોઘા, સરતાનપર, મહુવા જ્યાંથી ૩૭૬ બોટો દરિયામાં જવા માટે રજિસ્ટ્રેશન થયેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૭૨ લાભાર્થીને ૪૮.૭૪ લાખની સહાય સાધનો માટે અપાઈ છે. જ્યારે મીઠા પાણીના મત્સ્ય ઉદ્યોગ ઘેલો, કાળુભાર, કેરી, ખળખાલીયો, લીલકા, પડાલીયો, ભાદ્રોડી, માલણ, રજાવળ, શેત્રુંજી, તળાજી, માલેશ્રી, રોજકી, બગડ, ઉતાવળી નદી પરના ૪૩ જળાશયો ઈજારા પર આપી વાર્ષિક ૧.૪૭ કરોડની આવક તંત્રને થાય છે. જો કે, હાલ ૧૨ ઈજારા શરૂ હોવાનું જણાયું છે. જ્યારે ત્રીજી પદ્ધતિ ભાંભરા પાણીની છે. જે ઘોઘા, ગણેશગઢ, અધેલાઈ, ગુંદાળા, સરતાનપર વગેરે ગામોમાં કુલ ૪૦૦ હેક્ટરમાં જમીન ફાળવાય છે. હાલ ૨૫૭ હેક્ટર જીંગા ઉછેર માટે ફાળવાઈ છે. જેનું વાર્ષિક ૧૨૦ ટન જીંગા ઉત્પાદન થાય છે. આમ પદ્ધતિસરનો મત્સ્ય ઉદ્યોગ કરવા ઉત્તમ વાતાવરણ અને પર્યાપ્ત જમીન દરિયો હોવા છતા ત્રણે મળી કુલ વાર્ષિક ૨૦૦૦ મે. ટન ઉત્પાદન માંડ થાય છે. જે સ્થાનિક કક્ષાએ કે વધીને રાજ્યના જિલ્લાઓમાં સપ્લાય થતું હોવાનું જણાય છે. જિલ્લાના માછીમારો ગરીબ અને વેપારમાં સિમીત રહ્યા છે. તો તંત્રની ઉ ાસીનતાના કારણે કચેરીમા કાયમી અધિકારીની ખોટ વર્તાય છે. જ્યારે અગાઉ અને હાલ ભાવનગરના રાજકીય આગેવાનો મત્સ્ય ઉદ્યોગ મત્રી હોય ત્યારે અન્ય જિલ્લાની તુલનામાં અહિ કોલ્ડ સ્ટોરેજ, પ્રોસેસીંગ પ્લાન્ટ કે લેન્ડીંગ બોટ સેન્ટરો જેવી વિશેષ સુવિધા વિકસાવાય તો આ મત્સ્ય ઉદ્યોગને પણ વેગ મળી શકે અને પગડીયા માછીમારોમાંથી વેપારી માછીમાર બની આર્થિક સમૃદ્ધ બની શકે.

બે પ્રકારના પાણીમાં થતો મત્સ્ય ઉદ્યોગમાં દરિયાઈ ખારા અને ભાંભરા પાણીમાં બુમ્બલા, પાપલેટ, શેરવો, સુરમાઈ, કારી, મગરા, લેપટા, કરચલાનું ઉત્પાદન થાય છે તો મીઠા પાણીમાં કાલા, રોડુ, મિગલનું ઉત્પાદન થાય છે જેના બ્રીડ ચોમાસા દરમિયાન દક્ષિણ ગુજરાતમાંથી લાવી નાખવામાં આવે છે અને ૧૫ ઓગસ્ટથી ૧ જુન ૭૬ દિવસ સિવાયના દિવસોમાં ઉછેર કરી વેચાણ કરાય છે. જો સહાયની વાત કરીએ તો પી.એમ.એમ.એસ.વાય. યોજના હેઠળ ત્રણ વર્ષમાં ૨૪ લાભાર્થીને દરિયાઈ માટે સાધન પેટે ૫.૬૦ લાખ, ઈન્સ્યુલેટેડ વાન માટે ૮ લાભાર્થીને ૩૨.૯૧ લાખ, રેફ્રીઝરેટર માટે ૧૦ લાખની સહાય ચુકવાઈ તો મીઠા પાણી માટે ટીનબોટ નેટ, મત્સ્ય બીજ સંગ્રહ બોક્સ, પગડીયા માટે ૯૨ લાભાર્થીને ૧૯.૭૯ લાખની સહાય ચુકવાઈ છે. મત્સ્ય ઉદ્યોગ માટે અગાઉના કાર્યકાળમાં પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ યોજના હેઠળ ચુકવણું કરાતું હતું જેને તાજેતરમાં અપડેટ કરી નેશનલ ફીશરીઝ ડેવલોપમેન્ટમાં તબદીલ કરાયેલ છે. આ નવા એનએફડીપી પોર્ટલ પર ચાલુ વર્ષથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ છે. જેમાં જાણવા મળ્યા મુજબ ૩૩૦૩ પૈકીના ૨૮૩૨ માછીમારોનું રજિસ્ટ્રેશન પૂર્ણ થયું હોવાનું જણાય છે. જેમાં આગામી દિવસોમાં તબક્કાવાર સહાય જાહેર કરવામાં આવશે.

# કરજણ ઝેટકો સબ સ્ટેશનમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો

### તસ્કરોએ પથ્થરમારો કરતા ગનમેને પોતાના બચાવ અર્થે ફાયરિંગ કર્યું, એક ચોર ઘાયલ

• સૈફ અલી ભટ્ટી વાગરા

વડોદરા જિલ્લાના કરજણ ખાતે ઝેટકો સબ સ્ટેશન માં ગત રાત્રીએ ચોરીનો પ્રયાસ કરનાર તસ્કરો અને સિક્યુરિટી જવાનો વચ્ચે ભારે અથડામણ સર્જાઈ હતી. ઘટનામાં સિક્યુરિટી ગનમેને આત્મરક્ષામાં ફાયરિંગ કરતા એક ચોરને ડાબાહાથમાં ગોળી વાગી ઈજા પહોંચી હતી, 2 તસ્કરોને સ્થળ પરથી કરજણ પોલીસે ઝડપી લીધા મોડી રાત્રે તસ્કરો ઝેટકો સબ સ્ટેશન ની દીવાલ કૂદી અંદર પ્રવેશ્યા હતા. ચોરી કરવાની નીતિ સાથે પ્રવેશ કરેલા તસ્કરો પર સિક્યુરિટી જવાનોની નજર પડતાં તરત જ તેમને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ચોરોએ સિક્યુરિટી કર્મચારીઓ પર પથ્થરમારો કરી હુમલો કર્યો હતો, જેના કારણે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. ચોરોના હુમલાના જવાબમાં ફરજ પર હાજર ગનમેને આત્મરક્ષા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે ફાયરિંગ



કર્યું હતું. ગોળી લાગતાં એક ચોરના હાથના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ દરમિયાન સિક્યુરિટી સ્ટાફ અને ગનમેને બે તસ્કરોને પકડી પાડવામાં સફળતા મેળવી હતી, જ્યારે એક અન્ય ચોર અંધારાનો લાભ લઈ ફરાર થવામાં સફળ ઘટનાની જાણ થતા જ કરજણ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલાની તપાસ હાથ ધરી હતી અને ઘાયલ થયેલા ચોરને સારવાર માટે વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળે છે. પોલીસ દ્વારા પકડાયેલા બંને તસ્કરોની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તેમની પાસેથી અન્ય ચોરીની ઘટનાઓ અંગે મહત્વની માહિતી મળવાની શક્યતા છે. ઉપરાંત, ફરાર તસ્કરની શોધખોળ માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે સમગ્ર ઘટનાને લઈને વધુ તપાસ ચાલુ રાખી છે.

# બીનવારસી મળેલ મોટરસાયકલ મુળ માલીકને પરત આપતી જેતપુર તાલુકા પોલીસ



• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર તથા જેતપુર વિભાગના નાયબ પોલીસ અધીક્ષક આર.એ.ડોડીયા નાઓએ જીલ્લામાં બનતા વણશોધાયેલ મિલકત વિરૂધ્ધના ગુન્હાઓ શોધી કાઢવા માર્ગદર્શન તથા સુચનાઓ આપેલ હોય. જે અન્વયે અમો પોલીસ ઈન્સપેક્ટર એ.એમ.હેરમાની રાહબરી હેઠળ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા જે દરમ્યાન ખીરસરા ગામે જાહેર રોડ પર એક હિરો સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી. નં. GJ-03-NG-3343 વાળુ બીનવારસી હાલતમાં મળી આવતા કબજે કરી ઈ-ગુજકોપ તથા પોકેટકોપ મોબાઈલથી સર્ચ કરી મોટરસાયકલના મુળ માલીકની શોધખોળ કરી મુળ માલીક આલોકકુમાર રક્ષા રામ રહે. રાજકોટ વાળાને બોલાવી દસ્તાવેજની ચકાસણી કરી માલીક અંગે ખરાઈ કરી મુળ માલીકને મોટરસાયકલ પરત સોંપી સરાહનીય કામગીરી કરેલ છે.

## સુરેન્દ્રનગરમાં ઘર હો તો ઐસાના છઠ્ઠા માળે ફ્લેટમાં આગ લાગી

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં આગના બનાવો વધી રહ્યા છે ત્યારે શહેરની મધ્યમાં જીનતાન રોડ પર આવેલ ઘર હો તો ઐસા ફ્લેટના એક ફ્લેટમાં મોડી રાત્રે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જેની જાણ મહાનગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતા સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

શહેરની મધ્યમાં આવેલ ઘર હો તો ઐસાના છઠ્ઠા માળે આવેલ ફ્લેટ નંબર ૬૦૬ માં અચાનક મોડી રાત્રે આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ફ્લેટમાં રહેતા તમામ લોકો સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતા જાનહાનિ ટળી હતી. જ્યારે ફ્લેટમાં રહેલ ફનચર, વીજ ઉપકરણો, માલ સામાન સહિતનો મુદ્દામાલ આગમાં બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુક્શાન પહોંચ્યું હતું. આગના બનાવ અંગે મહાનગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતા ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે પ્રાથમિક તપાસમાં ફ્લેટમાં રહેલ હીટરમાં ખામી સર્જાતા આગ લાગી હોવાનું હાલ અનુમાન સેવાઈ રહ્યું છે.

ઉપલેટા આદર્શ સોસાયટી પાસેથી વિદેશી દારૂ ભરેલ કાર ઝડપાઈ : LCBની કાર્યવાહી

# LCBએ વિદેશી દારૂ, કાર, મોબાઈલ સહિત કુલ રૂ.૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

• ઉપલેટા

ઉપલેટાના કોલકી રોડ પર આદર્શ સોસાયટી પાસે રૂરલ એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા.૬૨ હજારના વિદેશીદારૂ ભરેલી કાર સાથે ઉપલેટાના બે શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ ઉપલેટાના કોલકી રોડ પર એક કારમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની રૂરલ એલસીબીના એ.એસ.આઈ. શકિતસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, હેડકોન્સ કૌશીકભાઈ જોષી અને અરવિંદસિંહ જાડેજાને બાતમી મળતા ઉપલેટા કોલકી રોડ આદર્શ સોસાયટીમાં જવાના રસ્તે દરોડો પાડી રૂા. ૬૨,૭૪૦ની કિંમતની વિદેશી દારૂની ૨૦૭ બોટલ ભરેલી કારમાંથી ઉપલેટા બસ સ્ટેન્ડ પાછળ આદર્શ સોસાયટી શેરી નં. 3ના અજીત દિનેશભાઈ માંકડ સ્વામીનારાયણ સોસાયટી ભગવતી પાર્ક-૧ના કીશન સંગ્રામભાઈ સોલંકીને પકડી લઈ દારૂનો જથ્થો તથા બે મોબાઈલ ફોન અને કાર મળી રૂા. ૬,૦૨,૭૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



# ‘ઈસ્લામિક નાટો’માં સાઉદી અરેબિયા બાદ હવે તૂર્કિયેની એન્ટ્રી પાક્કી! અમેરિકા-ઈઝરાયલ એલર્ટ

## ત્રણ દેશોની શક્તિ એકબીજાની પૂરક



• નવી દિલ્હી

મધ્ય પૂર્વ અને દક્ષિણ એશિયાની સુરક્ષા વ્યવસ્થામાં ઐતિહાસિક બદલાવ થવા જઈ રહ્યો છે. સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તૂર્કિયે વચ્ચે એક મોટું ત્રિપક્ષીય સૈન્ય ગઠબંધન આકાર લઈ રહ્યું છે, જેને નાટો(NATO) જેવું જ શક્તિશાળી માનવામાં આવે છે.

સપ્ટેમ્બર 2024માં સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે એક સંરક્ષણ સમજૂતી થઈ હતી. આ સમજૂતીમાં નાટોના 'આર્ટિકલ-5' જેવી જોગવાઈ છે, જે મુજબ 'કોઈપણ એક દેશ પરનો હુમલો, તમામ દેશો પરનો હુમલો માનવામાં આવશે.' બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, તૂર્કિયે આ ગઠબંધનમાં સામેલ થવા માટે ખૂબ જ ગંભીર છે અને આ અંગેની વાતચીત અંતિમ તબક્કામાં છે.

નિષ્ણાતોના મતે, આ ત્રિપક્ષીય ગઠબંધન ઈઝરાયલના પ્રભાવને રોકવા અને પ્રાદેશિક વર્ચસ્વ જાળવી રાખવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થઈ શકે છે, કારણ કે આ ત્રણેય દેશોની ક્ષમતાઓ એકબીજાની પૂરક છે. જ્યાં સાઉદી અરેબિયા પાસે અઢળક નાણાકીય સંસાધનો અને આર્થિક શક્તિ છે, ત્યાં પાકિસ્તાન પરમાણુ હથિયાર, અત્યાધુનિક બેલેસ્ટિક મિસાઈલ અને વિશાળ સૈન્યબળ જેવી વ્યૂહાત્મક તાકાત ધરાવે છે. આ જોડાણમાં તૂર્કિયે તેની અત્યાધુનિક સંરક્ષણ ટૅક્નોલૉજી, ખાસ કરીને વિશ્વવિખ્યાત ડ્રોન ટૅક્નોલૉજી, મજબૂત સૈન્ય માળખું અને યુદ્ધના બહોળા અનુભવનો ઉમેરો કરે છે. આ રીતે, આર્થિક, પરમાણુ અને તકનીકી શક્તિનો આ સમન્વય પ્રાદેશિક સુરક્ષાના સમીકરણો બદલવાની ક્ષમતા ધરાવે છે.

ડોનાલ્ડ ટ્રમ્પના નાટો પ્રત્યેના અસ્પષ્ટ વલણને કારણે તૂર્કિયે હવે સુરક્ષા માટે વૈકલ્પિક રસ્તાઓ શોધી રહ્યું છે. તૂર્કિયે તેના પાંચમી પેઢીના ફાઈટર જેટ પ્રોજેક્ટ 'કાન'(KAAN)માં સાઉદી અને પાકિસ્તાનને સામેલ કરવા માંગે છે. આ ગઠબંધન સાઉદી અને તૂર્કિયે વચ્ચે વર્ષોથી ચાલી આવતા 'સુન્ની નેતા' બનવાના ટકરાવનો પણ અંત લાવશે.

પાકિસ્તાન આ ડીલ માટે એટલે પણ ઉતાવળું છે કારણ કે ગત વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ભારતે પાકિસ્તાનના અનેક સૈન્ય મથકોને તબાહ કર્યા હતા. આ ઉપરાંત, અફઘાનિસ્તાન સાથેના બગડતા સંબંધોને કારણે પાકિસ્તાન અલગ-થલગ પડી ગયું છે. તૂર્કિયે પાકિસ્તાન માટે યુદ્ધજહાજ બનાવી રહ્યું છે અને તેના F-16 વિમાનોને અપગ્રેડ પણ કરી રહ્યું છે. જો આ ત્રિપક્ષીય સમજૂતી પર મહોર લાગશે, તો દક્ષિણ એશિયાથી લઈને આફ્રિકા સુધીના ભૌગોલિક-રાજકીય સમીકરણો બદલાઈ જશે. તે માત્ર મધ્ય પૂર્વમાં જ નહીં, પરંતુ ભારત માટે પણ સુરક્ષાની દૃષ્ટિએ ચિંતાનો વિષય બની શકે છે.

---

# ન્યૂઝ ઇન ફોકસ

## અમે ગ્રીનલેન્ડની સુરક્ષા કરશું : ટ્રમ્પને ડેનમાર્કના વડાપ્રધાનનો જવાબ

**કોપનહેગન :** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત ગ્રીનલેન્ડ પર કબ્જો કરવાની ધમકી આપતા જ હવે આ સ્વાયત વિસ્તારનું સંચાલન કરી રહેલા ડેનમાર્કે વળતી ચેતવણીમાં જણાવ્યુ કે ગ્રીનલેન્ડની સુરક્ષા માટે અમે તૈયાર છીએ અને ડેનીસ આર્મી આખર સુધી લડશે.તેમણે કહ્યું કે, જો તેવું થશે તો નાટોના જ બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ થશે અને તે સમગ્ર નાટોને ખતમ કરશે. તેમણે કહ્યું કે અમેરિકા અગાઉથી જ ડેનમાર્ક પર વર્ચસ્વ ધરાવે છે. બંને દેશો વચ્ચે સુરક્ષા કરાર પણ છે અને અમેરિકા ગ્રીનલેન્ડમાં ખનીજ તત્વોનું પણ માઈનીંગ કરી શકે છે.તેથી ડેનમાર્ક પર કબ્જો કરવાની કોઈ જરૂર નથી. પરંતુ જો લશ્કરી પગલુ લેવાશે તો ચોકકસપણે અમે અમેરિકી સૈન્યને પહોંચી ન શકીએ પરંતુ અમે ગ્રીનલેન્ડની સુરક્ષા કરશું. તેમણે કહ્યું કે ગ્રીનલેન્ડના 57 હજાર નાગરિકોને અમેરિકાને વેચવા દેવાશે નહી. તેમણે એ પણ કહ્યું કે જો આ હુમલો થશે તો નાટોનો અંત આવશે.

## પાકિસ્તાનમાં હિન્દુની હત્યા બાદ રોષ : દેખાવો

**ઈસ્લામાબાદ :** બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા છતા પણ પોલીસ કાર્યવાહી થતી નથી અને વધુ હિંસાના ભયે હિન્દુઓ પણ ચુપ રહે છે તે સમયે પાકના સિંધુ પ્રાંતમાં એક મુસ્લીમ મકાન માલીકે તેના હિન્દુ ભાડૂતની ગોળી મારી હત્યા કરતા અહીના હિન્દુ નિવાસીઓમાં જબરો આક્રોશ ફાટી નિકળ્યો છે.જયાં સુધી હત્યારાને ઝડપાય નહીં ત્યાં સુધી શાંત બેસી નહી રહેવા જાહેરાત કરી છે. સિંધના બાદીન ડોટમાં કૈલાસ કોહલી નામના વ્યક્તિને તેના મકાન માલીકની જમીન પર વધારાનું બાંધકામ કરતા સર્જાયેલા વિવાદમાં કૈલાસની તેના મકાન માલીક અને આ વિસ્તારમાં વગદાર ગણાતા સરફરાજ નીઝામાનુનીએ હત્યા કરી હતી.જેમાં એક વધારાના બાંધકામનો વિવાદ કારણ બન્યો હતો. આ અંગે વિરોધનું નેતૃત્વ લેનાર અને પાકિસ્તાન દારાવાર ઈતેહાદના ચેરમેન શિવા કચ્છીએ જણાવ્યું કે જયાં સુધી હત્યારો ઝડપાશે નહી ત્યાં સુધી અમારુ આંદોલન ચાલુ જ રહેશે.

## આરટીઓ અધિકારીને ભત્રીજીએ ‘મામુ’ બનાવ્યા : ઘરમાંથી 5 કરોડની ચોરી કરી

**રાયપુર :** છતીસગઢના જશપુરમાં એક ભત્રીજીએ તેના કાકાને ‘મામુ’ બનાવી અધધધ 5 કરોડ રૂપિયાની ચોરી કર્યાનો સનસનીખેજ બનાવ બન્યો છે. આટલુ જ નહીં ભત્રીજીએ કાકાના ઘરમાંથી ચોરી કરેલા પૈસાથી બોયફ્રેન્ડને 25 લાખની કાર ગિફટ આપી હતી. આ વાર્તાનો રસપ્રદ અંત ત્યાં આવ્યો કે ચોરીના માલની અન્ય ચોરે તસ્કરી કરતા અને આ મામલે ચોરે પોલીસને જાણ કરતા ભાંડો ફુટયો હતો. જશપુરના આરટીઓ અધિકારી વિજય નિકુંજની ભત્રીજી મીનલે આઈફોન ખરીદવા કાકાના કબાટમાંથી બે લાખની ચોરી કરી હતી જેની ઘરમાં કોઈને ખબર નહોતી પડી, ત્યાર બાદ ચોરીનો સિલસિલો વધતો ગયો.છેલ્લી વખત મીનલે દાદીના રૂમની ચાવી ચોરીને આખી સુટકેસ પૈસાની ભરીને પ્રેમી સાથે ફરાર થઈ ગઈ હતી. સુટકેશમાં 15 લાખ રોકડા, સોનાના બિસ્કીટ, ઘરેલા હતા. જેની કિંમત 5 કરોડ હતી. ચોરાયેલા પૈસાથી બન્નેએ વૈભવી વિલા, રિસોર્ટ, પિકનીક, પાર્ટીઓમાં મોજમજા કરી હતી. બાદમાં નજીકના રાનીદાહ વોટર ફોલમાં ભાડાના રૂમમાં સોનાના બિસ્કીટ-ઘરેણાના બેગની એક અજાણ્યા વ્યક્તિએ ચોરી લેતા આરોપી પ્રેમીએ પોલીસમાં ફરિયાદ કરતા ભાંડો ફુટયો હતો.

## ઇક્વિટી MFમાં રોકાણ 6 ટકા ઘટ્યું, ગોલ્ડ ETFનો જાદુ યથાવત

**મુંબઈ :** શેરબજારમાં ઉતાર-ચઢાવના કારણે ડિસેમ્બર મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ 6 ટકા ઘટીને 28,054 કરોડ રૂપિયા રહ્યું. જોકે, નાના રોકાણકારોએ SIP (સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) મારફતે રોકાણનો નવો રેકોર્ડ સર્જ્યો છે.AMFI દ્વારા જાહેર કરાયેલાં આંકડાઓ મુજબ, ઈન્ડસ્ટ્રીની કુલ સંપત્તિ પણ નવેમ્બરનાં 80.80 લાખ કરોડ રૂપિયાથી ઘટીને ડિસેમ્બરમાં 80.23 લાખ કરોડ રૂપિયા રહી છે. તેનું સૌથી મોટું કારણ ડેટ સ્કીમ્સમાંથી મોટા પ્રમાણમાં થયેલી નિકાસ છે.ડિસેમ્બરમાં SIP મારફતે રોકાણ 31,000 કરોડ રૂપિયાનાં રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. નવેમ્બરમાં આ આંકડો 29,445 કરોડ રૂપિયા હતો. આનંદ રાઠી વેલ્થના જોઈન્ટ CEO ફિરોઝ અઝીઝે જણાવ્યું હતું કે વર્ષ 2025માં કુલ SIP રોકાણ 3.34 લાખ કરોડ રૂપિયા રહ્યું છે, જે દર્શાવે છે કે લોકો વિશ્વસનીય અને લાંબા ગાળાનું રોકાણ કરી રહ્યાં છે.

## મંદિરમાં માથુ નમાવીશ પણ ગંગાનું પાણી નહીં પીવું

**મુંબઇ :** બીએમસી ચૂંટણી પહેલા રાજ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ મંદિરમાં માથું નમાવશે પણ ગંગાનું પાણી નહીં પીવે. રાજ ઠાકરેઅ મહારાષ્ટ્રમાં 29 મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી માટે રાજકીય પક્ષો પ્રચાર કરી રહ્યા છે.મનસેના વડા રાજ ઠાકરે અને શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરેએ પાર્ટીના મુખપત્ર, સામનાને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો.આ ઈન્ટરવ્યુમાં, શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેને અનેક પ્રશ્નો પૂછ્યા હતા. રાજ ઠાકરેએ કહ્યું હતું કે તેઓ મંદિરમાં માથું નમાવશે પણ ગંગાનું પાણી નહીં પીશે. ‘આનો હિન્દુત્વ સાથે શું સંબંધ છે? ધારો કે હું કાલે મંદિરમાં જઈને પ્રાર્થના કં છું, અને તમે મને ગંગાનું પાણી પીવાનું કહો છો, તો હું તે નહીં પીઉં. હું કદાચ ગંગા જ્યાંથી નીકળે છે ત્યાંથી પાણી પીઉં.‘ નોંધનીય છે કે રાજ ઠાકરેએ અગાઉ ગંગા નદી અંગે નિવેદનો આપ્યા હતા. તેમણે તેની સ્વચ્છતા અને પાણીની ગુણવત્તા પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે તેઓ આવી નદીમાં ડૂબકી મારશે નહીં.રાજ ઠાકરેએ હિન્દુ-મરાઠી મેયરોના વર્ણનને નવો વળાંક આપ્યો છે. તેમણે ‘મરાઠી મુસ્લિમ‘ કાર્ડ પણ રમ્યું. રાજ ઠાકરેએ કહ્યું, ‘દરેક રાજ્યમાં હિન્દુઓ અલગ છે કારણ કે દરેક રાજ્યની સંસ્કૃતિ અલગ છે. તેવી જ રીતે, મુસ્લિમો પણ દરેક રાજ્યમાં અલગ છે. પેઢીઓ અને વર્ષોથી મહારાષ્ટ્રમાં રહેતો મુસ્લિમ ‘મરાઠી મુસ્લિમ‘ છે, તે મરાઠી બોલે છે.

---

• છેલ્લાં ખાનગી ફંડિંગની સરખામણીમાં ઓછા મૂલ્યાંકન પર લિસ્ટ થવું પડી શકે છે

# સ્ટાર્ટઅપ IPOનો વરસાદ પણ શેર ભાવમાં મંદીનો માહોલ

• મુંબઈ

બજારમાં તેજીથી ઉત્સાહિત થઈને સ્ટાર્ટઅપ્સ સતત દલાલ સ્ટ્રીટ તરફ દોડ લગાવી રહ્યાં છે, ત્યારે બીજી તરફ અનેક મોટી અને લિસ્ટેડ સ્ટાર્ટઅપ કંપનીઓ તેમના IPOના ઓફર ભાવથી નીચે ટ્રેડ થઈ રહી છે. આ સ્થિતિએ રોકાણકારો માટે લાંબા ગાળાની મૂલ્યસર્જન ક્ષમતાને લઈને ચિંતા ઊભી કરી છે.

સ્ટોક એક્સચેન્જ અને પ્રાઈમ ડેટાબેઝ પરથી મેળવેલાં આંકડાઓ અનુસાર, સ્વિગી, ફર્સ્ટક્રાય, પેટીએમ, ઓલા ઈલેક્ટ્રિક અને ડિલિવરી સહિત લગભગ 10 જેટલી સ્ટાર્ટઅપ કંપનીઓના શેરભાવ તેમના ઓફર પ્રાઈસથી નીચે ચાલી રહ્યાં છે. બજારમાં અસ્થિરતા અને વ્યાપક સુધારાનો થોડો અસરકારક પ્રભાવ રહ્યો છે, પરંતુ વિશ્લેષકોનું માનવું છે કે કંપનીઓની નબળી વૃદ્ધિ એક મોટું કારણ છે, કારણ કે તે બજારની અપેક્ષાઓને પૂર્ણ કરી શકી નથી.રોકાણકારોમાં એ સમજ ઉભી થવી કે કંપનીઓનું પ્રદર્શન અપેક્ષા મુજબ નથી, એ નિરાશા અને મૂલ્ય સુધારાને જન્મ આપી રહ્યું છે. ઘણી સ્ટાર્ટઅપ્સ માટે ટોપલાઈન વૃદ્ધિ બતાવવાનો રસ્તો અધિગ્રહણ (એક્વિઝિશન) રહ્યો છે, પરંતુ એ વૃદ્ધિ બોટમલાઈન (નફા)માં કેટલી પ્રતિબિંબિત થાય છે, તે જોવાનું બાકી છે.



2021 બાદથી 30થી વધુ સ્ટાર્ટઅપ્સે એક્સચેન્જ પર ડેબ્યૂ કર્યું છે. નિયમનકારી છૂટછાટો અને જાહેર બજારમાં ઊંચી મૂલ્યાંકનને કારણે કંપનીઓએ મોટા ખાનગી ફંડરેઈઝ છોડીને IPO તરફ વળવાનું સરળ માન્યું. ગયા વર્ષે લેન્સકાર્ટ, ગ્રોવ અને મીશો જેવી કંપનીઓના અબજ ડોલરના IPO બાદ હવે ફોનપે, ઝેપ્ટો, ઓયો અને ફ્લિપકાર્ટ સહિતની કંપનીઓ 2026માં લિસ્ટિંગ માટે તૈયારી કરી રહી છે.

ન્યાયસંગત રીતે જોવામાં આવે તો તાજેતરમાં લિસ્ટ થયેલી ઘણી સ્ટાર્ટઅપ્સ તેમના ઓફર પ્રાઈસથી ઉપર ટ્રેડ કરી રહી છે, પરંતુ વિશ્લેષકોનું કહેવું છે કે ડિજિટલ કંપનીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન લિસ્ટિંગના છ મહિના બાદ કરવું જોઈએ. આ કંપનીઓમાં મોટાભાગનું રોકાણ VC, PE અને HNI રોકાણકારોનું હોય છે, જેમની લોક-ઈન અવધિ છ મહિના બાદ પૂર્ણ થાય છે. ત્યારબાદ બજારમાં શેરોની સપ્લાય વધી જાય છે. કેટલીક સ્ટાર્ટઅપ્સના શેરભાવમાં છ મહિના બાદ સુધારો જોવા મળ્યો છે.

લોક-ઈન પૂર્ણ થવાનો અર્થ એ છે કે શેર વેચવાની મર્યાદા સમાપ્ત થાય છે, જેથી શેરહોલ્ડરો પોતાની હિસ્સેદારી વેચી શકે છે. પરિણામે સેકન્ડરી માર્કેટમાં સપ્લાય વધે છે, જેને શોષી લેવું ક્યારેક મુશ્કેલ બની જાય છે.ટેક આધારિત બિઝનેસ માટે જાહેર બજારમાંનું મૂલ્યાંકન હવે ઊંચા સ્તરથી નોંધપાત્ર રીતે ઘટ્યું છે. ઉદાહરણ તરીકે, ઉચ્ચ ગુણવત્તાવાળી SaaS કંપનીઓ અગાઉ મધ્ય-ટીન્સ રેવન્યુ મલ્ટિપલ્સ પર ટ્રેડ થતી હતી, જ્યારે હાલ બજારના ધોરણો ઘણાં નીચા છે.

આ બદલાવનું કારણ મલ્ટિપલ કમ્પ્રેશન અને અગાઉની અપેક્ષાની સરખામણીમાં વૃદ્ધિદરનો ધીમો પડતો પ્રવાહ છે, એમ IIFL ફિનટેક ફંડની ફંડ મેનેજર મેહેકા ઓબેરોઈએ જણાવ્યું હતું.આવનારી નવી સ્ટાર્ટઅપ્સને તેમના છેલ્લાં ખાનગી ફંડિંગની સરખામણીમાં ઓછા મૂલ્યાંકન પર લિસ્ટ થવું પડી શકે છે.

---

ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ‘ ઊર્જા સ્ત્રોતના મહત્વપૂર્ણ મુદ્દા પર અમાંરુવલણ જાણીતું છે

# ભારતની ક્રૂડ ખરીદી નીતિ નહીં બદલાય : મોદી - ટ્રમ્પ વચ્ચે ફોનમાં 8 વખત વાત થઇ હતી

• નવી દિલ્હી

ભારતીય વડાપ્રધાન મોદીએ ટ્રેડ ડીલ વિશે અમેરિકન પ્રમુખ ટ્રમ્પને ફોન ન કર્યો અને ભારત પર 500 ટકા ટેરિફની ધમકીના ઘટનાક્રમો વચ્ચે ભારતીય વિદેશ મંત્રાલયે જાહેર કર્યું છે કે ટ્રમ્પ અને મોદી વચ્ચે ગત વર્ષે 8 વખત ફોનમાં વાતચીતથઈ હતી. જ્યારે ક્રૂડતેલ-ઉર્જાની ખરીદ નીતિમાં કોઈ બદલાવ નહીં કરાય.

અમે બે પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર ફાયદાકારક વેપાર કરારમાં રસ ધરાવીએ છીએ અને તેને પૂર્ણ કરવા માટે આતુર છીએ. આકસ્મિક રીતે, વડા પ્રધાન અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે 2025 દરમિયાન આઠ વખત ફોન પર વાત પણ કરી છે, જેમાં અમારી વ્યાપક ભાગીદારીના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી છે. પીએમ મોદીએ આ સમયે વેપાર કરાર અંગે ટ્રમ્પને ફોન કર્યો નથી.‘

અમેરિકાના પ્રસ્તાવિત 500 ટકા ટેરિફ બિલ અંગે, ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ‘ઊર્જા સ્ત્રોતના મહત્વપૂર્ણ મુદ્દા પર અમાં વલણ જાણીતું છે. અમે વૈશ્વિક બજારની બદલાતી ગતિશીલતા અને આપણા 1.4 અબજ ભારતીય નાગરિકોની ઊર્જા સુરક્ષા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિવિધ સ્ત્રોતોમાંથી સસ્તું ઊર્જા મેળવવાની જરૂરિયાત દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ.‘

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘ભારતની ઊર્જા નીતિ કોઈપણ દબાણ હેઠળ બદલાશે નહીં. અમાં ધ્યાન ભારતના લોકોને સસ્તું ઊર્જા પ્રદાન કરવા પર છે. ભારત તેની ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિશ્વભરના બજારો તરફ જોઈ રહ્યું છે.‘

ઉલ્લેખનીય છે કે, ડોનલ્ડ ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધ લગાવવા માટેના એક નવા બિલને મંજૂરી આપી દીધી છે. આ બિલ અમેરિકન રાષ્ટ્રપતિને ભારત પર 500 ટકા ટેરિફ લગાવવાની મંજૂરી આપે છે. આવતા અઠવાડિયે આ બિલ અમેરિકાની સંસદમાં રજૂ થશે અને એના પર વોટિંગ પણ થશે.

---

રિટર્નમાં આવક દર્શાવવા છતાં નોટીસો ફટકારતા કાનુની માર્ગદર્શન માટે દોડધામ

# ગુજરાતમાં ક્રિપ્ટોકરન્સીના ઈન્વેસ્ટરોને IT ની નોટિસ, ડિજિટલ એસેટ્સ પ્રત્યે વધતી જતી ચિંતા

• અમદાવાદ

હાઈ રિસ્ક એસેટસ તરીકે ગણાવાતી ક્રિપ્ટોકરન્સીના ઈન્વેસ્ટરોને આવકવેરા વિભાગે ધડાધડ નોટીસો ફટકારી છે. અનેક કરદાતાઓએ રિટર્નમાં ક્રિપ્ટોની આવક દર્શાવી હોવા છતાં નોટીસો મળતા ઈન્વેસ્ટરો ચિંતામાં મુકાવા સાથે કરવેરા સલાહકારોના ચક્કર કાપવા લાગ્યા છે.

ટેક્સ એક્સપર્ટના કહેવા પ્રમાણે, ઘણા રોકાણકારોને તેમની ક્રિપ્ટો કમાણી માટે સ્પષ્ટતા માંગતી નોટિસ આપવામાં આવી છે. જોકે તેમણે રિટર્નમાં પહેલાથી જ આ જાહેર કર્યું હોવા છતાં નોટિસ મળતાં ગુંચવાયા છે.

ક્રિપ્ટોના ટ્રાન્ઝેકશન ઘણી વખત વિદેશી એક્સચેન્જો અને ખાનગી વોલેટ્સ દ્વારા કરવામાં આવે છે. જેનાથી વેરિફિકેશન જટિલ બને છે.આ કારણે નોટિસ આપવામાં આવી હોઈ શકે છે.

એક રિપોર્ટ અનુસાર અમદાવાદ ભારતના અગ્રણી ક્રિપ્ટો-ઈન્વેસ્ટિંગ શહેરોમાં 10મા ક્રમે છે. આ રેન્કિંગ શહેરના યુવાનોમાં ડિજિટલ એસેટ્સ પ્રત્યે વધતી જતી ચિંતા દર્શાવે છે. જોકે, આ ઉછાળાએ ક્રિપ્ટો રોકાણકારોને આવકવેરા વિભાગની નજરમાં લાવી દીધા છે.સંસદીય સ્થાયી સમિતિ સમક્ષ રજૂઆતમાં, અધિકારીઓએ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સને 'હાઈ રિસ્ક' તરીકે ગણાવી છે. ક્રિપ્ટોકરન્સી બેંકો અથવા નિયંત્રિત નાણાકીય સંસ્થાઓની સંડોવણી વિના સેકન્ડોમાં દેશો વચ્ચે ભંડોળ ખસેડવાની મંજૂરી આપે છે, જે ટેક્સ ટ્રેકિંગ અને અમલીકરણને પડકારરૂપ બનાવે છે.ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા માત્ર FIU-માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જો પર જ ક્રિપ્ટો ટ્રેડિંગની મંજૂરી છે.આવક જાહેર કરવામાં આવે ત્યારે પણ, ટેક્સના હેતુ માટે ક્રિપ્ટો વ્યવહારોને ટ્રેક કરવા અત્યંત મુશ્કેલ છે, જેથી પણ નોટિસ મળી શકે છે.સૂત્રોએ ઉમેર્યું હતું કે, ઘણા ક્રિપ્ટો એક્સચેન્જો ભારતની બહાર કાર્યરત છે અને ઘણા FIU સાથે નોંધાયેલા નથી. આનાથી વિભાગની સમન્સ જારી કરવાની, વ્યવહારોની ચકાસણી કરવાની અથવા TDS એકત્રિત કરવાની ક્ષમતા મર્યાદિત થાય છે.

---

અમેરિકાના કરોડો ક્રેડીટ કાર્ડ ધારકો માટે 1 વર્ષનો લાભ

# સતાની પ્રથમ એનીવર્સરીની ભેટ આપતા ટ્રમ્પ : ક્રેડીટકાર્ડ પર 10% જ વ્યાજ મર્યાદા

• વોશિંગ્ટન

દુનિયાના દેશો માટે ભલે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મુશ્કેલી સર્જી રહ્યા હોય પણ મૂળ અમેરિકી નાગરિકો માટે તે સતત ચિંતા કરે છે અને તેઓને વધુને વધુ રાહત મળે તે પણ જુએ છે. શ્રી ટ્રમ્પ તા.20ના રોજ અમેરિકી શાસનમાં 1 વર્ષ પુરુ કરવા જઈ રહ્યા છે તે સમયે અમેરિકનો જયાં ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરે છે. તેઓને મોટી રાહત આપી છે.

તા.20થી 1 વર્ષ માટે અમેરિકી કંપનીઓ- બેન્કો ક્રેડીટ કાર્ડ પર 10%થી વધુ વ્યાજ વસુલી શકે નહી. અમેરિકામાં ક્રેડીટ કાર્ડ પર 20-30% જેવું ઉંચુ વ્યાજ વસુલાય છે અને અહી ક્રેડીટ કાર્ડ કલ્ચર વ્યાપક છે તે સમયે ટ્રમ્પે હવે 1 વર્ષ માટે ક્રેડીટ કાર્ડ પર 10%થી વધુ વ્યાજ વસુલવા પર પ્રતિબંધ મુકી દીધો છે તેને ટ્રમ્પની સતાની 'એનીવર્સરી' ગીફટ ગણવામાં આવે છે.ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડીયા હેન્ડલ પર એક પોસ્ટ મુકીને તેઓ ક્રેડીટ કાર્ડ વ્યાજ પર મર્યાદા મુકી રહ્યા હોવાનું જણાવ્યું હતું. તેઓએ પોતાના શાસનના 1 વર્ષને ઐતિહાસિક અને ભારે સફળતાવાળું ગણાવ્યું હતું. તેઓએ ક્રેડીટકાર્ડના ઉંચા વ્યાજ માટે પુર્વ પ્રમુખ જો બાઈડનને દોષિત ગણાવ્યા હતા. જો કે તેઓ આ પ્રતિબંધ કઈ રીતે અમલી બનાવશે તે અંગે પ્રશ્ન છે. તેઓએ કહ્યું કે હું હવે અમેરિકી પ્રજાને લુટવા દઈશ નહી પણ ટ્રમ્પે જો કોઈ ખાસ સમય માટે વ્યાજદર પર મર્યાદા મુકવી હોય તો તેણે અમેરિકી સંસદની મંજુરી લેવી પડે છે અને તેનો ખરડો પસાર કરાવવો પડે છે.હવે અમેરિકામાં એવી ટીકા થઈ છે કે, પ્રમુખ બજારના પરિબળો જે વ્યાજ દર નિશ્ચિત કરે છે તેના પર પોતાનો અંકુશ સ્થાપવા માંગે છે તો ટ્રમ્પના અબજોપતિ સાથીઓએ પણ ટ્રમ્પની આ જાહેરાતને ભુલ ગણાવી રહ્યા છે.

---

## મુંબઈમાં રહેણાંક મકાનનાં ફ્રિજમાં વિસ્ફોટ : 3-ભડથું

**મુંબઈ :** શહેરના ગોરેગાંવ વિસ્તારમાં ભીષણ આગ લાગી. સવારે 3 વાગ્યે એક ઘરમાં આગ લાગી હતી. સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરી. જોકે, ફાયર બ્રિગેડનું વાહન આવે ત્યાં સુધીમાં આગ કાબુમાં આવી ગઈ હતી.ત્રણ લોકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. ત્રણેય એક જ પરિવારના હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર આગ ફક્ત ગ્રાઉન્ડ અને પહેલા માળે રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ અને ઘરવખરીના સામાન સુધી મર્યાદિત હતી. આગ હવે કાબુમાં આવી ગઈ છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળે પહોંચ્યા બાદ ફાયર બ્રિગેડના કર્મચારીઓએ વીજ પુરવઠો કાપી નાખ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ત્રણ લોકોને ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

# વેનેઝુએલાનુ ક્રૂડ ખરીદવા રશિયા - ચીનને ખુલ્લી ઓફર

• વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે વેનેઝુએલાના તેલને વેચવાની યોજના તૈયાર કરી લીધી છે અને આ માટે તેમણે રશિયા અને ચીનને પણ મોટી ઓફર આપી છે. તેલ કંપનીઓના અધિકારીઓ સાથેની એક બેઠક બાદ, ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકા વેનેઝુએલાના 5 કરોડ બેરલ ક્રૂડ ઓઈલનું રિફાઈનિંગ અને વેચાણ ટૂંક સમયમાં શરૂ કરશે.

પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે તેઓ ચીન અને રશિયાને જેટલું તેલ જોઈએ તેટલું વેચશે, કારણ કે તેમની સરકાર હવે વેનેઝુએલાના તેલના વેચાણ પર નિયંત્રણ ધરાવે છે. ‘અમે બિઝનેસ માટે તૈયાર છીએ. ચીન અમારી પાસેથી જેટલું ઈચ્છે તેટલું તેલ ખરીદી શકે છે, ત્યાં અથવા અમેરિકામાં. રશિયા અમારી પાસેથી તેની જરૂરિયાતનું બધું તેલ લઈ શકે છે.‘

આ પહેલા, ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં તેલ કંપનીઓના અધિકારીઓ સાથેની બેઠકમાં વેનેઝુએલામાં પોતાના ઓપરેશન અને નિકોલસ માદુરોની ધરપકડના નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું હતું કે જો અમેરિકાએ આ પગલું ન ભર્યું હોત, તો ચીન અને રશિયા ત્યાં પહોંચી ગયા હોત. ‘જો અમે આવું ન કર્યું હોત, તો ચીન ત્યાં હોત અને રશિયા પણ ત્યાં હોત.‘

જોકે, ટ્રમ્પની આ વાતો તેમના જ અગાઉના દાવાઓ પર સવાલ ઉભા કરે છે. ટ્રમ્પ અવારનવાર કહેતા રહ્યા છે કે રશિયા સાથે વેપાર કરવાથી જ યુક્રેનમાં યુદ્ધ ચાલી રહ્યું છે. ગયા વર્ષે તેમણે દાવો કર્યો હતો કે જો નાટો (NATO) રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દે, તો યુદ્ધ સમાપ્ત થઈ જશે. પરંતુ, હવે ટ્રમ્પ પોતે કહી રહ્યા છે કે તેઓ રશિયા સાથે વેપાર કરવા માટે તૈયાર છે.

## રિઝર્વ બેંકના ગવર્નર દ્વારા બેંકોને અપાયેલી ચેતવણી

**મુંબઈ :** ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે બેંકો સહિત તમામ નાણાકીય સંસ્થાઓને સૂચન કર્યું કે નિયમોને માત્ર ઔપચારિકતા તરીકે ન અપનાવે, પરંતુ તેના પાછળનો વાસ્તવિક હેતુ અને ભાવનાને પણ સમજે. ડિજિટલ ફ્રોડ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે આ સમગ્ર દેશ માટે મોટી પડકારરૂપ સમસ્યા બની ગઈ છે. તેને કાબૂમાં લેવા માટે સૌએ મળીને કામ કરવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો.અહીં એક કાર્યક્રમને સંબોધતાં ગવર્નરે કહ્યું કે ડિજિટલ માધ્યમો દ્વારા લોકો સુધી બેંકિંગ સેવાઓ અને સુવિધાઓ પહોંચાડવી સરળ બની છે.

પતંગનું વિજ્ઞાન અને સંશોધનો



# હવે મકરસંક્રાંતિ અનુક્રમે 14નેં બદલે ૧૫, ૧૬, ૧૭.. મી જાન્યુઆરીએ પણ આવશે અને સદીઓ પછી મકરસંક્રાંતિ ફેબ્રુઆરી, માર્ચમાં પણ આવશે!

### છ પતંગોવાળા એકદોર સાથે થર્મોમીટર બાંધીને વાદળનું ઉષ્ણતામાન નોંધવાનો પ્રયાસકર્યો હતો.



સાયન્સ વર્લ્ડ

લેખક :દીપક જગતાપ

મકરસંક્રાંતિ આમ તો દર વર્ષે ૧૪મી જાન્યુઆરીએ જ આવતીહોય છે. પરંતુ ઈ.સ. પ્રમાણે એ પ્રતિવર્ષ ૧૨મીએ, પછી ૧૩મીએઅને હવે ૧૪મી જાન્યુઆરીએ ઉતરાણ આવે છે.મકરસંક્રાંતિને ઋતુવિજ્ઞાન કહે છે તે મુજબ મકર એક રાશિછે, અને સંક્રાંતિ એટલે ગતિ. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાંપ્રવેશે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશકરે ત્યારે આ સંક્રાંતિને મકરસંક્રાંતિ કહે છે. મકરસંક્રાંતિના દિવસેએટલે કે ૧૪મી જાન્યુઆરીએ દિવસ અને રાત સરખા બને છે. ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત. શિયાળામાં જે રાત્રિ લાંબી હતી તે હવે ટૂંકી થાય છે અને દિવસ ધીમે ધીમે ઉત્તર તરફ જાય છે. તેથી તેને ઉત્તરાયણ પણ કહે છે. 'ઊતરાણ' શબ્દનું મૂળ સંસ્કૃતરૂપ છે "ઉત્તરાયન'. ઉત્તર-અયન અર્થાત્ ઉત્તર તરફ પ્રયાણ કરવું.આશ્ચર્યની વાત તો એ પણ છે કે ૧૯૭૬માં ઉતરાણ ૧૪મીને બદલે ૧૫મી જાન્યુઆરીએ આવી હતી. એજ પ્રમાણેઈ.સ.૨૦૧૬નાં જાન્યુઆરી મહિનામાં ખગોળીય દૃષ્ટીએ મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરીના બદલે ૧૫ જાન્યુઆરીના દિવસે હતી.આવું થવાનું શું કારણ?લગભગ ૭૦ થી ૭૨ વર્ષમાં એક તારીખનું પરિવર્તન થાય છે. આજથી કેટલીક દશાબ્દી પૂર્વે આ તહેવાર અનુક્રમે ૧૩, ૧૨ અને ૧૧મીજાન્યુઆરીએ ઉજવાતો હતો. વાર્ષિક ભ્રમણમાં પૃથ્વી વર્ષે એક અંશ ચાલે છે. જેમ જેમ તેનું અંતર વધતું જશે તેમ તેમ મકરસંક્રાંતિ અનુક્રમે૧૫, ૧૬, ૧૭.. મી જાન્યુઆરીએ પણ આવશે અને સદીઓ પછી મકરસંક્રાંતિ ફેબ્રુઆરી, માર્ચમાં વગેરેમાં પણ આવે તો નવાઈ પામશો નહિ... !આપણે તહેવારોને માત્ર મનોરંજન સાથે જ સાંકળીએ છીએ.પરંતુ તેની પાછળ પણ વિજ્ઞાન છુપાયેલું છે. વિજ્ઞાનના સંશોધનો અનેખાસ કરીને અમેરિકામાં જે વિશાળ કદના હેન્ગ ગ્લાઈડરો બન્યા તેપતંગની સુધારેલી આવૃત્તિ જ છે, ૧૯૮૪માં ચેકોસ્લેવીયાના પંદર વર્ષના એક છોકરાએ પતંગના અને હેન્ગ ગ્લાઈડર વૈજ્ઞાનિક નિયમોનો અભ્યાસ કરીને સામ્યવાદી શાસનના પંજામાંથી નાસી છૂટ્યો હતો. જ્યારે વિમાન નહોતા શોધાયા ત્યારે મોટા કદના પતંગ અને હેન્ગ ગ્લાઈડરના યુદ્ધ દરમિયાન દુશ્મન હરોળનું નિરીક્ષણ કરવા ઉપયોગ થતોહતો. પતંગ સાથે માણસને ચગાવવાની યુક્તિ સ્કાઉટ પ્રવૃત્તિના પ્રયોજક કેપ્ટન બેડનપોવેલ નામના નિષ્ણાતે સંપૂર્ણ બનાવી હતી. તે વ્યક્તિને પતંગ સાથે આકાશમાં ચડાવતા પહેલા તેના વજનને ધ્યાનમાં લેતો. અને ત્યારબાદતે ચીવટપૂર્વક પતંગ તૈયાર કરતો. એક વખત તેણે ૩૬ ફૂટની પતંગવડે એક માણસને ૧૦૦ ફૂટની ઊંચાઈએ ચડાવ્યો હતો. એક વખત એણે ૨૦૮ રતલ વજન ધરાવતી એક રાક્ષસી કદની પતંગ બનાવી હતી. તેમાં ૩૩૯૯ જેટલા ખાના હતા. આ ખાનાઓમાં પવન ભરાવાથી પતંગ સહેલાઈથી હવામાં ચડી શકે. પરંતુ વિમાન, રોકેટ વગેરેનીશોધ થયા પછીથી પતંગ મનોરંજન માત્રનું સાધન બની રહ્યો... !પતંગ પર તોપમારો કરી નિશાનબાજીની તાલીમ લેતા સૈનિકોપણ પતંગનો ઉપયોગ લશ્કરમાં કરવાના અનેક કિમિયાઓ બીજા વિશ્વવિગ્રહ દરમિયાન જર્મનીઓએ શોધ્યા હતા. હિટલરના નૌકાદળેપતંગનો બહોળો ઉપયોગ કર્યાનો ઉલ્લેખ મળી આવે છે. તે સમયે સબમરીનને ૪ પાંખિયાવાળી અને સહેલાઈથી સંકેલી લઈ શકાય તેવીપતંગો આપી રાખવામાં આવતી. હજી પણ પતંગનો લશ્કરી ઉપયોગ ઘટ્યો નથી. અમેરિકામાં આજે પણ લશ્કરને નિશાનબાજી કવાયત કરવા જાય ત્યારે આકાશમાં ઊંચે મોટી પતંગ ચગાવવામાં આવે અનેપછી યુધ્ધ જહાજોના ખલાસીઓને પતંગનું નિશાન લઈ તેના પર તોપમારોકરવાની અને વિમાન વિરોધી તોપો વડે તેના પર ગોળીબાર કરવાનીતાલીમ આપવામાં આવે છે.ઈ.સ. ૧૭૪૯માં સ્કોટલેન્ડની ગ્લાસગો યુનિવર્સિટીના બે શિક્ષકો ડૉ.એલેકઝાન્ડર મિલ્સન્ટ અને ટોમસ મેલવિલ છ પતંગોવાળા એકદોર સાથે થર્મોમીટર બાંધીને વાદળનું ઉષ્ણતામાન નોંધવાનો પ્રયાસ કર્યો હતો.ઈ.સ.૧૮૨૭માં પોકોક નામના એક અંગ્રેજે માત્ર મોટાપતંગની મદદથી એક ગાડી દોડાવેલી. ઈ.સ. ૧૯૦૭માં ગ્રેહામબેલે૫૦ ફૂટ ઊંચો પતંગ બનાવેલો. અને સાત મિનિટ સુધી આકાશમાં ઊડાડીને હવામાન વિશે માહિતી મેળવવા પ્રયાસ કરેલો. એ ઉપરાંત સંદેશાવ્યવહાર, વીજળીના પ્રયોગો, હવામાં ભેજનું પ્રમાણ, પવનનીઝડપ, હવાનું દબાણ, ઉ.માન તેમજ પુલ બાંધવા કે ફોટોગ્રાફીમાં પણપતંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.ઈ.સ. ૧૮૦૦ની સાલમાં ફ્રેન્કલીને આકાશમાં પતંગ ચડાવીનેવાદળાની વીજળીને દોરી વડે આકર્ષવાનો પ્રથમ પ્રયત્ન કરીને જ વીજળીના ગુણધર્મો જણાવવાનો પ્રયોગ કરેલો. બેન્જામીન સાબિતકરવા માંગતો હતો કે શું વિજ્ઞાનીઓએ પેદા કરેલ વીજળી અને વાદળાઓમાં પેદા થતી વીજ સાથેની વીજળી એક જ પ્રકારની હોયછે કે પછી જુદા જુદા પ્રકારની? આ માટે તેણે ગાજવીજ કરતાં વાદળોવચ્ચે ચોરસ પતંગ ચડાવી. આ પતંગ સિલ્ક કાપડમાંથી બનાવેલીદોરી હતી. દોરીને બીજે છેડે ફ્રેન્કલીને ચાવી બાંધી રાખેલી અને પોતાનેવીજળીનો ઝાટકો ન લાગે તે માટે ઈમ્યુલેટર તરીકે રેશમી રીબનબાંધેલી. જેમ જેમ પતંક ઊંચે ચડતો ગયો તેમ તેમ નગરોમાંથી વીજળીનોમંદ પ્રવાહ પતંગની દોરી વાટે નીચે ઉતરવા લાગ્યો. વરસાદ વધવાથીપ્રવાહ પણ વધતો ગયો. આવીને અડતી તેની આંગળીઓ વીજળીનીધ્રુજારી અનુભવવા લાગી. જોકે આ પ્રસંગ ખૂબ જોખમી હતો. પરંતુ ફ્રેન્કલીન બચી ગયો હતો. ગાજવીજ થતા વાદળોમાં કેટલાક અણુઓ ઋણવીજભાર ધરાવતા હોય છે. કેટલાક ધન વીજભાર ધરાવે છે. અર્થાત્ વાદળ અને પૃથ્વી વચ્ચે જુદા જુદા પ્રકારનો વીજભાર હોય ત્યારે પતંગદ્વારા વીજપ્રવાહ પતંગ પકડી રાખનાર સુધી પહોંચે છે.વૈજ્ઞાનિક સંશોધનો માટે વપરાતો પતંગ કદમાં મોટો હોય છે.કાગળને બદલે કપડાનો ઉપયોગ કરવામાં આવે છે. દોરીને બદલે પીયાનોનો તાર વાપરવામાં આવે છે. પતંગ ગમે તેટલી કદ, આકાર કે વજનનીહોય પરંતુ હવાગતિ શાસ' (એરો ડાયનેમીક્સ)ના નિયમોને ધ્યાનમાં રાખીને પતંગની રચના કરવામાં આવે તો પતંગને ખૂબ જ સરળતાથી ઉડાડી શકાય છે. આવો એક પતંગ એક અમેરિકને ૧૮૧૦માં ૨૩,૮૩૫ફૂટ ઊંચે આકાશમાં ઊડાડી બતાવ્યો હતો.નાયગરા ધોધ ઉપર જે ઝૂલતો પુલ બાંધવામાં આવ્યો હતો તેનીબાંધણી શરૂ કરવા માટે પતંગ વડે દોરડાં લટકતા રખાયા હતા. ઈ.સ. ૧૮૨૭માં જ્યોર્જ પોકોક નામના એક અંગ્રેજે અદ્ભુત પ્રયોગ કર્યો હતો. એણે મોટા પતંગોને આધારે એક ગાડી દોડાવીહતી. બીજા કોઈપણ પ્રકારના ખેચાણ-બળ વગર માત્ર પતંગ વડે જ ખેંચાતી ગાડી બનાવી હતી.ઊંચી હવાના અભ્યાસ માટે અમેરિકાના હવામાન ખાતા પમીમે, ૧૯૧૦ના દિવસે માઉન્ટ વેધર, વર્જીનીયા ખાતેથી ૧૦ પતંગોની એક હારમાળા એક દોર ઉપર ચગાવી હતી. આ દોર સાથે હવામાનની અને ઊંચાઈની નોંધ માટેના સાધનો બાંધેલા હતા. જ્યારે પતંગ નીચેઉતારવામાં આવ્યા ત્યારે એ પતંગો ૨૩,૮૩૫ ફૂટ ઊંચે સુધી પહોંચ્યાહતા.પતંગને હવામાં સરળતાથી ઉડાડવા માટે નિયમો ખાસ ધ્યાનમાંરાખવા જરૂરી છેઃ (૧) ગુરુત્વાકર્ષણ બળ (૨) પવનનું જોર (૩) દોરીનુંખેંચાણ. ત્રણેય પરિબળો એકબીજા ઉપર સમતોલપણે પ્રભાવ પાડે તો પતંગ બરાબર ચગે છે. પતંગ ઉફર જેમ જેમ વધુ ટકરાય તેમતેમ પતંગ ઊંચે ચડે. અર્થાત્ પવનનું જોર ગુરુત્વાકર્ષણથી વિરુદ્ધ ઊંચેસ્થિર થઈને ચગવા માંડે છે. પવનની ઝડપ માપવા માટે ૧૮૮૩માં ડગ્લાસ આર્ચિબામ્ભ નામનાવિજ્ઞાનીએ પતંગની નીચે "એનેમોમીટ બાંધ્યું હતું. પતંગનો ઉપયોગપુલ બાંધવામાં કરવામાં આવે છે. નાયગરાના ધોધ પર બાંધવામાં આવેલા પુલ માટેના પતંગનો ઉપયોગ કરવામાં આવેલો. પતંગ વડેપાતળી દોરી બાંધી ધોધને સામે કાંઠે પહોંચાડવામાં આવી હતી. તે વધુ જાડી દોરી અને પછી દોરડું અને ત્યારબાદ લોખંડના જાડાદોરડા સામે કાંઠે પહોંચાડવામાં આવ્યા હતા. વળી ફોટોગ્રાફી વિજ્ઞાનમાંપણ પતંગ બાકાત નથી રહ્યો. નકશો બનાવવા માટે કે યુદ્ધ દરમ્યાનદુશ્મન હરોળ પર જાસૂસી કરવા માટે આકાશમાં ઊંચાઈ પર ફોટોગ્રાફી૧૮૮૭માં ડગ્લાસ આર્ચિ બાલ્વે પતંગની નીચે કેમેરા લટકાવી તેનાવડે ફોટા પાડ્યા હતા. આમ પતંગ વિજ્ઞાન સાથે સુસંગત છે.

## હવે ડોકટરની ચિઠ્ઠી વિના એન્ટીબાયોટિકસ દવાઓના વેચાણ પર લાગી શકે છે રોક

**નવી દિલ્હી** : એન્ટી બાયોટિકસ જે કયારેક જીવ બચાવવાની સૌથી તાકાતવર દવા હતી તે હવે ધીરે ધીરે અસર વગરની થઈ રહી છે. ખોટો ઉપયોગ અને જરૂરિયાત વિના દવા લેવાના કારણે ભારત આજે એક મોટો એન્ટી માઈક્રોબિયલ રજીસ્ટન્સ (એએમઆર) નો સામનો કરી રહ્યું છે. સરકાર હવે એએમઆર પર સખ્ત પગલાં ઉઠાવવાની તૈયારીમાં છે, જો તેને રોકવામાં ન આવ્યું તો આવનારા વર્ષોમાં દેશને અબજો ડોલરનું આર્થિક નુકશાન થઈ શકે છે.દવાઓથી પર્યાવરણને નુકસાનઃ લોકો બચેલી કે એકસપાયર્ડ દવાઓ કચરામાં ફેંકી દે છે. પર્યાવરણમાં દવાઓના અંશ જાય છે, જે બેકટીરિયાને જન્મ આપે છે. જે વાતાવરણ માટે ઘાતક છે.કંપનીઓને એકસપાયર્ડ દવાઓને સુરક્ષિત રીતે પરત લેવાની અને નષ્ટ કરવાની જવાબદારી આપવામાં આવે. દવાઓ બનાવનારી ફેકટરીઓની સખ્ત તપાસ કરાવવી જોઈએ. આ બધું એટલા માટે જરૂરી છે. કારણ કે હવે સુપરબાસ સાથેની લડાઈ કોઈ ભવિષ્યની વાત નથી.ડોકટરની ચિઠ્ઠી વિના એન્ટી બાયોટિકસના વેચાણ પર પુરી રીતે રોક. નવી એન્ટી બાયોટિકસના રિસર્ચને પ્રોત્સાહન. દવાઓની મંજુરીની પ્રક્રિયા ઝડપી કરવી. ડોકટરની ચિઠ્ઠી પર સ્ટેમ્પ લગાવવો, જેથી તેનો વારંવાર ઉપયોગ ન થાય. રાજય સ્તરની સોફટવેર સિસ્ટમ, જેનાથી એન્ટી બાયોટિકસના વેચાણ પર નજર રાખી શકાય.જથ્થાબંધ અને છુટક દવાની દુકાન પર કોમ્પ્યુટરાઈઝડ બિલીંગ અને સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે. એન્ટી બાયોટિકસની શ્રેણીઓની દર વર્ષે સમીક્ષા થશે જેથી ખોટુ માર્કેટીંગ રોકાઈ શકે.ચોંકાવનારી બાબત એ છે કે, 2.67 લાખ લોકોના મોત એન્ટી માઈક્રોબિયલ રેજીસ્ટન્સ (દવાની બિન અસરકારકતા) થી દર વર્ષે થાય છે. ફેરફાર માટે વિશેષજ્ઞોની સમીતીએ રિપોર્ટ આપ્યો છે..

## છોટાઉદેપુરના હાઈવેની કામગીરી બની કાળમુખી, ઓવરલોડ લાકડા ભરેલા ટ્રેક્ટર પરથી પટકાતા મજૂરનું મોત

**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લામાં હાલ નેશનલ હાઈવે 56 ચાર લેન (નસવાડી તાલુકાના ધામસિયા થી બોડેલી તાલુકાના જબુગામ સુધી) બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે, તેમાં રોડની સાઈડમાંથી વૃક્ષો કાપીને જંગલ ખાતાના ડેપોમાં લઈ જવાના કામકાજ દરમિયાન કરૂણ ઘટના ઘટી છે, લાકડા ભરેલા ટ્રેક્ટરમાંથી મજૂરી અર્થે આવેલો એક યુવક પડી જતાં તેનું કંપારીભર્યું મોત થયું છે. મૃતક બે બાળકોના પિતા છે, પત્ની 24 વર્ષની ઉંમરે વિધવા બની છે!નર્મદા જિલ્લાના ઝરવાણી ગામનો રાજેશ સનિયાભાઈ વસાવા લાકડા ભરેલા ટ્રેક્ટરમાં બેઠો હતો, ટ્રેક્ટર ડ્રાઈવરે અચાનક બ્રેક મારતા તે ટ્રેક્ટરમાંથી પટકાઈ ટાયરમાં આવી ગયો હતો જેથી તેનું મોત નીપજ્યું હતું. મૃતકના સગાઓનો આક્ષેપ છે કે ગેરકાયદે રીતે ટ્રેકટર લાકડા ભરવાની કામગીરી ચાલી રહી હતી, ઓવરલોડ લાકડા ભરેલા હતા જે દોરડાથી પણ બાંધેલા ન હતા, ટ્રેક્ટર ખેતી માટેના ઉપયોગનું હતું જેમાં લાકડા ભરી શકાય નહીં, પણ રોડ બનાવનાર કોન્ટ્રાકટરો અને અધિકારીઓ મજબૂરીનો ફાયદો ઉઠાવી મજૂરી કરતાં આદિવાસી સમાજના મજૂરોને મોતના મુખમાં ધકેલે છે. કોઈ પણ સુરક્ષા વગર ઓવરલોડમાં લાકડા હેરફેર કરવાનું કામકાજ થઈ રહ્યું હતું. મૃતકના પરિવારજનો અકસ્માત થયા બાદ મૃતદેહ સ્વીકારવા તૈયાર ન હતા. જે બાદ નાંદોદના ધારાસભ્ય દર્શના દેશમુખ અને છોટાઉદેપુર સાંસદ જસુ રાઠવાએ મૃતકના પરિવાર માટે ગ્રામજનોની માંગણી સ્વીકારી હતી. પરિવારને આર્થિક મદદ મળે તે માટે ત્રણ લાખ રૂપિયા અપાવવાની ખાતરી આપી હતી. અહીં સવાલ એ ઊભો થાય છે કે કયાં સુધી ગરીબ મજૂરોનો જીવ આમ જ જતો રહેશે, તેના બે નાના બાળકો અને 24 વર્ષની પત્નીનું શું? કેમ કોન્ટ્રાકટર કે અધિકારીઓ મૃતકના પરિવારની મદદે ન આવ્યા કે ન કોઈ આર્થિક સહાય કરી, શું માણસની જિંદગીની કિંમત માત્ર ત્રણ લાખ રૂપિયા છે? હાલ તો વસાવા પરિવાર પર આફત આવી પડી છે, બે બાળકોના માથેથી મોભી છીનવાઈ ગયો છે, પત્ની આક્રંદ અને વલોપાત કરી રહી છે.

## દેશનો મોટો ભાગ આખું વર્ષ ઝેરીલી હવા શ્વાસમાં લેતો રહ્યો

**નવી દિલ્હી** : ભારતના 44 ટકા શહેર લાંબા સમયથી વાયુ પ્રદુષણનો સામનો કરી રહ્યા છે, એટલે કે અહીં પ્રદુષણ કોઈ તહેવાર કે ખા ઘટનાઓ (જેમકે પરાળી સળગાવવી) ના કારણે નથી, બલકે એ માળખાગત સમસ્યા છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ કલીન એર (સીઆરઈએ)ના રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ અહી પ્રદુષણનો સ્ત્રોત (જેમકે ફેકટરીઓ, ગાડીઓ) વર્ષોથી ઝેરીલી હવાઓ ઓકી રહી છે. આ 44 ટકા શહેરોમાંથી માત્ર 4 ટકા શહેરો રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગત આવે છે.રિપોર્ટમાં 2025માં પીએમ 2.5ના આધારે સૌથી પ્રદુષિત શહેરોમાં રેન્ક કરાયું છે. જે મુજબ બર્નીહાટ (આસામ), દિલ્હી અને ગાઝીયાબાદ દેશના ટોપ ત્રણ પ્રદુષિત શહેરોમાં સામેલ છે. નોઈડા આ લિસ્ટમાં ચોથા નંબરે છે, ત્યારબાદ ગુરુગ્રામ, ગ્રેટર નોઈડા, ભિવાડી, હાજીપુર, મુઝફ્ફરનગર અને હાપુડ છે.રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે કે, ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ 416 એવા શહેરો છે જે પ્રદુષણના ધોરણોને પુરા નથી કરી રહ્યો. ત્યારબાદ રાજસ્થાન (158 શહેર), ગુજરાત (152 શહેર), મધ્યપ્રદેશ (143 શહેર), પંજાબ-બિહાર (136-136 શહેર), પશ્ચિમ બંગાળ (124 શહેર) છે.સરકારે સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં 13415 કરોડ રૂપિયા જાહેર કર્યા છે જેમાંથી 74 ટકા રકમ એટલે કે 9929 કરોડ રૂપિયા ખર્ચાઈ ગયા છે. જેમાં 68 ટકા માત્ર રસ્તા પરની ધુળ ઓછી કરવામાં ખર્ચાયા છે.130 એનસીએપી શહેરોમાંથી 28 શહેરોમાં હજુ પણ કવોલિટી મોનીટરીંગ સ્ટેશન નથી. જે 102 શહેરોમાં સ્ટેશન છે, તેમાંથી 100 શહેરોમાં પીએમ 10નું લેવલ 80 ટકા કે તેથી વધુ હતું. પીએમ 10ના નિયંત્રણમાં પ્રગતિ પણ પુરી રીતે નથી. 23 શહેરો એવા છે જયાં પ્રોગ્રામ શરૂ થયા બાદથી પીએમ 10 સ્તરમાં અસલમાં વધારો થયો છે.

## રાશીફળ (તા.11-01-2026)

- **મેષ**: આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે.
- **વૃષભ (બ.વ.ઉ)**: વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે.
- **મિથુન**: મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે.
- **કર્ક**: કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે.
- **સિંહ**: સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો.
- **કન્યા**: કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે.
- **તુલા**: તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે.
- **વૃશ્ચિક**: વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.
- **ધન**: ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કઠોર વાતને ગલત સમજી શકે છે, તેથી વાતચીત શાંત રાખો.
- **મકર**: આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે.
- **કુંભ**: આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.
- **મીન**: મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે.

# સુપ્રીમ કોર્ટ પહોંચ્યો પ.બંગાળ Vs ઈડી વિવાદ: મમતા સરકારે કેવિએટ પિટિશન દાખલ કરી, હવે એજન્સી પણ મેદાને

### મમતા સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં કેવિએટ પિટિશન દાખલ કરી



**• નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા I-PACના કાર્યાલયમાં પ્રવર્તન નિર્દેશાલય (ED) દ્વારા દરોડા પાડવામાં આવતા રાજનીતિક વિવાદ પેદા થઈ ચૂક્યો છે. રાજ્ય સરકારે આ ચૂંટણી સમયે વિપક્ષને નિશાન બનાવવાની કાર્યવાહી ગણાવી છે, જ્યારે બીજી તરફ ઈડીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વમાં ચાલી રહેલી સરકાર પર ગંભીર આરોપ લગાવતા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. ઈડીએ આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળ સરકાર ઈડીની તપાસમાં સતત દખલ કરી રહી છે. ઈડીએ આરોપ લગાવ્યો કે, પશ્ચિમ બંગાળ સરકાર તેની તપાસ અને સર્ચ ઓપરેશનમાં સતત દખલ કરી રહ્યા છે અને કામમાં અવરોધ પેદા કરવામાં આવી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં ઈડી દ્વારા દાખલ અરજીમાં જણાવ્યું છે કે, ગુરુવારે જ્યારે એજન્સીએ ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી (આઈ-પેક)ના મુખ્યાલય અને કોલકાતામાં તેના નિર્દેશક પ્રતીક જૈનના ઘરે સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. ત્યારે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રની તરફથી અવરોધ પેદા કરવામાં આવ્યા.

ઈડીએ સુપ્રીમ કોર્ટ પાસે માંગણી કરી છે કે, તેને નિષ્પક્ષ અને કોઈ પણ પ્રકારનાં દબાણ વગર તપાસ માટેની પરવાનગી આપવામાં આવે. આ ઉપરાંત એજન્સીએ તેવી પણ માંગ કરી કે, કોઈપણ રાજ્ય સરકારને કેન્દ્રીય તપાસ એજન્સીઓના કામમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મમતા બેનર્જી સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં કેવિએટ પિટિશન દાખલ કરી દીધી છે. આ કેવિએટમાં બંગાળ સરકારે અપીલ કરી છે કે, સુપ્રીમ કોર્ટ કોઈ આદેશ આપતા પહેલા બંગાળ સરકારનો પક્ષ સાંભળે. સુત્રો અનુસાર ઈડી આ મામલે સુપ્રીમ કોર્ટમાં જવા અંગે વિચારી કરી રહી છે. એજન્સી હાલના કાયદાકીય વિકલ્પોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તમામ પ્રકારની સંભાવના પર મંથન કરી રહી છે. કેવિએટ દાખલ થયા બાદ કોર્ટને બંન્ને પક્ષોને સાંભળવાની ફરજ પડે છે.

ગુરૂવારે ઈડીએ કોલસા તસ્કરી અને મની લોન્ડ્રિંગ મામલે આઈપેકના કોલકાતા ખાતેની ઓફિસ અને તેના ડાયરેક્ટર પ્રતીક જૈનના ઘરે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને એજન્સીનો દાવો છે કે, આ દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સર્ચ માટેના સ્થળો પર ઘુસીને પુરાવાઓ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો પોતાના કબ્જામાં લઈ લીધા છે. ઈડી અને ટીએમસીએ આ મામલે એકબીજા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. બીજી તરફ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ત્યાર બાદ ઈડી પર અધિકારી ક્ષેત્રની બહાર પગલું ઉઠાવવાનો આરોપ લગાવ્યો. ઈડીએ કોલકાતા હાઈકોર્ટમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ સીબીઆઈ તપાસની માંગ કરી, આ આરોપ લગાવતા તેમણે પોલીસની મદદથી જૈનના ઘરેથી એજન્સીઓના કબજામાં રહેલા પુરાવાઓને હટાવી દીધા હતા.

ટીએમસીનો આરોપ છે કે, ઈડીનો ઉદ્દેશ્ય ભ્રષ્ટાચારની તપાસ નહીં પરંતુ ચૂંટણીની રણનીતિ અને ગુપ્ત ડેટા ચોરવાનો છે. મમતા બેનર્જીએ કહ્યું કે, ઈડી અધિકારી સવારે 6 વાગ્યે પહોંચ્યા જ્યારે 11.45 વાગ્યે ઘટના સ્થળે પહોંચ્યા. કેન્દ્ર સરકાર પર એજન્સીઓના દુરુપયોગ અને વિપક્ષી પાર્ટી ભાજપને અનેક રાજ્યોમાં સત્તા અપાવવાનો આરોપ લગાવ્યો.

બાતમીના આધારે ધરપકડ

મહિલા સોનાની વીંટી હોય એવી જ બગસરાની વીંટીનો સ્ટોક રાખતી

# અમદાવાદના વિવિધ જ્વેલર્સ શો-રૂમમાં ગ્રાહક બનીને સોનાની વીંટીઓ સેરવી લેતી શાતિર મહિલાને નરોડા પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડી

**ચોરીની ટેવ ધરાવતી પ્રવીણા વિરુદ્ધ વડોદરામાં પણ 6 ગુના દાખલ : સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં પણ પ્રવીણા જ ચોર**

• અમદાવાદ

અમદાવાદના વિવિધ જ્વેલર્સ શો-રૂમમાં ગ્રાહક બનીને સોનાની વીંટીઓ સેરવી લેતી શાતિર મહિલાને નરોડા પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડી છે. આ મહિલાની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. મહિલા પોતાની પાસે સોના જેવી જ દેખાતી બગસરાની વીંટીઓ રાખતી અને સેલ્સમેનની નજર ચૂકવી અસલી સોનાની વીંટી ઉઠાવી એની જગ્યાએ નકલી વીંટી પધરાવી દઈ ફરાર થઈ જતી હતી. ભૂતકાળમાં 7 ગુનામાં સંડોવાયેલી આ મહિલાએ હાલ અમદાવાદમાં વધુ 5 ચોરીની કબૂલાત કરી છે. અમદાવાદમાં છેલ્લા ઘણા સમયથી શહેરના વિવિધ જ્વેલર્સ-શોપમાં શાતિર મહિલા પ્રવીણાએ ચોરી કરીને હાહાકાર મચાવી દીધો હતો. પ્રવીણા સોનાની વીંટી હોય એવી જ બગસરાની વીંટીનો સ્ટોક કરીને રાખતી હતી. જ્યારે પણ તે જ્વેલર્સ શોપમાં ચોરી કરવા માટે



જાય ત્યારે બગસરાની વીંટી સાથે લઈને જતી હતી. સેલ્સમેન વીંટી બતાવે ત્યારે પ્રવીણા નજર ચૂકવીને બગસરાની વીંટી મૂકી દેતી હતી અને સોનાની વીંટી લઈ લેતી હતી. એ બાદ વીંટી પસંદ નથી આવી એવું કહીને પ્રવીણા જતી રહેતી હતી. જ્યારે શોપમાલિક કે કર્મચારીઓને ખબર પડે ત્યાં સુધીમાં પ્રવીણા દૂર નીકળી જતી હતી. એ દરમિયાન નરોડા પોલીસ સ્ટેશનની ટીમને બાતમી મળી હતી કે જ્વેલર્સની શોપમાંથી સોનાની વીંટીની ચોરી કરનાર એક મહિલા જાંબલી કલરનો ડ્રેસ પહેરીને નરોડા સ્મશાનની પાછળના ભાગે ઊભી છે. બાતમીના આધારે નરોડા પોલીસની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મહિલાની અટકાયત કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં મહિલાનું નામ પ્રવીણા સેનવા અને તે હાલ વડોદરા ખાતે આવેલા ઔડાના મકાનમાં રહેતી હોવાનું ખૂલ્યું હતું. તે મૂળ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના આંબલિયાળા ગામની રહેવાસી છે.

પોલીસ મહિલાની પૂછપરછ કરતાં તેણે પાંચ મહિના પહેલાં વિનાયક ગોલ્ડ પેલેસ જ્વેલર્સમાં સોનાની વીંટીની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે પ્રવીણાની ધરપકડ કરીને વધુ પૂછપરછ કરી હતી. પ્રવીણાએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે તે જ્વેલર્સની શોપમાં સોનાના દાગીના ખરીદવાના બહાને જતી અને માલિક તેમજ કર્મચારીઓની નજર ચૂકવીને ચોરી કરતી હતી. પોલીસે પ્રવીણા પાસેથી 99 હજાર રૂપિયાની સોનાની રણી, 49 હજાર રૂપિયાની સોનાની ત્રણ વીંટી સહિત કુલ 2.90 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેણે નરોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિસ્તારમાં બે ગુના આચર્યા છે, જ્યારે ઓઢવમાં એક અને સાબરમતીમાં એક ગુના આચર્યો છે. સાબરમતી વિસ્તારમાં આવેલા સુખધામ બંગલોઝમાં રહેતા સિદ્ધાર્થ કટારિયાએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં અજાણી મહિલા વિરુદ્ધ ચોરીની ફરિયાદ કરી હતી. સિદ્ધાર્થ મહાવીર જ્વેલર્સ નામની શોપ ધરાવે છે અને એમાં 9 કર્મચારી નોકરી કરે છે. 17 ઓગસ્ટના રોજ સિદ્ધાર્થ શોરૂમ પર દાગીનાનો સ્ટોક ગણી રહ્યો હતો ત્યારે એક સોનાની વીંટી મળી આવી નહીં. સિદ્ધાર્થે CCTV ચેક કરતાં જાણવા મળ્યું હતું કે એક મહિલા દાગીના જોવાના બહાને આવી હતી અને સેલ્સમેનની નજર ચૂકવીને ચોરીની ઘટનાને અંજામ આપીને ફરાર થઈ ગઈ હતી. સિદ્ધાર્થ બહારગામ હોવાથી તેણે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું, પરંતુ નરોડા પોલીસે પ્રવીણાની ધરપકડ કરી, જે બાદ સિદ્ધાર્થના CCTV ફૂટેજમાં પણ તેજ ગ્રાહક બનીને આવી હોવાનું સામે આવતાં અંતે ગુનો નોંધાયો હતો. પ્રવીણા વિરુદ્ધ ચાર ગુના તો નોંધાયા છે, ત્યારે આજે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાય એવી શક્યતા છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક જ્વેલર્સ શોપમાંથી પ્રવીણાએ સોનાના દાગીનાની ચોરી કરી હતી. તેની હરકતો સીસીટવી ફૂટેજમાં આવી ગઈ હતી, જેના કારણે શોપના માલિકે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસ આ મામલે ગુનો નોંધે એવી શક્યતા છે.

પ્રવીણાની ધરપકડ થઈ ત્યારે પોલીસને જાણવા મળ્યું કે તે અનેક વખત પોલીસ સકંજામાં આવી ગઈ છે. ચોરીની ટેવ ધરાવતી પ્રવીણા વિરુદ્ધ વડોદરા પોલીસ સ્ટેશનમાં 6 ગુના દાખલ થયા છે. વડોદરામાં આવેલા લક્ષ્મીપુરા, કઠલાલ, વાડી, ગોત્રી તેમજ હરણી પોલીસ સ્ટેશનમાં 6 ગુના નોંધાયા છે, જ્યારે એક ગુનો ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. હાલ પ્રવીણા વિરુદ્ધ 11થી વધુ ગુનાઓ છે.

હેકિંગ ટાળવા માટે કમ્પ્યુટર જેવા સાધનો ને સુરક્ષિત રાખવા વિશે ભાર મૂક્યો

# 2026 ના રોજ થયેલ 'સાયબર જાગૃતિ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું

**સૂચનો કરાયા** | દરેક વ્યક્તિએ મજબૂત અને સહેલાઈથી જાણી ન શકાય તેવો પાસવર્ડ રાખવો જોઈએ

• અમદાવાદ

GCCI મહાજન સંકલન ટાસ્કફોર્સ દ્વારા શુક્રવાર, 9 જાન્યુઆરી, 2026 ના રોજ 'સાયબર જાગૃતિ કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ GCCI ડિજિટલ માર્કેટિંગ અને મીડિયા કમિટી તેમજ GCCI યુથ કમિટી ના સહયોગ થી આયોજિત થયો હતો.

આ પ્રસંગે શ્રી પ્રતિપાલસિંહ ઝાલા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, સાયબર ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ સિટી, દ્વારા સાયબર જાગૃતિ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. આ અવસરે જીસીસીઆઈના પ્રમુખ શ્રી સંદીપ એન્જિનિયર હાજર રહ્યા.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા GCCI ના માનદ કોષાધ્યક્ષ શ્રી



ગૌરાંગભાઈ ભગતે વર્તમાન સમયમાં ઈન્ટરનેટ આધારિત સેવાઓ અને મોબાઈલ ફોન દ્વારા સંદેશા વ્યવહાર પર આપણી વધુને વધુ નિર્ભરતા વિશે ઉલ્લેખ કર્યો હતો. તેઓએ ઉમેર્યું હતું કે વર્તમાનમાં આપણો દેશ 'ડિજિટલ અર્થતંત્ર' માં મોખરે છે તેમજ સાથે સાથે ઝડપથી વધી રહેલા ઈન્ટરનેટ આધારિત અને નેટ-બેન્કિંગ વ્યવહાર સાયબર ગુનાની શક્યતા વધારી રહ્યા છે. તેઓએ વિવિધ ગુનાઓ જેવાકે ડિજિટલ એરેસ્ટ, સ્કેમ્સ, UPI સંબંધિત ગુનાઓ વગેરેની વધતી જતી ઘટનાઓ વિશે ચિંતા વ્યક્ત કરી હતી અને ઉમેર્યું હતું કે આપણે સૌએ એક પ્રોટોકોલ અપનાવવો જોઈએ અને સાયબર સંબંધિત છેતરપિંડી ટાળવા માટે શું કરવું અને શું ન કરવું તે સમજવું જોઈએ. તેમણે ઉપસ્થિત સન્માનનીય વક્તાશ્રીઓનું સ્વાગત કર્યું હતું તેમજ આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ GCCI મહાજન સંકલન ટાસ્કફોર્સ અને સમર્થન માટે GCCI ડિજિટલ માર્કેટિંગ અને મીડિયા કમિટી અને GCCI યુથ કમિટીને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે બોલતા, સાયબર ક્રાઈમના શ્રી પ્રતિપાલસિંહ ઝાલા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ સાયબર છેતરપિંડીના વધતા જતા કિસ્સાઓ વિશે વાત કરી હતી તેમજ આ બાબત મદદરૂપ થવા સાયબર ક્રાઈમ વિભાગ ની ભૂમિકા વિષે પણ વિગતો આપી હતી. તેઓએ ભાર મૂક્યો હતો કે સાયબર સિક્યોરિટી માટે દરેક વ્યક્તિએ મજબૂત અને સહેલાઈથી જાણી ન શકાય તેવો પાસવર્ડ રાખવો જોઈએ તેમજ કોઈ પણ સાઈટ ખોલતા પહેલા તે ઓફીસીઅલ સાઈટ છે કે નહિ તેની ખાતરી કરવી જોઈએ. તેઓએ હેકિંગ ટાળવા માટે કમ્પ્યુટર જેવા સાધનો ને સુરક્ષિત રાખવા વિશે ભાર મૂક્યો હતો. તેમજ જણાવ્યું હતું કે કોઈએ શંકાસ્પદ લિંક્સ ખોલવી જોઈએ નહીં અને અજાણ્યા કોલર્સને સંવેદનશીલ વિગતો શેર કરવી જોઈએ નહીં. તેઓએ અવિશ્વસનીય બાહ્ય સેવાઓનો ઉપયોગ કરવાનું ટાળવાનું પણ સૂચન કર્યું હતું. તેમણે સાયબર ગુનાનો ભોગ બનવાની સ્થિતિમાં તાત્કાલિક સહાય માટે 1930 હેલ્પલાઈન નંબર અંગે પણ ઉપસ્થિત સભ્યોને માહિતગાર કર્યા.

શ્રી આશિષભાઈ ઝવેરી, ચેરમેન, જી.સી.સી.આઈ મહાજન સંકલન ટાસ્કફોર્સ દ્વારા આભારવિધિ પછી આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

મનસુખ માંડવીયા અને હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં

# વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવ' યોજાઈ

• અમદાવાદ

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી મનસુખ માંડવીયા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી તથા રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ગવર્નન્સ કોંકલેવ યોજાઈ હતી. અમદાવાદ ખાતે આયોજિત સ્પોર્ટ્સ ગવર્નન્સ કોન્ક્લેવમાં કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ હવે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ સિટી પ્લાનિંગનો જ એક અભિન્ન ભાગ બની ગયું છે. સરકારનું મુખ્ય લક્ષ્ય 2036ના ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખીને એવા આંતરરાષ્ટ્રીય સ્તરના માળખાકીય સુવિધાઓ તૈયાર કરવાનું છે, જે ભવિષ્યની મોટી વૈશ્વિક ઈવેન્ટ્સ માટે પાયાનું કામ કરે. વર્ષ 2014 પછી દેશમાં 'ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઈન્ડિયા' જેવા અભિયાનો દ્વારા જે સ્પોર્ટ્સ કલ્ચર



વિકસ્યું છે, તે હવે 'ખેલો ભારત' નીતિ અને 2036 ઓલિમ્પિક્સના મક્કમ સંકલ્પ તરફ આગળ વધી રહ્યું છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ભારતનો અભિગમ હવે સંપૂર્ણપણે 'એથલીટ સેન્ટ્રિક' બની રહ્યો છે. વર્ષોથી પડતર રહેલા 'સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ' દ્વારા ફેડરેશનોમાં પારદર્શિતા લાવવામાં આવશે જેથી ખેલાડીઓના હિતોને સર્વોપરી રાખી શકાય. આગામી 10 વર્ષ માટે ખાસ 'મેડલ સ્ટ્રેટેજી' તૈયાર કરવામાં આવી છે, જેનો અંતિમ ઉદ્દેશ્ય વર્ષ 2047 સુધીમાં ભારતને દુનિયાના ટોચના પાંચ સ્પોર્ટ્સ રાષ્ટ્રોમાં સામેલ કરવાનો છે. આ ઉપરાંત નવી શિક્ષણ નીતિ હેઠળ રમતગમતને શૈક્ષણિક ક્રેડિટ સાથે જોડીને ખેલાડીઓ માટે સુરક્ષિત કારકિર્દી અને નિવૃત્તિ પછી કોચિંગ કે મેનેજમેન્ટમાં નવી તકો ઊભી કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં આવેલી રમતગમતની ક્રાંતિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભને કારણે રાજ્યના ખેલાડીઓની માનસિકતા બદલાઈ છે અને આ વર્ષે 73 લાખ ખેલાડીઓની વિક્રમી સહભાગીદારી નોંધાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શનમાં માત્ર 20 મહિનામાં તૈયાર થયેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તેની ઝડપી કામગીરી અને આધુનિક સુવિધાઓનું ઉત્તમ ઉદાહરણ છે.

# કાળાતળાવ ગામ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે ઝડપાયા

## લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂ કાર મળી રૂ. 5.53 લાખનો મુદ્દામાલ કબજે લીધો

ભાવનગર : કાળાતળાવ ગામ પાસે રોડ પરથી ઈંગ્લિશ દારૂ ભરેલી કાર સાથે લોકલ ક્રાઈમ બ્રાન્ચે બે શખ્સને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગર, એલસીબીનો સ્ટાફનાં ભાવનગર શહેર/ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમિયાન બાતમી મળેલ કે, કાર નં.જીજે-૦૪-સીજે-૬૯૩૬ માં બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી નિરમાના પાટીયા તરફ થી ભાવનગર બાજુ આવી રહેલ છે. જે બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાળા તળાવ ગામ પાસે રોડ ઉપર વોચ ગોઠવી આવી રહેલ કારને અટકાવી તલાશી લેતા વિદેશી દારૂની ૯૬૦ બોટલ રૂ.૨,૫૩,૪૪૦ નું મળી આવતા પોલીસે જયેન્દ્ર ઉર્ફે જયલો અરવિંદભાઈ પટેલ ( રહે.એસ.બી.આઈ. બેંકની બાજુમાં, જુના પેટ્રોલ પંપ, ટેકરી ચોક, રૂવાપરી રોડ, ભાવનગર ), પ્રકાશ ઉર્ફે ભુરો વિનુભાઈ ચુડાસમા ( રહે.ઉલ્લાસ મીલની



સામે,રૂવાપરી રોડ, ખેડુતવાસ, ભાવનગર ) ને વિદેશી દારૂ,કાર મળી રૂ.૪,૫૩,૯૪૦ ના મુદામાલ ઝડપી લઈ પૂછપરછ કરતા પ્રવિણ ઉર્ફે પલ્લો જાદવભાઈ વાજા ( રહે.કરચલીયા પરા, ભાવનગર )ની મદદગારી ખોલતા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણેય ઈસમ વિરૂધ્ધ વેળાવદર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# ટોકરાળા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

• સુરેન્દ્રનગર

લીમડી-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલા ટોકરાળા ગામના પાટીયા પાસે એક અજાણ્યા વાહન ચાલકે આધેડને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે આધેડનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી વાહન ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. અકસ્માત સમયે નજીકની હોટલના સંચાલકોએ આ અંગે જાણ કરતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરતા મૃતકની ઓળખ પરમાર ગલાભાઈ ભલાભાઈ તરીકે થઈ હતી. પોલીસે આ અંગે તેમના પરિવારજનોને જાણ કરી ફરાર વાહન ચાલકની શોધખોળ માટે પોલીસે હાઈવે પરના સીસીટીવી ફૂટેજ તપાસવાની તજવીજ હાથ ધરી છે.

નોંધનીય છે કે, એક તરફ તંત્ર દ્વારા 'માર્ગ સલામતી માસ'ની ઉજવણી કરી અકસ્માતો ઘટાડવાના દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ જિલ્લામાં અકસ્માતોની ઘટનાઓ ઘટવાનું નામ નથી લઈ રહી.

વ્યવસ્થિત હોસ્પિટલ બને તેવી દર્દીઓમાં માંગ ઉઠવા પામી

# ડભોઈ રેફરલ હોસ્પિટલની હાલત અતિ બિસ્માર: 118 ગામોના દર્દીઓ રામભરોસે

• ફકીરા ખત્રી ડભોઈ તા

ડભોઈ તાલુકા અને આ સપાસના 118 ગામો માટે જે હોસ્પિટલ એક સમયે 'આશીર્વાદરૂપ' ગણાતી હતી, તે આજે પોતે જ બીમાર હાલતમાં હોય તેવું જણાય છે. હોસ્પિટલના અંદાજે 10થી વધુ રૂમો કન્ડમ (બિનઉપયોગી) જાહેર કરી દેવાતા હજારો દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભયના ઓથાર હેઠળ સારવાર: તંત્રએ માર્યા તાળા હોસ્પિટલની છત અને દીવાલોમાંથી પોપડા ખરી રહ્યા હોવાથી દર્દીઓ અને સ્ટાફ પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે રૂમોની બહાર 'આ રૂમ ભયજનક




છે, કોઈએ પ્રવેશ કરવો નહીં' તેવા બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. પરિણામે, હોસ્પિટલના મહત્વના વિભાગોને તાળા મારી દેવાની નોબત આવી છે:બ્લડ ડોનેશન રૂમ OPD રૂમ એક્સ-રે (X-ray) રૂમ બાળકોનો રસીકરણ રૂમ દર્દીઓની હાલાકી અને ડોક્ટરોની મજબૂરી રો જના હજારો દર્દીઓ ડભોઈ તા લુકામાંથી આ હોસ્પિટલમાં આ શા લ ઈને આવે છે, પરંતુ મહત્વના રૂમો બંધ હોવાથી તેમને હાલાકી ભોગવવી પડે છે. ડોક્ટરો પણ પોતાની ફરજ નિભાવવા માટે અન્ય જગ્યાએ બેસીને કામચલાઉ વ્યવ સ્થા હેઠળ સારવાર આપી ર હ્યા છે મુખ્ય માંગણી તંત્ર દ્વારા વહેલી તકે આ બિલ્ડિંગનું રિપેરિંગ કામ શરૂ કરવામાં આવે અથવા તો નવું આયોજન કરવામાં આવે, જે થી ગરીબ દર્દીઓને સમયસર અને સુ રક્ષિત સારવાર મળી શકે હાલ સમગ્ર ગુજરાતમાં ટેકનોલોજી હોસ્પિટલો બની રહ્યા છે ડભોઈનો પણ વ્યવસ્થિત હોસ્પિટલ બને તેવી દર્દીઓની માંગ ઉઠવા પામી છે

**આદેશ** આ ઘટના અંગે 30 લાખ રૂપિયાનું વળતર મેળવવા અને જાહેરમાં માફી માંગવા ગ્રાહકે રેસ્ટોરન્ટને લીગલ નોટિસ મોકલી હતી

# અમદાવાદના શાકાહારી બ્રાહ્મણ પરિવારને વેજ મખ્ખનવાલાની જગ્યાએ મુર્ગ મખ્ખનવાલા પીરસાયું!



ફરિયાદી

: ક્લબ ઓ સેવનમાં આવેલી રેસ્ટોરન્ટને 25 હજાર ચૂકવવા ગ્રાહક ફોરમનો હુકમ

અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં આવેલી એક જાણીતી રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા શુદ્ધ શાકાહારી પરિવારને વેજીટેરિયન ભોજનની જગ્યાએ નોન વેજીટેરિયન ભોજન પીરસી દેવાતા ગ્રાહકે, ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં કેસ દાખલ કર્યો હતો. ગ્રાહક તકરાર નિવારણ કમિશને રેસ્ટોરન્ટને ગ્રાહક તરફે 25 હજાર રૂપિયા ચૂકવવા આદેશ કર્યો છે. અમદાવાદના શેલા વિસ્તારમાં રહેતા સામજિક કાર્યકર ગૌરાંગ રાવલે એડવોકેટ કુંતલ જોશી મારફતે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમદાવાદમાં શેલા ખાતે આવેલ ક્લબ ઓ સેવનની ક્યૂબ લોન્જ સામે 30 લાખ રૂપિયાનો દાવો દાખલ કર્યો હતો. ક્યૂબ લોન્જ રેસ્ટોરન્ટ વ્યાંધમ ગ્રુપ દ્વારા મેનેજ કરવામાં આવે છે. અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે તે પોતાના બહેન અને બનેવી સાથે 7 માર્ચના રોજ ઉપરોક્ત રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. જ્યાં તેમને વેઈટરને 1 વેજ મખ્ખનવાલા, 3 બટર રોટી, 1 દાલફ્રાય, 2 ફ્રાય પાપડ અને 2 છાશનો ઓર્ડર કર્યો હતો. 15 મિનિટ બાદ વેઈટરે ઓર્ડર સર્વ કર્યો હતો. પરંતુ તેમાં વેજ મખ્ખનવાલાનું શાક દેખીતી રીતે હોવું જોઈએ તેવું લાગતું નહોતું. આથી ગ્રાહકે વેઈટરને અને શૅફને પૂછતાં તેમને જણાવ્યું હતું કે આ શાક વેજ મખ્ખનવાલા જ છે. આથી ગ્રાહકે પોતાના બહેન અને બનેવી સાથે ખાવાનું શરૂ કરતાં તેને કાઈ અજુગતું લાગ્યું હતું. તેને એવો અંદેશો આવી ગયો હતો કે આ માંસાહારી ખોરાક છે. તેને વેઈટર અને શૅફને આ અંગે પૂછતાં તેઓ તે વાત માનવા તૈયાર નહોતા. જો કે પાછળથી એક શેફે સ્વીકાર્યું હતું કે આ વેજ મખ્ખનવાલા નહિ પણ મુર્ગ મખ્ખનવાલા છે, એટલે કે ચિકનની માંસાહારી વસ્તુ છે. ગ્રાહક અને તેના બહેન બનેવી બ્રાહ્મણ પરિવારમાંથી આવે છે. તેમજ ચુસ્ત શાકાહારી છે. તેમને જીવનમાં કદી માંસાહાર કર્યો નથી. હકીકત ખબર પડતાં અરજદારની બહેનને આઘાત લાગ્યો હતો અને તે રડવા લાગી હતી. વેઈટર પણ ભૂલ સ્વીકારવા તૈયાર નહોતો અને કહ્યું હતું કે ગ્રાહકે માંસાહારી ડીશ માંગી હતી. જ્યારે ગ્રાહકે લખાવેલ ઓર્ડર ચિટ્ઠી જોઈ ત્યારે ખબર પડી કે વેઈટર ખોટો હતો. આખરે વેઈટરે લેખિતમાં માફી માંગી હતી. જેનો ગ્રાહકે અસ્વીકાર કર્યો હતો. આ સંદર્ભે રેસ્ટોરન્ટ મેનેજ કરતા વ્યાંધમના વાઈસ પ્રેસિડન્ટને રજૂઆત કરતા તેમને મેનેજર સાથે વાત કરવા જણાવ્યું હતું. મેનેજરને રજૂઆત કરતા તેમને ગ્રાહકની તકલીફ સમજવાની જગ્યાએ મફતમાં લંચ ઓફર કર્યું હતું. જેથી ગ્રાહકને આશ્ચર્ય અને આઘાત લાગ્યો હતો. તેઓ પરિવાર સાથે રેસ્ટોરન્ટમાં બહાર નીકળી ગયા હતા. ગ્રાહકનું ઘર શેલાથી નજીક હોવાથી અને આ રેસ્ટોરન્ટમાં અગાઉ પણ આવી ચૂક્યા હોવાથી અહીં બહારથી આવેલા પોતાના બહેન બનેવી ફોર્સ કરીને સાથે ભોજન કરવા લાવ્યો હતો. જો કે આ ઘટના બાદ તેઓ ઘરે પહોંચતા ગ્રાહકની બહેનની તબિયત બગડી હતી અને ઊલ્ટી કરી હતી. બહેને ભાઈને ઠપકો આપીને તેની સાથે બોલવાનું બંધ કરી દીધું હતું. આ ઘટના અંગે 30 લાખ રૂપિયાનું વળતર મેળવવા અને જાહેરમાં માફી માંગવા ગ્રાહકે રેસ્ટોરન્ટને લીગલ નોટિસ મોકલી હતી. જેમાં જણાવાયું હતું કે 15 દિવસમાં જો તે આ નોટીસ સંદર્ભે કાર્યવાહી નહિ કરે તો ગ્રાહક રેસ્ટોરન્ટ સામે કેસ કરશે. તેમજ AMC, FSSAI અને હેલ્થ વિભાગમાં પણ ફરિયાદ કરશે. આ સાથે ગ્રાહકે 25 હજારનો નોટિસ મોકલવાનો લીગલ ખર્ચ પણ માંગ્યો હતો. જો કે 20 દિવસ ઉપરનો સમય વિતી ગયો હોવા છત્તા રેસ્ટોરન્ટ તરફથી કોઈ જવાબ ના મળતા ગ્રાહકે અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં રેસ્ટોરન્ટ સામે 30 લાખ રૂપિયાનો દાવો દાખલ કર્યો હતો. જેમાં 10 લાખ રૂપિયા માનસિક પીડાના, 10 લાખ રૂપિયા પારિવારિક સંબંધ બગાડવાના અને 10 લાખ રૂપિયા મૂળભૂત હક્કોના ભંગ બદલ વળતર સ્વરૂપે માંગવામાં આવ્યા છે. તો 50 હજાર રૂપિયા કમિશનમાં કેસ દાખલ કરવાના કાનૂની ખર્ચના માંગવામાં આવ્યો હતો. સામે પક્ષે રેસ્ટોરન્ટ તરફે રજૂઆત થઈ હતી કે વેઈટર દ્વારા ઓર્ડર લેવામાં ભૂલ થવી તે એક માનવીય ભૂલ છે. જાણી જોઈને તેમનો ઈરાદો કોઈની ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડવાનો નહોતો. શુદ્ધ શાકાહારી વ્યક્તિએ ફક્ત શાકાહારી રેસ્ટોરન્ટમાં જમવા જવાનું પસંદ કરવું જોઈએ. જો કે ગ્રાહક કમિશનને આ દલીલ નકારી નાખી નોંધ્યું હતું કે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડીને ફક્ત માફી માંગી લેવાથી કામ પતી જતું નથી. આથી ગ્રાહકને 20 હજાર રૂપિયા વળતર અને 05 હજાર રૂપિયા કેસનો ખર્ચ ચૂકવવામાં આવે.

પોલીસ પૂછપરછમાં આરોપીએ કર્યો ખુલાસો

# અમદાવાદના ક્રાઈમ બ્રાન્ચે બે પિસ્તોલ અને ચાર જીવતા કારતૂસ સાથે એક શખસની કરી ધરપકડ

**ખુલાસા** મધ્યપ્રદેશના અલીરાજપુર અને ભાવરા વિસ્તારમાંથી ખરીદ્યા હતા

• અમદાવાદ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે વટવાના બીબી તળાવ ચાર રસ્તા પાસેથી બે દેશી બનાવટની પિસ્તોલ અને ચાર જીવતા કારતૂસ સાથે એક શખસની ધરપકડ કરી હતી. શુક્રવારે(9 જાન્યુઆરી) મોડી સાંજે ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઘટનાસ્થળે પહોંચીને હથિયાર સાથે આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસ મુજબ, ઝડપાયેલા આરોપીની ઓળખ વટવાના રહેવાસી યુસુફ ઉર્ફે મામા હસનભાઈ પટેલ તરીકે થઈ છે. માન્ય લાઈસન્સ કે પરમિટ વિના હથિયારો અને દારૂગોળો રાખવા બદલ તેની સામે આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા અનુસાર, અમદાવાદ શહેરમાં વ્યક્તિઓ અને



મિલકત વિરુદ્ધના ગુનાઓમાં સંડોવાયેલા ફરાર ગુનેગારોને શોધવાના હેતુથી પેટ્રોલિંગ અભિયાનના ભાગ રૂપે 9 જાન્યુઆરી, 2026ના રોજ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાંજે લગભગ 7:15 વાગ્યે, ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે ગેરકાયદે હથિયારો રાખતો યુસુફ વટવાના બીબી લેક ક્રોસરોડ્સ પર અલ્લાહ મસ્જિદ પાછળ એક ખુલ્લા પ્લોટમાં બેઠો હતો. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ એક ખાનગી વાહનમાં ઘટનાસ્થળે પહોંચીને આરોપીની ઝડપી પાડ્યો હતો. આરોપીના જેકેટના અંદરના ખિસ્સામાંથી એક દેશી બનાવટની લોખંડની પિસ્તોલ અને કારતૂસ મળી આવ્યા હતા. પિસ્તોલ ખાલી મળી આવી હતી. પોલીસ પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે, તેના નિવાસસ્થાને બીજી પિસ્તોલ પણ છુપાવી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ યુસુફના ઘરે પહોંચીને ચકાસતા તિજોરીમાંથી અન્ય એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવી હતી. જપ્ત કરવામાં આવેલા હથિયારની કિંમત 50,800 રૂપિયા આંકવામાં આવે છે. આરોપી યુસુફે આ પિસ્તોલ અને કારતૂસ લગભગ અઢી મહિના પહેલા મધ્યપ્રદેશના અલીરાજપુર અને ભાવરા વિસ્તારમાંથી ખરીદ્યા હતા. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત વન વિભાગનો ઐતિહાસિક નિર્ણય, 427 વનરક્ષકોને વનપાલ તરીકે બઢતી અપાઈ

## કર્મચારીઓને હિન્દી પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી

• ગાંધીનગર

ગુજરાત વન વિભાગે રાજ્યના વન અને વન્યજીવ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. વિભાગે એક જ આદેશમાં 427 વનરક્ષકો (બીટ ગાર્ડ)ને વનપાલ (ફોરેસ્ટર) તરીકે બઢતી આપી છે. આ વિભાગના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો બઢતીનો આદેશ છે, જેનાથી ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓમાં પહેલીવાર આનંદની લહેર ફરી વળી છે. છેલ્લા ઘણાં સમયથી વન વિભાગના કર્મચારીઓમાં વિવિધ સ્તરે નારાજગી જોવા મળી હતી. કેટલાંક મહિના પૂર્વે મોટા પાયે ગુજરાત રાજ્યના વન કર્મીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે જઈને કેટલીક માંગણી પણ કરી હતી. લાંબા સમય પછી આ નિર્ણયથી વન સંરક્ષણની કામગીરીમાં વધુ બદલાવ આવશે અને પાયાના સ્તરે વહીવટી માળખું વધુ સુદૃઢ બનશે. બદલીનો આ આદેશ 8 જાન્યુઆરી, 2026ના રોજ વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવ આસવ ગઢવી દ્વારા જારી કરવામાં આવ્યો છે. વનરક્ષક, વર્ગ-3(પગાર ધોરણ 18,000- 56,900 રૂપિયા પે મેટ્રિક્સ લેવલ-1)માંથી વનપાલ, વર્ગ-3(પગાર



ધોરણ 25,500-81,100, પે મેટ્રિક્સ લેવલ-1)માં બઢતી આપવામાં આવી છે. કુલ 425 કર્મચારીઓને તદ્દન હંગામી ધોરણે બઢતી મળી છે, જ્યારે 2 કર્મચારીઓને એડહોક ધોરણે બઢતી આપવામાં આવી છે. આ બઢતીની પસંદગી યાદીમાં વિવિધ વર્ગો અને જિલ્લાઓના કર્મચારીઓનો સમાવેશ છે. જેમ કે, વડોદરા સર્કલ, સુરત સર્કલ, જૂનાગઢ વાઈલ્ડલાઈફ સર્કલ, વલસાડ સર્કલ વગેરેમાંથી કર્મચારીઓને બઢતી મળી છે. કેટલાક કર્મચારીઓ કેવડિયા જંગલ સફારી અને અન્ય ડેપ્યુટેશન પર કામ કરી રહ્યા છે. આ આદેશમાં ઉલ્લેખ છે કે બઢતી સિનિયોરિટી, કોર્ટ કેસ અને ખાતાકીય તપાસને આધીન રહેશે. વધુમાં કેટલાક કર્મચારીઓને હિન્દી પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી આપવામાં આવી છે. આ નિર્ણયની વ્યાપક અસર વન વિભાગના કર્મચારીઓમાં જોવા મળી રહી છે.

# અમદાવાદમાં ધાર્મિક વિધિના નામે માતાજીનો ડર બતાવી વૃદ્ધાને 'હિપ્નોટાઈઝ' કરી, સોનાના ઘરેણાં લૂંટનાર ઝડપાયો

• અમદાવાદ

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં એક વૃદ્ધાને પોતાની વાતોમાં ફસાવી, ધાર્મિક વિધિ અને માતાજીના નામે સંમોહન(Hypnotism) કરી સોનાના દાગીના ચોરી જનાર 21 વર્ષીય યુવકની ઝોન-7 એલસીબી (LCB)એ ધરપકડ કરી છે. આ ટોળકી ધાર્મિક આસ્થાનો સહારો લઈને ભોળા નાગરિકોને પોતાની જાળમાં ફસાવતી હતી. મળતી માહિતી અનુસાર, 23મી નવેમ્બર 2025ના રોજ વેજલપુર વિસ્તારમાં એક વૃદ્ધા મંદિર જઈ રહ્યા હતા, ત્યારે બે શખસોએ તેને રસ્તામાં અટકાવ્યા હતા. આ શખસોએ પોતાની ઓળખ ખોડિયાર માતાજી અને કાળકા માતાજીના સેવકો તરીકે આપી હતી અને ખોડિયાર માતાજીના મંદિરનું સરનામું પૂછવાના બહાને વાતચીત શરૂ કરી હતી. શરૂઆતમાં આ શખસોએ વૃદ્ધા પાસે એક રૂપિયો માંગ્યો હતો અને બદલામાં તેમને 100 રૂપિયા આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ, માતાજીના નામે



વિધિ કરવાનું કહી વૃદ્ધા પર સંમોહનનો પ્રયોગ કર્યો હતો. આ શખસોની વાતોમાં આવી ગયેલા વૃદ્ધાએ પોતાની સોનાની બંગડી ઉતારી તેમને આપી દીધી હતી, જે લઈને બંને શખસો પલાયન થઈ ગયા હતા. વેજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ, ઝોન-7 એલસીબીની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે સુનીલનાથ ચૌહાણ ઉર્ફે મદારી (21)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં આરોપી પાસેથી 13.160 ગ્રામ સોનાની બંગડી (કિંમત 1 લાખ રૂપિયા) અને સોનાની ચેન સહિત કુલ 1.8 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ ગુનામાં સામેલ બીજો શખસ, પવનનાથ ઠાકોરનાથ ચૌહાણ હાલ ફરાર છે, જેને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ સુનીલનાથ ચૌહાણ રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ પીપાવાવ (અમરેલી), વડનગર (મહેસાણા), ઉના (ગીર સોમનાથ) અને દહેગામમાં છેતરપિંડી અને ચોરીના અનેક ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ ટોળકી અગાઉ પણ અનેક લોકોને આ જ રીતે શિકાર બનાવી ચૂકી હોવાની આશંકા છે. રસ્તામાં કોઈ અજાણ્યા વ્યક્તિ ધાર્મિક વિધિ કે આશીર્વાદના નામે કિંમતી વસ્તુઓ માંગે તો તરત જ પોલીસનો સંપર્ક કરો.

# અમદાવાદ શહેરની 3 જાણીતી સ્કૂલોએ ફી પરત કરવી પડશે, સમિતિએ ફી વધારો નામંજૂર કર્યો

• અમદાવાદ

સરકારે સ્કૂલ ફી કાયદા અંતર્ગત રચેલી નવી કમિટીઓ ઉપરાંત ફી રિવિઝન કમિટી દ્વારા પણ સ્કૂલો સામે કડકાઈ નિર્ણય લેવાતા અને ગેરરીતિઓને ન ચલાવી લેવાતા સપાટો બોલાવવામાં આવ્યો છે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ બાદ વધુ ત્રણથી ચાર મોટી ખાનગી સ્કૂલોની ફી રિવિઝન અપીલ ફી રિવિઝન કમિટી દ્વારા ફગાવી દેવામાં આવી છે. જેમાં ઝાયડસ સ્કૂલ ફોર એક્સલેન્સ, તપોવન સ્કૂલ અને સાકાર સહિતની સ્કૂલોનો સમાવેશ થાય છે. આ સ્કૂલોએ 2024-25માં માંગેલી ફી કરતાં અમદાવાદ ઝોનની ફી કમિટીએ ઓછી ફી મંજૂર કરી હતી અને જેની સામે સ્કૂલો રિવિઝન કમિટીમાં ગઈ હતી. પરંતુ સુનાવણીમાં-ડૉક્યુમેન્ટમાં કેટલીક ગેરરીતિઓ-ખામીઓ ધ્યાને આવતાં અપીલો ફગાવી દેવાઈ છે. અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેશન કમિટી સમક્ષ વેજલપુરની ઝાડયસ સ્કૂલ ફોર એક્સલેન્સે પ્રી પ્રાયમરીથી 12 સાયન્સ સુધીના વર્ગોમાં 73325થી 96970 રૂપિયા ફી માંગી હતી. જેની સામે ફી કમિટીએ 2024-25 માટે 51266થી 66150 પ્રોવિઝનલ ફી નક્કી કરાઈ હતી. ત્યારબાદ વાંધા અરજી પછી ફી કમિટીએ 59800થી 77175 રૂપિયા ફીનો ફાઈનલ ઑર્ડર કર્યો હતો. જ્યારે 2025-26 માટે 60 હજારથી 78200 અને 2026-27 માટે 62 હજારથી 79200 રૂપિયા ફી નક્કી કરાઈ હતી. પરંતુ માંગ્યા મુજબની ફી ન મળતા સ્કૂલે રિવિઝન કમિટીમાં અપીલ કરી હતી. જેમાં રિવિઝન કમિટીના ઑર્ડર મુજબ સ્કૂલે રજૂ કરેલા કેટલાક ખર્ચા યોગ્ય ન હતા. તેમજ 10 નોન ક્વોલિફાઈડ ટીચર્સ પણ રખાયા હતા અને જેનો પગારને ખર્ચ ગણાવ્યો હતો. આ સ્કૂલમાં 1093 વિદ્યાર્થી હોય અને ખર્ચ મુજબ 47321 રૂપિયા ફી રાખી શકાય તેવું નોંધ્યું હતું. આમ સુનાવણી અને ડૉક્યુમેન્ટ ચકાસણી બાદ રિવિઝન કમિટીએ ઝાડયસ સ્કૂલની અપીલ અરજી ફગાવી દીધી છે અને ઝોનની કમિટીએ નક્કી કરેલી ફીને જ યોગ્ય ઠેરવી છે. આ ઉપરાંત ચાંદખેડાની સાકાર સ્કૂલ અને નારણપુરાના તપોવન સ્કૂલની પણ રિવિઝન ઍપ્લિકેશનો સરકારની ફી રિવિઝન કમિટીએ ફગાવી દીધી છે. તપોવન સ્કૂલમાં 2024-25 માટે પ્રી પ્રાયમરીથી સેકન્ડરી સુધીમાં 34500થી 46 હજાર અને સાકાર સ્કૂલમાં 30870થી 46830 રૂપિયા સુધીની ફાઈનલ ફી નક્કી કરાઈ હતી. જ્યારે તપોવન સ્કૂલે 64582થી 74830 રૂપિયા ફી માંગી હતી. જ્યારે સાકાર સીબીએસઈ સ્કૂલે 49 હજારથી 62500 રૂપિયા સુધીની ફી માંગી હતી. આમ તપોવન સ્કૂલની માંગ્યા કરતાં 27275 એન ઝાડયસની 13667 તથા સાકાર સ્કૂલની 17 હજાર જેટલી ઓછી ફી મંજૂર થઈ છે. જે હવે ફાઈનલ રહેતા અને અપીલો ફગાવાતા આ સ્કૂલોએ જો ગત વર્ષે માંગ્યા મુજબની વધુ ફી ઉઘરાવી હશે તો કરોડો રૂપિયાની ફી પરત કરવી પડશે. સાકાર સ્કૂલમાં 1600થી વધુ અને તપોવનમાં 944 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

તાપસીએ આઉટસાઇડર તરીકે ઇન્ડસ્ટ્રીમાં પોતાની સફરની વાત કરી

# મેં મારું પોતાનું અલગોરિધમ બનાવ્યું છે : તાપસી પન્નુ

તાપસી પન્નુ છેલ્લા ૧૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે, તે ઈન્ડસ્ટ્રીમાં કોઈની ઓળખાણ કે પરિવારના સહકાર વિના ઈન્ડસ્ટ્રીમાં આવી હતી. તેણે આવતાં પહેલાં જ સ્વીકારી લીધું હતું કે તેના માટે કશું સહેલું નહીં હોય. પરંતુ તેને વિશ્વાસ હતો કે તે પોતાના વિચાર સ્પષ્ટ રાખશે અને પોતાનાં નિર્ણય પર દૃઢ રહેશે તો તે પોતાની કૅરિઅરને લાંબા ગાળે એક વારસો બનાવી શકશે. તેણે આ વર્ષોમાં લોકપ્રિય અને વિચારપ્રેરક દરેક પ્રકારની ફિલ્મ કરી છે. તેણે પિંક, ધ ગાઝી એટેક, મુલ્ક, મનમર્ઝિયાં, મિશન મંગલ, સાંડ કી આંખ, હસીન દિલરુબા અને ડંકી જેવી ફિલ્મ કરી છે. ત્યારે ઈન્ડસ્ટ્રી બહારથી આવીને સફળતા મેળવવા પર તાપસીએ કહ્યું, ‘‘મને ખબર હતી કે કશું જ સહેલું નહીં હોય.’’તાપસી કહે છે, ‘‘પંરતુ કોઈએ ક્યારેય ન કર્યું હોય એવું કશુંક જોઈતું હોય, તો તમારે એવું કશુંક કરવું જોઈએ જે, કોઈએ ક્યારેય ન કર્યું હોય. મારે એ યાદ રાખવું પડશે કે હું જે કામ કરું છું તે મારી આવનારી પેઢીઓ માટે છે, તેથી જીવનના દરેક તબક્કે મારે એને સ્વીકારવું પડશે. હું અહીં કોઈ બીજાની નકલ કરવા નથી આવી. નહીંતર મારું ખું જીવન કોઈની નકલ બની જશે. દરેકની પોતાની અલગ હાજરી અને પોતાનો અલગ અવાજ છે, એમાં મારે મારી ઓળખ અને મારો અવાજ શોધવો પડશે, તો જ હું એક લાંબા ગાળાની અસર છોડી શકીશ.’’તેણે જે રીતે ફિલ્મો સ્વીકારી તે અંગે વાત કરતા તાપસી કહે છે, ‘‘પહેલાં તો મેં સાઉથમાં મારી કૅરિઅરની શરૂઆતમાં લોકપ્રિય વિષયની ફિલ્મો જ કરી હતી પરંતુ પછી મને સમજાયું કે આ મારો રસ્તો નથી. તેના માટે મારે કેટલીક નિષ્ફળતાઓ અને નિરાશાઓનો પણ સામનો કરવો પડ્યો છે. મને સમજાયું કે જે ફિલ્મ વધુ લોકોને સ્પર્શી શકે અને દર્શકો જેને સ્વીકારી શકે, એવી ફિલ્મમાં મારું મન અને શરીર બિલકુલ એકસુર થઈને કામ કરે છે. તેથી હવે હું મારા અંતરાત્માનો અવાજ જ સાંભળું છું. જે ફિલ્મમાં માત્ર બેંક અકાઉન્ટમાં એન્ટ્રી થતી હોય એવી ફિલ્મ હું સ્વીકારતી નથી, હું એવી જ ફિલ્મ કરું છું જે મારી સર્જનાત્મક ક્ષમતાઓને કારણે મારા માટે એક નવી કેડી કંડારે, જેના પર બહુ ઓછા લોકો ચાલ્યા હોય. એવા ઘણા રોલ અને ફિલ્મો હતી, જે મને સરળતાથી મળી જતી હતી અને મને કહેવાતું હતું કે ટોપ પર પહોંચવા માટે મારે આ જ ફિલ્મો કરવી જોઈએ, પણ એમાંથી એક પણ ફિલ્મ ચાલી નહોતી. પરંતુ એ બધા વિકલ્પોથી ઉલટા ચાલીને મેં કેટલીક ચોક્કસ ફિલ્મ સ્વીકારી, જે એ લિસ્ટર હિરોઈન નહોતી સ્વીકારતી. મને એવું સમજાતું હતું કે આ ફિલ્મોથી દર્શકોને અસર થશે અને તેમને આ ફિલ્મ સ્પર્શી જશે. જ્યારે એ ફિલ્મો ચાલે છે, ત્યારે મને સમજાયું કે અંતરાત્માનો અવાજ સાંભળીને જ ફિલ્મ સ્વીકારવી જોઈએ. મેં મારું પોતાનું અલગોરીધમ બનાવ્યું છે.’’



પ્રિયંકાની વધુ એક સિરીઝ પ્રાઇમ વીડિયો પર આવશે

# પ્રિયંકાની પાઇરેટ એડવેન્ચર ફિલ્મનું ટીઝર લૉંચ થયું



પ્રિયંકા ચોપરા ફ્રેન્ક ઈવાન ફલાવર્સ જુનિયર સાથે પાઈરેટ એડવેન્ચર ફિલ્મ ‘ધ બ્લફ’ પર કામ કરી રહી છે. આ ફિલ્મ ફેબ્રુઆરીમાં એમેઝોન પ્રાઇમ વીડિયો પર રિલીઝ થઈ રહી છે. તેનો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો હતો, પ્રિયંકાએ પણ આ ફિલ્મના કેટલાક સીન માટે ખાસ મહેનત કરી તે અંગે પણ વાત કરી હતી. આ ફિલ્મમાં પ્રિયંકા એર્સેલ બોડનનો રોલ કરી રહી છે, જે એક સમુદ્રી લૂંટારાના રોલમાં છેય બ્લફમાં તેની સાથે કાર્લ અર્બન પણ છે. આ ફિલ્મ ૨૫ ફેબ્રુઆરીએ રિલીઝ થશે. આ ફિલ્મમાંથી પ્રિયંકા અને કાર્લના લૂક જાહેર કર્યા છે, જે ખુંખાર લાગે છે. આ ફિલ્મમાં ૧૮૦૦ની વાત છે, જે એર્સેલ પર આધારીત છે, જે વર્ષો પહેલાં પોતાનાં કબીલામાંથી ભાગી ગઈ છે, તેથી જુના કબીલાનાં લોકો તેના પર હુમલો કરે છે. તે વખતે તે બ્લડી મેરી નામથી ઓળખાતી હતી, જે હવે માતા બની ચુકી છે અને કેમેન્સના ટાપુઓ પર શાંતિથી જીવે છે. એક ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ આ પાત્ર માટેની તૈયારી વિશે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું, ‘‘મને આ પહેલાં મહિલા સમુદ્રી ચાંચિયાઓ વિશે કંઈ જ ખબર નહોતી. મને એ પણ ખબર નહોતી કે આવું કોઈ ચલણ પણ હતું અને ચાંચિયાગિરી માત્ર ડિઝનીની કાલ્પનિક દુનિયામાં નહોતી ત્યારે મહિલાઓ તેની આગેવાની પણ લેતી હતી. એ ડરામણું, ખુંખાર અને ક્રુર હતું.’’ આ રોલની તૈયારી વચ્ચે પ્રિયંકાના ડિરેક્ટરે પણ તેની મહેનતના વખાણ કર્યા હતા.

ગુલશન દેવૈયા અને દિગંત પણ ફિલ્મમાં જોવા મળશે



# ‘‘મા ઇન્તી બંગારમ’’ના ફર્સ્ટ લૂક સાથે સામંથા રૂથ ફરીવાર એક્શનમાં

સામંથા રૂથ પ્રભુની નવી ફિલ્મ મા ઈન્તી બંગારમનું પોસ્ટર રિલીઝ થયું છે, જેમાં તેણી પહેલી વાર પતિ રાજ નિદિમોરુ સાથે વ્યાવસાયિક રીતે ફરી જોડાઈ રહી છે. સમંથા રૂથ પ્રભુ તેના વ્યાવસાયિક અને અંગત જીવનમાં નવી ઊંચાઈઓ પર પહોંચ્યા પછી ફરી એકવાર એક્શનમાં આવી છે. ૨૦૨૫ની ફિલ્મ ‘‘શુભમ’’ થી નિર્માતા તરીકે ડેબ્યુ કર્યા પછી, તેણીએ ‘‘ધ ફેમિલી મેન ૨’’ અને ‘‘સિટાડેલ: હની બની’’ જેવા શોના નિર્માતા રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા. હમણાં તેણે પોતાની આગામી ફિલ્મ ‘‘મા ઈન્તી બંગારમ’’ નો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો, જે રાજ નિદિમોરુ દ્વારા નિર્મિત છે.‘‘મા ઈન્તી બંગારમ’’ માં અભિનય ઉપરાંત, સામંથા ‘‘મા ઈન્તી બંગારમ’’ માં નિર્માતાની ભૂમિકા પણ ભજવી રહી છે. સાથે ગુલશન દેવૈયા અને દિગંત પણ મુખ્ય ભૂમિકાઓમાં છે, અને તે ‘‘ઓહ! આ તેમની પાછલી ફિલ્મ ‘‘બેબી’’ ની સફળતા પછી દિગ્દર્શક નંદિની રેડ્ડી સાથેના તેમના પુનઃમિલનની રીમેક છે. સમન્થાના પતિ અને ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુ આ ફિલ્મ પાછળની સર્જનાત્મક શક્તિ છે. આ દંપતીએ તાજેતરમાં કોઈમ્બતુરના ઈશા ફાઉન્ડેશન ખાતે એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતાં.સમન્થાએ પ્રોજેક્ટના હેતુ અને ઈરાદાઓ વિશે તાજેતરમાં કહ્યું હતું કે ‘‘અમે એવી સ્ટોરીઝ માટે એક જગ્યા બનાવી રહ્યા છીએ જે તમને સ્પર્શે છે. એટલું જ નહીં, ક્રેડિટ્સ રોલ થયા પછી પણ તમારી સાથે લાંબા સમય સુધી રહે છે. પ્રેમ, પોતાનુંપણું અને રોજિંદા મૂલ્યોની સાથે આપણને એક સાથે બાંધતી હોવાની માન્યતા સાથે ‘મા ઈન્તી બંગારામ’ નું નિર્માણ થયું છે.’’ સામન્થાએ કહ્યું. અભિનયથી નિર્માણ તરફના તેના નવા તેના સાહસ માટે સામન્થાએ જણાવે છે કે ‘‘અભિનેત્રી બન્યા પછી નિર્માતા બનવાની મારી સફર નવું શીખવાની રહી છે.

યશની ‘ટોક્સિક’નું ટીઝર રિલીઝ:

# સિગારના ધુમાડા અને બંદૂકની ગોળીઓ વચ્ચે ‘રાયા’ની એન્ટ્રી, ફેન્સ બોલ્યા- ‘ડેડી ઈઝ હોમ’

લાંબા સમયથી યશની ટોક્સિકની ચર્ચા છે અને તેની એક્ટ્રેસીસ અને યશના લૂક એક પછી એક લૉંચ થઈ રહ્યાં છે, તેથી ફિલ્મ અંગેનો ઉત્સાહ દિવસેને દિવસે વધી રહ્યો છે. હવે તેનું ટીઝર લૉંચ કરવામાં આવ્યું છે અને યશના ફૅન્સને તેની ક્રુર અંધારી આલમની ઝલક જોવા મળી છે. તેની કારની અંદરની ક્ષણો કે પછી સિગાર ફુંકતા તેના સીન અને એક ગન ખભ્ભા પર અદાથી લઈને તેને ચાલતો દર્શાવીને તેની અંધારી, હિંસક દુનિયાનો પરિચય આપીને જાહેર કરાયું છે, ‘ડેડી ઈઝ હોમ’.ગુરુવારે આ ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે, તેનાથી ગીતુ મોહનદાસે ડિરેક્ટ કરેલી એ ફિલ્મમાં યશના પાત્રની પહેલી ઝલક મળે છે. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો.






## બોલીવુડ ગોસીપ

### અક્ષય ખન્ના, બોબી દેઓલની હમરાઝની સીકવલ બનશે

‘એનિમલ’ ફિલ્મથી બોબી દેઓલ અને ‘ધુરંધર’થી અક્ષય ખન્ના ફરી લાઈમલાઈટમાં આવ્યા છે તેના કારણે દર્શકો આ બંને કલાકારોની ૨૦૦૨ની ફિલ્મ ‘હમરાઝ’ની સીકવલની માગણી કરી રહ્યા છે. આ સંદર્ભમાં નિર્માતા રતન જૈને કન્ફર્મ કર્યું હતું કે તેઓ સીકવલ બનાવવા માટે તૈયાર છે. રતન જૈને



જણાવ્યું હતું કે, મને હમરાઝ ટુની સીકવલ બનાવવામાં રસ છે. મને મારી ફિલ્મના મૂળ કલાકારો બોબી દેઓલ અને અક્ષય ખન્ના સાથે જ ફિલ્મની સીકવલ બનાવવી હોવાથી હવે હું તેમના વયના અનુરૂપ સ્ક્રિપ્ટ મળે તેની રાહ જોઈ રહ્યો છું. બન્ને કલાકાર દમદાર છે અને હમરાઝ ટુમાં પણ ફિટ બેસશે. ઉલ્લેખનીય છે કે, ફિલ્મ એનિમલ પછી બોબી દેઓલ અને ધૂરંધર પછી અક્ષય ખન્નાનો બોલિવૂડમાં ડંકો વાગી રહ્યો છે. બન્નેએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના માંધાતાઓ તેમજ દર્શકોને પોતાના અભિનયથી પ્રભાવિત કર્યા છે.

### જના નાયગનને યુએ સર્ટિફિકેટ મળ્યું, મદ્રાસ હાઈકોર્ટે વિજયની

થલાપતિ વિજયની ફિલ્મને લગતા સેન્સર સર્ટિફિકેટ વિવાદ અંગે આજે અંતિમ ચુકાદો જારી કરવામાં આવ્યો છે, જે ૯ જાન્યુઆરીએ રિલીઝ થવાની હતી. ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી ક્લિયરન્સ



સર્ટિફિકેટ ન મળવાને કારણે તે અટકી ગઈ હતી. મદ્રાસ હાઈકોર્ટે હવે ફિલ્મ માટે સીબીએફસી પ્રમાણપત્ર જારી કરવામાં વિલંબ અંગે કોર્ટમાં અરજી કરનાર ફિલ્મ નિર્માતાઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો છે. થલાપતિ વિજયની ફિલ્મ જનાનાયકન માટે સેન્સર પ્રમાણપત્ર પર ચાલી રહેલા વિવાદનો આખરે ઉકેલ આવી ગયો છે. મદ્રાસ હાઈકોર્ટે ફિલ્મ નિર્માતાઓની તરફેણમાં ચુકાદો આપ્યો. કોર્ટે જણાવ્યું હતું કે સીબીએફસી અધ્યક્ષને ફિલ્મને સમીક્ષા સમિતિને મોકલવાનો કોઈ અધિકાર નથી. કોર્ટે ૬ જાન્યુઆરીએ જારી કરાયેલ સીબીએફસીના પત્રને રદ કર્યો અને બોર્ડને તાત્કાલિક પ્રમાણપત્ર જારી કરવાનો નિર્દેશ આપ્યો.

### રાજ કુન્દ્રા પર કેસ ચલાવવામાં આવશે, એક ખાસ અદાલતને બિટકોઇન કેસમાં પૂરતા પુરાવા મળ્યા

ઉદ્યોગપતિથી નિર્માતા બનેલા અને અભિનેતા રાજ કુન્દ્રા સામે કેસ ચલાવવામાં આવશે. હાઈ-પ્રોફાઈલ બિટકોઈન મની લૉન્ડરિંગ કેસમાં ખાસ અદાલતને તેમની સામે પૂરતા પ્રાથમિક પુરાવા મળ્યા છે. એક





ખાસ પીએમએલએ (મની લૉન્ડરિંગ નિવારણ અધિનિયમ, ૨૦૦૨) કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા દાખલ કરાયેલી પૂરક ફરિયાદ ફરિયાદની નોંધ લીધી છે, જે કાર્યવાહી શરૂ કરવા માટે પૂરતા પુરાવા દ્વારા સમર્થિત છે. કોર્ટે રાજ કુન્દ્રા અને સતીજાને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ તેની સમક્ષ હાજર થવા માટે સમન્સ જારી કર્યા છે, અને કોર્ટમાં સમન્સ જારી કર્યા છે. વિગતવાર આદેશમાં જણાવાયું છે કે આરોપીઓ સામે વધુ કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટે રેકોર્ડ પર પૂરતી સામગ્રી છે.

બોલિવૂડ અભિનેતા વિકી કૌશલ અને કેટરિના કૈફના જીવનમાં એક ખાસ ક્ષણ હતી

# પિતા બન્યા પછી વિકી કૌશલ ચિંતિત છે! કેટરિના કૈફના પ્રિય પુત્ર વિહાને તેના પિતાનું જીવન બદલી નાખ્યું છે

નવેમ્બર ૨૦૨૫ બોલિવૂડ અભિનેતા વિકી કૌશલ અને કેટરિના કૈફના જીવનમાં એક ખાસ ક્ષણ હતી, કારણ કે આ સ્ટાર કપલ માતાપિતા બન્યા હતા. ૭ નવેમ્બરના રોજ, કેટરિનાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો, જેણે તેમનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું. થોડા અઠવાડિયા પછી, ૭ જાન્યુઆરીના રોજ, વિકી અને કેટરિનાએ તેમના પુત્રનું નામ, વિહાન કૌશલ જાહેર કર્યું અને ચાહકો સાથે પોતાનો આનંદ શેર કર્યો. તાજેતરમાં જસ્ટ ટુ ફિલ્મી સાથેની એક મુલાકાતમાં, વિકી કૌશલે પિતા બનવાના પોતાના અનુભવ વિશે ખુલીને વાત કરી. તેમણે આ નવા પ્રકરણને તેમના જીવનનો સૌથી મોટો આશીર્વાદ અને જાદુઈ અનુભૂતિ ગણાવી.





વિકીએ સ્વીકાર્યું કે તે હજુ પણ પિતા બનવાનો ખરેખર અર્થ શું છે તે સમજવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ આ અનુભવે તેને ભાવનાત્મક રીતે સંપૂર્ણપણે બદલી નાખ્યો છે.

વિકીએ કહ્યું, ‘‘હું હજુ પણ પિતા બનવાનો ખરેખર અર્થ શું છે તે સમજવાનો પ્રયાસ કરી રહ્યો છું. પરંતુ જો હું એક વાત કહી શકું, તો તે સૌથી જાદુઈ અનુભૂતિ છે. ક્યારેક તેનું વર્ણન કરવું અશક્ય લાગે છે. તમે જે લાગણીઓ અનુભવો છો તેના માટે કોઈ એક પણ યોગ્ય શબ્દ અથવા વિશેષણ નથી. તે ઘણી બધી લાગણીઓનું મિશ્રણ છે.’’ તેમણે આગળ સમજાવ્યું કે પિતા બનવાથી તેમની વિચારસરણી અને જવાબદારીની ભાવના બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું, ‘‘ક્યારેક તમને બેચેની લાગે છે. ક્યારેક તમને એવું લાગે છે કે તમારે ઉદાહરણ દ્વારા જીવવું પડશે. ક્યારેક હું નાના કે મોટા દરેક નિર્ણય પર ધ્યાન આપવાનું શરૂ કરું છું, અને પછી એવી ક્ષણો આવે છે જ્યારે મને લાગે છે કે હું જે રીતે છું તે રીતે જ ઠીક છું. પરંતુ એકંદરે, આ અનુભવ તમને અંદરથી બદલી નાખે છે.’’

વિકી કૌશલે એ પણ શેર કર્યું કે પિતા બન્યા પછી તેના માટે સમયનું મૂલ્ય વધી ગયું છે. વિક્કી સમજાવે છે, ‘‘એવું લાગે છે કે સમય અચાનક ખૂબ જ કિંમતી બની ગયો છે. તમારા જીવનનું કેન્દ્ર બદલાઈ ગયું છે. હવે હંમેશા કોઈ તમને પાછા બોલાવતું રહે છે.’’ પહેલી વાર, મને મારો ફોન ખોવાઈ જવાનો ડર લાગે છે. હું પહેલા તેનાથી અજાણ રહેતો હતો, પરંતુ હવે મારા ફોનમાં મારા બાળકના એટલા બધા ફોટા અને વીડિયો છે કે હું તેને ગુમાવવાનું વિચારી રહ્યો છું.’’ તે ભાવુક થઈ ગયો, અને કહ્યું કે તેના બાળક સાથે વિતાવેલી દરેક ક્ષણ કિંમતી છે. તેણે ઉમેર્યું, ‘‘તમે તમારા બાળક સાથે તે સમયની ઝંખના કરો છો. તે સમય ખૂબ કિંમતી છે.’’ પ્રામાણિકપણે, તે મારા જીવનનો સૌથી મોટો આશીર્વાદ છે.’’ ૭ જાન્યુઆરીના રોજ, વિકી અને કેટરિનાએ ઈન્સ્ટાગ્રામ પર તેમના પુત્રની પહેલી ઝલક શેર કરી. જોકે તેઓએ તેનો ચહેરો બતાવ્યો ન હતો, પરંતુ ફોટામાં તેઓ તેનો નાનો હાથ પકડીને બેઠા હતા. ફોટા સાથે, તેમણે લખ્યું, ‘‘આપણા પ્રકાશનું કિરણ, વિહાન કૌશલ. પ્રાર્થનાઓનો જવાબ મળ્યો. જીવન સુંદર છે. આપણી દુનિયા એક ક્ષણમાં બદલાઈ ગઈ. ‘‘શબ્દોની બહાર કૃતજ્ઞતા.’’ ચાહકોએ પોસ્ટ પર માત્ર પ્રેમનો વરસાદ જ નહીં, પણ ઘણા લોકોએ વિક્કીના પુત્રનું નામ, વિહાનને, ફિલ્મ ‘‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક’’ માં તેના પાત્ર, મેજર વિહાન શેરગિલ સાથે પણ જોડ્યું, જેણે સોશિયલ મીડિયા પર વ્યાપક ચર્ચા જગાવી.

કામના મોરચે, વિક્કી કૌશલ, જેને તાજેતરમાં ‘‘ચાવા’’ માં છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકા માટે પ્રશંસા મળી હતી, તે ટૂંક સમયમાં સંજય લીલા ભણસાલીની ફિલ્મ ‘‘લવ એન્ડ વોર’’ માં જોવા મળશે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ આ ફિલ્મમાં અભિનય કરે છે. આ ફિલ્મ હાલમાં નિર્માણાધીન છે અને ૨૦૨૬ માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની ધારણા છે.

ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલ તેમના છૂટાછેડા પછી પહેલી વાર ફરી સાથે જોવા મળી શકે છે

# યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા તેમના છૂટાછેડા પછી પહેલી વાર સાથે જોવા મળશે?

ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલ તેમના છૂટાછેડા પછી પહેલી વાર ફરી સાથે જોવા મળી શકે છે. સિયાસતના એક અહેવાલ મુજબ, ભૂતપૂર્વ દંપતીને આગામી રિયાલિટી શો ‘‘ધ ૫૦’’ માટે સંપર્ક કરવામાં આવ્યો છે. ધનશ્રી કે યુઝવેન્દ્ર શોમાં ભાગ લેવા માટે સંમત થયા છે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે તેઓ શોની ટીમ સાથે વાતચીત કરી રહ્યા છે. સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. બિગ બોસની જેમ, ‘ધ ૫૦’ જિયો હોટસ્ટાર અને કલર્સ ટીવી પર ઉપલબ્ધ થશે, જેનાથી દર્શકોને તેને જોવાનું સરળ બનશે. જોકે, આ શોનો હેતુ ભારતીય પ્રેક્ષકોએ પહેલાં જોયેલા કોઈપણ ફોર્મેટથી અલગ ફોર્મેટ સાથે પોતાને અલગ પાડવાનો છે. એક બોલ્ડ કોન્સેપ્ટ પર આધારિત, આ શોમાં ૫૦ સ્પર્ધકો એક ભવ્ય મહેલમાં સાથે રહે છે, જે કોઈપણ નિયમો વિના, અરાજકતા અને અનિશ્ચિતતાથી ભરેલા છે. અહેવાલો અનુસાર, હાલમાં શો માટે સેલિબ્રિટીઝ, સોશિયલ મીડિયા પ્રભાવકો અને ભૂતપૂર્વ બિગ બોસ સ્પર્ધકોનું મિશ્રણ ધ્યાનમાં લેવામાં આવી રહ્યું છે.ધ ૫૦ એ લોકપ્રિય ફ્રેન્ચ શ્રેણી, ‘લેસ સિંક્વેન્ટેસ‘ નું ભારતીય સંસ્કરણ છે. આ ફોર્મેટથી પ્રેરિત થઈને, ૨૦૨૩ માં ટેલિમુન્ડો પર લોસ ૫૦ નામનું અમેરિકન રૂપાંતરણ પ્રસારિત થયું. ધ ૫૦ ના પ્રીમિયરની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. વર્મા અને ચહલે ૨૦૨૦ માં લગ્ન કર્યા હતા અને ફેબ્રુઆરી ૨૦૨૫ માં છૂટાછેડા લીધા હતા. છેલ્લે રાઈઝ એન્ડ ફોલમાં જોવા મળેલી ધનશ્રી ઘણીવાર શોમાં તેના ભૂતપૂર્વ પતિ વિશે વાત કરતી હતી. એ નોંધનીય છે કે યુઝવેન્દ્ર ચહલથી છૂટાછેડા પછી ધનશ્રીને ૪ કરોડ રૂપિયાનું ભરણપોષણ મળ્યું હતું, જેના વિશે ચહલ ઘણીવાર મજાક કરે છે. તાજેતરમાં, તેણે શિખર ધવનના ફોટા પર મજાક ઉડાવતા ટ્વીટ કર્યું, જેમાં કહ્યું, ‘‘હું ૪ કરોડ રૂપિયા માટે કોપીરાઈટનો ઉપયોગ કરીશ.’’ જોકે તેણે ધનશ્રીનો ઉલ્લેખ કર્યો ન હતો, ચાહકો સમજી ગયા કે તે શું કહી રહ્યા હતા.



મામુટ્ટીની ફિલ્મ બ્રહ્મયુગમે ઇતિહાસ સર્જ્યો

# મામુટ્ટીની બ્રહ્મયુગમને ઓસ્કાર એકેડેમીમાં સ્થાન મળ્યું

મામુટ્ટીની ફિલ્મ બ્રહ્મયુગમે ઈતિહાસ સર્જ્યો છે. આ ફિલ્મ એવા સ્થાને પહોંચી રહી છે, જે ઘણા ફિલ્મમેકર્સનું સપનું હોય છે. એકેડેમી મ્યુઝિયમ ઓફ મોશન પિક્ચર્સ લોસ એન્જલસ ખાતે ૧૨ ફેબ્રુઆરીના રોજ આ ફિલ્મનું સ્ક્રીનિંગ થવાનું છે. ‘વેર ધ ફોરેસ્ટ મીટ્સ ધ સી’ નામના એક ખાસ વિભાગમાં આ ફિલ્મનું સ્ક્રીનિંગ થવાનું છે. ઓસ્કારના મ્યુઝિયમમાં પહેલી વખત મામુટ્ટીની કોઈ ફિલ્મ પહોંચી હોય એવી ઘટના બની છે. ફિલ્મના ડિરેક્ટર રાહુલ સદાશિવને આ બાબત પોતાના સોશિયલ મીડિયા પર શેર કરતા લખ્યું હતું, ‘‘બ્રહ્મયુગમ એવા સ્થળ પરથી આવે છે, જ્યાંની વાર્તાઓ સાંભળીને હું મોટો થયો છું, જે ડર હજુ મનમાં રહી ગયો છે અને એ સૂમસામપણું ક્યારેય મનમાંથી ગયું નથી. એ બાબતે હવે ભાષા અને ભુગોળના બંધનો તોડીને વિદેશના લોકોને પણ સ્પર્શી શકે તે વાત ભાવુક કરી દે એવી છે. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના દિવસે ‘વેર ધ ફોરેસ્ટ મીટ્સ ધ સી’ અંતર્ગત સ્ક્રિન થનારી એકમાત્ર ફિલ્મ બ્રહ્મયુગમ છે, જેમાં મામુટ્ટી હતા.’’તેણે આ બાબત શેર કરતાં જ મામુટ્ટીના ફૅન્સે તેને વધાવી લીધી હતી.

### વેનેઝુએલાનું તેલ અમેરિકા ભારતને વેચશેઃ અમેરિકી પ્રતિબંધોને કારણે અટકેલો વેપાર ફરી શરૂ થઈ શકે છે

# ટ્રમ્પની મોટી ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે મુલાકાત

**5 કરોડ બેરલ ક્રૂડ ઓઇલની કિંમત હાલમાં લગભગ 25 હજાર કરોડ રૂપિયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ અનુસાર તેનો ઉપયોગ વેનેઝુએલા અને અમેરિકાના લોકોના હિતમાં કરવામાં આવશે.**

વોશિંગ્ટન ડીસી

ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારી અનુસાર, અમેરિકા ભારતને તેની દેખરેખ હેઠળ વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાની મંજૂરી આપવા તૈયાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર, તેનાથી અમેરિકી પ્રતિબંધોને કારણે અટકેલો વેપાર ફરી શરૂ થઈ શકે છે. તેમણે જણાવ્યું કે અમેરિકા ભારતની વિશાળ અને વધતી ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ફરી શરૂ કરવાની મંજૂરી આપવા તૈયાર છે. બાકીની વિગતો પર હજુ કામ ચાલી રહ્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ભારતની અગ્રણી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પણ અમેરિકા પાસેથી વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી માંગવાના પ્રયાસો શરૂ કરી દીધા છે.બીજી તરફ ટ્રમ્પે શુક્રવારે વ્હાઇટ હાઉસમાં વિશ્વની મોટી તેલ કંપનીઓના ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી. અહીં તેમણે વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં લગભગ 9 લાખ કરોડ રૂપિયાના રોકાણની વાત કરી.અમેરિકી ઉર્જા મંત્રી ક્રિસ્ટોફર રાઈટે તાજેતરમાં કહ્યું હતું કે અમેરિકા હવે વેનેઝુએલાનું તેલ લગભગ તમામ દેશોને વેચવા માટે તૈયાર છે, પરંતુ આ બધું અમેરિકી સરકારના નિયંત્રણમાં રહેશે. તેમણે ફોક્સ બિઝનેસને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'અમે તેલને ફરીથી દુનિયા માટે ખોલી રહ્યા છીએ, પરંતુ તેને અમેરિકી સરકાર વેચશે અને તેનો નફો અમેરિકી સરકારના ખાતામાં આવશે.' ટ્રમ્પે એક્સોન મોબીલ, કોનોકોફિલિપ્સ, શેવરોન જેવી મોટી અમેરિકી કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી. તેમણે કહ્યું કે અમેરિકા નક્કી કરશે કે કઈ કંપનીઓ વેનેઝુએલામાં જશે અને રોકાણ કરશે. શેવરોનના વાઈસ ચેરમેન માર્ક નેલ્સને કહ્યું કે તેમની કંપની વેનેઝુએલામાં રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને તે હજુ પણ ત્યાં કામ કરી રહી છે. ઘણી નાની કંપનીઓ અને રોકાણકારો પણ બેઠકમાં સામેલ થયા, જેમણે ટ્રમ્પની નીતિઓની પ્રશંસા કરી અને રોકાણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી.ટ્રમ્પે કહ્યું, 'કંપનીઓએ રોકાણ કરવું પડશે અને તેમના પૈસા ઝડપથી પાછા પણ મળવા જોઈએ, પછી નફાને વેનેઝુએલા, અમેરિકા અને



કંપનીઓ વચ્ચે વહેંચવામાં આવશે. મને લાગે છે કે આ સરળ છે. મને લાગે છે કે તેનું ફોર્મ્યુલા મારી પાસે છે.' આ યોજના પર હજુ વાતચીત ચાલી રહી છે.એક્સોન મોબીલના CEO ડેરેન વુડ્સે બેઠકમાં જણાવ્યું કે હાલમાં વેનેઝુએલા 'રોકાણ કરવા યોગ્ય નથી' કારણ કે કંપનીની ત્યાંની સંપત્તિઓ બે વાર જપ્ત કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ટ્રમ્પ પ્રશાસન અને વેનેઝુએલા સરકાર સાથે મળીને મોટા ફેરફારો લાવવાથી કંપની પાછી આવી શકે છે ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં દુનિયાની મોટી તેલ કંપનીઓના અધિકારીઓને વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં લગભગ 9 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જણાવ્યું.

ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં દુનિયાની મોટી તેલ કંપનીઓના અધિકારીઓને વેનેઝુએલાના તેલ ક્ષેત્રમાં લગભગ 9 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જણાવ્યું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ અમેરિકાને 3 થી 5 કરોડ બેરલ પ્રતિબંધિત તેલ સોંપશે. ટ્રમ્પે જણાવ્યું કે આ તેલ બજાર ભાવે વેચવામાં આવશે. તેનાથી મળનારી રકમ પર ટ્રમ્પનું નિયંત્રણ રહેશે.ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે તેમણે ઊર્જા મંત્રી ક્રિસ રાઈટને આ યોજનાને તરત જ લાગુ કરવાના નિર્દેશ આપ્યા છે. તેલને સ્ટોરેજ જહાજો દ્વારા સીધા અમેરિકાના બંદરો સુધી લાવવામાં આવશે.

વેનેઝુએલા પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (OPEC) નો સભ્ય છે. તેની પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, પરંતુ તે વૈશ્વિક સપ્લાયનો માત્ર લગભગ 1% જ આપે છે. 1970ના દાયકામાં ત્યાં ઉત્પાદન 35 લાખ બેરલ પ્રતિદિન સુધી પહોંચી ગયું હતું, જે વર્તમાન સ્તરથી ત્રણ ગણાથી વધુ છે.અમેરિકાએ 2019માં વેનેઝુએલા પર ખૂબ કડક આર્થિક પ્રતિબંધો લગાવી દીધા હતા. આ પ્રતિબંધોનો ટાર્ગેટ વેનેઝુએલાની તેલ કંપની PDVSA પર હતો, જેનાથી વેનેઝુએલાની તેલ નિકાસ લગભગ અટકી ગઈ. અમેરિકાએ સેકન્ડરી સેંક્શન્સ પણ લગાવ્યા, એટલે કે જે પણ દેશ કે કંપની વેનેઝુએલા પાસેથી તેલ ખરીદે છે, તેને અમેરિકી બજારમાં વેપાર કરવા કે બેંકિંગ સુવિધાઓથી વંચિત કરી શકાય છે.સેકન્ડરી સેંક્શન્સના કારણે ભારત જેવા દેશોને વેનેઝુએલા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદવું ખૂબ મુશ્કેલ બન્યું. પહેલાં (2010ના દાયકામાં) ભારત વેનેઝુએલાનો મોટો ગ્રાહક હતો. તે સમયે ભારત દરરોજ લાખો બેરલ વેનેઝુએલાનું હેવી ક્રૂડ ખરીદતું હતું, જે રિલાયન્સ અને અન્ય ભારતીય રિફાઈનરીઓ માટે ખૂબ જ યોગ્ય હતું.

---

### વરિષ્ઠ નેતા કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે સમાપ્ત

## નીતિશ કુમાર માટે ભારત રત્નની માગ કરનારા દિગ્ગજ નેતાને જેડીયુમાંથી તગેડી મૂકાયા

• પટણા, તા.૧૦

જેડીયુના સૂત્રોના જણાવ્યા અનુસાર, વરિષ્ઠ નેતા કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે સમાપ્ત થઈ ગયો છે. પાર્ટીના પ્રવક્તા રાજીવ રંજનના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે જેડીયુનો હવે કે.સી. ત્યાગી સાથે કોઈ સંબંધ નથી. સૂત્રોનું માનીએ તો, પાર્ટીમાંથી તેમની વિદાય થઈ ચૂકી છે.

જોકે, તેમના જૂના સંબંધોને ધ્યાનમાં રાખીને હાલમાં કોઈ ઔપચારિક કાર્યવાહી કરવામાં આવશે નહીં. રાજીવ રંજને કહ્યું હતું કે ભારત રત્નને લઈને ત્યાગીનું નિવેદન તેમનો અંગત અભિપ્રાય છે અને પાર્ટીને તેની સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે એ પણ ઉમેર્યું કે, 'ત્યાગીનો જેડીયુના મામલાઓ સાથે હવે વધુ સંબંધ નથી. તેઓ પાર્ટીમાં છે પણ કે નહીં, તે કાર્યકર્તાઓને પણ ખબર



નથી.' આ સમગ્ર વિવાદ ત્યારે શરુ થયો જ્યારે કેસી ત્યાગીએ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર માટે ભારત રત્નની માંગ કરી હતી. રાજકીય વર્તુળોમાં આ પગલાને 'ડેમેજ કંટ્રોલ' તરીકે જોવામાં આવી રહ્યું હતું, કારણ કે તાજેતરમાં ત્યાગી ઘણા વિવાદોમાં રહ્યા હતા અને તેમના નિવેદનોથી પાર્ટી નારાજ હતી. હવે, પાર્ટી પ્રવક્તાના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે પાર્ટીએ ત્યાગીથી દૂરી બનાવી લીધી છે. ઉલ્લેખનીય છે કે જનતા દળ (યુનાઈટેડ) ના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક મહત્ત્વપૂર્ણ પત્ર લખીને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની માંગ કરી હતી. ત્યાગીએ પોતાના પત્રમાં નીતીશ કુમારને સમાજવાદી આંદોલનના અનમોલ રત્ન ગણાવતા ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ આ સન્માન માટે સંપૂર્ણ રીતે લાયક છે. તેમણે ભૂતકાળમાં ચૌધરી ચરણ સિંહ અને કપૂરી ઠાકુરને ભારત રત્નથી સન્માનિત કરવા બદલ વડાપ્રધાનના પ્રયાસોની પ્રશંસા કરતાં ઉમેર્યું હતું કે જે રીતે અન્ય નાયકોને જીવિત હોવા છતાં આ સન્માન મળ્યું છે, તેવી જ રીતે કરોડો લોકોની લાગણીને માન આપીને નીતીશ કુમારને પણ આ ગૌરવશાળી એવૉર્ડ એનાયત કરવામાં આવે.

---

## બંગાળના વિરોધ પક્ષના નેતાની મુખ્યમંત્રીને નોટિસ : 72 કલાકમાં જવાબ માંગ્યો

• કોલકાતા

પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા (LoP) સુવેન્દુ અધિકારીએ શુક્રવારે મુખ્યમંત્રી મમતા બેનર્જીને કાનૂની નોટિસ મોકલી છે. તેમાં મમતા પાસેથી 72 કલાકની અંદર તેમના દાવાઓના પુરાવા માંગ્યા છે. સુવેન્દુએ કહ્યું કે જો આમ નહીં થાય તો તેઓ મમતા વિરુદ્ધ માનહાનિનો કેસ કરશે. ખરેખરમાં, મમતાએ આરોપ લગાવ્યો છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સુવેન્દુ અધિકારી કોલસા તસ્કરી કેસમાં સામેલ છે. કોલસા કૌભાંડના પૈસા સુવેન્દુ દ્વારા શાહ સુધી પહોંચે છે. બંગાળના મુખ્યમંત્રીએ કોલકાતામાં 8 જાન્યુઆરીના રોજ I-PAC કાર્યાલયમાં પ્રવર્તન નિર્દેશાલય (ED)ની દરોડા કાર્યવાહીના વિરોધમાં એક સભાને સંબોધન કરતી વખતે આ ટિપ્પણીઓ કરી હતી. CM મમતા બેનર્જીએ ED પર બે FIR પણ નોંધાવી છે. તેમણે કોલકાતામાં માર્ચ પણ યોજી હતી. આ દરમિયાન બેનર્જીએ દાવો કર્યો કે તેમની પાસે ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ પેન ડ્રાઈવ છે. આજે, CM મમતા બેનર્જીએ EDની તપાસથી ધ્યાન ભટકાવવાના પ્રયાસમાં, મારા વિરુદ્ધ તદ્દન પાયાવિહોણા બદનક્ષીભર્યા આરોપો લગાવ્યા અને મને કેન્દ્રીય ગૃહમંત્રી સાથે કોલસા કૌભાંડ સાથે જોડ્યો. આ બેદરકાર નિવેદનો, વ્યક્તિગત અપમાનથી ભરેલા, કોઈપણ પુરાવા વિના જાહેરમાં આપવામાં આવ્યા. આવા પાયાવિહોણા દાવાઓએ માત્ર મારી પ્રતિષ્ઠાને કલંકિત કરી નથી, પરંતુ જાહેર ચર્ચાની ગરિમાને પણ ઘટાડી છે. આજે મેં તેમને કાનૂની નોટિસ મોકલી છે જેમાં તેમની પાસેથી 72 કલાકની અંદર તમામ પુરાવા પૂરા પાડવાની માંગ કરી છે.

---

### ગઝની, ખિલજી, ઔરંગઝેબ આએ ઔર ચલે ગએ, ભોલે બાબા કે આગે, પાપી સારે રાખ હુએ

## વડાપ્રધાનએ સોમનાથ પર એક વીડિયો શેર કર્યો, ભવ્ય અને ઐતિહાસિક સ્વરૂપને દર્શાવે છે

નવી દિલ્હી

ગઝની, ખિલજી, ઔરંગઝેબ આએ ઔર ચલે ગએ... સોમનાથ મંદિર આજથી 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ઉજવી રહ્યું છે. આ ઉત્સવનું આયોજન ઈસ.1026માં મહમૂદ ગઝનવીના સોમનાથ મંદિર પરના હુમલાની 1000મી વર્ષગાંઠ નિમિત્તે કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 10-11 જાન્યુઆરીએ ગુજરાતના સોમનાથની મુલાકાત લેશે અને 'સોમનાથ સ્વાભિમાન પર્વ' માં ભાગ લેશે. તેઓ ઓમકાર મંત્રનો જાપ કરશે અને પછી સોમનાથ મંદિરમાં ડ્રોન શો જોશે. તેમની મુલાકાત પહેલા, PM મોદીએ સોમનાથ મંદિરનો એક વીડિયો શેર કર્યો, જે તેના ભવ્ય અને ઐતિહાસિક સ્વરૂપને દર્શાવે છે. આ વીડિયોમાં પ્રખ્યાત ગાયક હંસરાજ રઘુવંશીના અવાજમાં દિલને સ્પર્શી જતું ગીત પણ છે.વીડીયોમાં ગીતના શબ્દોમાં લખ્યું છે: ગઝની, ખિલજી, ઔરંગઝેબ આએ આકર ચલે ગએ, પર ભોલે બાબા કે આગે, પાપી સારે રાખ હુએ. અંત નહીં હૈ, જિસકા ઔર કોઈ નહીં હૈ શરૂઆત, સૃષ્ટિ કે કણ-કણમેં બસતા વો હૈ શંભુ પ્રાણનાથ...! વીડિયો શેર કરતા, પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'ભગવાન શ્રી સોમનાથ બ્રહ્માંડના કણ-કણમાં વસે છે. તેમની અખંડ આસ્થા અનાદિકાળથી સતત વહેતી રહી છે.' તેઓ હંમેશા ભારતની આધ્યાત્મિક ઊર્જાનું પ્રતીક રહેશે.સોમનાથની મુલાકાત અંગે,




પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'સોમનાથ સ્વાભિમાન પર્વ આપણી આધ્યાત્મિક પરંપરાનું એક શક્તિશાળી પ્રતીક છે, જે દેશભરમાં સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિ અને આનંદ સાથે ઉજવવામાં આવી રહ્યું છે.'આ સંદર્ભમાં, તમને આવતીકાલે સોમનાથ મંદિરમાં ઓમકાર મંત્રના દિવ્ય જાપમાં ભાગ લેવાનો લહાવો મળશે. બીજા દિવસે, સવારે લગભગ 9:45 વાગ્યે, ભારત માતાના અસંખ્ય બહાદુર સપૂતોને સમર્પિત શૌર્ય યાત્રામાં હાજરી આપ્યા પછી, હું મંદિરમાં દર્શન કરીશ અને પૂજા કરીશ. આ પછી, મને અહીં એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેવાની તક પણ મળશે.

---

### ૨ કિમીનો ઢાળ હતો, કાર પર ચઢી પિકઅપ

## ઈન્દોરમાં ૭ વાહન અથડાયાં, પૂરપાટ ઝડપે ટ્રક બેકાબૂ થઈ અને સામેના વાહનમાં ઘૂસી ગઈ

• મ્હોઉ, તા.૧૦

ઈન્દોરના મહુમાં ૭ વાહનો એકબીજા સાથે અથડાયાં. ટ્રક અને ગેસ-ટેક્નર કાર પર ચડી ગયાં. આ અકસ્માત શનિવારે સવારે માનપુર ભેરુ ઘાટ પર થયો હતો. મુંબઈ-આગ્રા નેશનલ હાઈવે બંધ થઈ ગયો છે.

નજરે જોનારે જણાવ્યું હતું કે ઘાટ સેક્શનમાં જ્યાં અકસ્માત થયો ત્યાં લગભગ બે કિલોમીટર સુધી ઢાળ છે. ઢાળ પરથી પૂરપાટ ઝડપે એક ટ્રક પસાર થઈ રહી હતી, જે બેકાબૂ થઈ ગઈ અને આગળ ચાલી રહેલા આઈસર વાહનમાં ઘૂસી ગઈ. આઈસરને ટક્કર લાગી તો એ આગળ કાર સાથે અથડાઈ ગયો. પછી એક કાર અને પિકઅપમાં ટક્કર થઈ.

માનપુર પોલીસ સ્ટેશનના પ્રભારી



લોકેન્દ્ર હિહોરે જણાવ્યું હતું કે વાહનોમાં ટક્કર થઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે હાલમાં કોઈ જાનહાનિ થઈ નથી.

ઈન્દોરથી હૈદરાબાદ જઈ રહેલા ટ્રક-ડ્રાઈવર મોહમ્મદ આરિફે જણાવ્યું હતું કે ગાડીની બ્રેક ફેલ થઈ ગઈ હતી. સાઈડમાં જામ લાગ્યો હતો. એક સાઈડ બધી કારો હતી, બાળકો હતાં. તો ટ્રક બીજી સાઈડ વાળી લીધી, ત્યાં ટ્રેલર સાથે ટકરાઈ. પહેલા અમે પોતાને પણ બચાવ્યા અને પબ્લિકને પણ બચાવ્યા. રાજસ્થાનના કાર-ડ્રાઈવર રઘુવીરે જણાવ્યું હતું કે બે લાઈનમાં જામ લાગ્યો હતો. અમે તો જામમાં ઊભા હતા. સેકન્ડ લાઈનથી ટ્રક આવી. તેણે પિકઅપને ટક્કર મારી દીધી.

---

## મોદી 17 જાન્યુઆરીએ પ્રથમ વંદે ભારત સ્લીપરનું ઉદ્ઘાટન કરશે:ગુવાહાટીથી કોલકાતા વચ્ચે દોડશે

• નવી દિલ્હી

કોટામાં સ્લીપર વંદે ભારત ટ્રેનનું 180 કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ કરવામાં આવી હતી. આ દરમિયાન, લોકો પાઈલટના ડેસ્ક પરના કાચના ગ્લાસમાંથી પાણી છલકાયું નહીં. કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કોલકાતા અને ગુવાહાટી વચ્ચે પ્રથમ વંદે ભારત સ્લીપર 17 જાન્યુઆરીથી ચાલશે. એનું ઉદ્ઘાટન પીએમ નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળના માલદા ટાઉનમાં કરશે. આ ટ્રેન 6 દિવસ કામાખ્યા અને હાવડા જંક્શન વચ્ચે ચાલશે.

આ ઉપરાંત રેલવેમંત્રીના જણાવ્યા મુજબ, 6 નવી અમૃત ભારત એક્સપ્રેસ પણ લોન્ચ કરવામાં આવશે. એની સેવા 17 અને 18 જાન્યુઆરી 2026થી મળવાનું શરૂ થઈ જશે. દિલ્હીમાં અતિ વિશિષ્ટ રેલસેવા પુરસ્કાર સમારોહમાં ગુરુવારે વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારતીય રેલવેમાં 2026માં એક મોટો બદલાવ આવશે. તમામ પ્રકારના સુધારાઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો મોટેપાયે ઉપયોગ સામેલ છે.રેલવેમંત્રી બોલ્યા, ભારતના સ્ટાર્ટઅપ અને ઈનોવેટિવ દિમાગને રેલવે સાથે જોડશે રેલવેમંત્રીએ કહ્યું હતું કે રેલવેમાં ટેક્નોલોજી અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે એક નવી માળખાકીય પદ્ધતિ અપનાવવામાં આવશે. ટેક્નોલોજી અને ઈનોવેશન માટે એક નવી માળખાકીય પદ્ધતિ રજૂ કરવામાં આવશે, જેથી ભારતના સ્ટાર્ટઅપ અને ઈનોવેટિવ દિમાગ રેલવે સાથે જોડાઈ શકે. વંદે ભારત સ્લીપર ટ્રેનના થર્ડ ACનું ભાડું 2,300 નક્કી કરવામાં આવ્યું છે. સેકન્ડ ACનું ભાડું 3,000 હશે. ફર્સ્ટ ACનું ભાડું આશરે 3,600 પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.સ્લીપર ટ્રેનને 1000 કિલોમીટરથી વધુ લાંબા અંતરની મુસાફરીને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે. આ વર્ષના અંત સુધીમાં લગભગ 12 વંદે ભારત સ્લીપર ટ્રેનો તૈયાર થઈ જશે.

---

### અયોધ્યાના રામ મંદિરમાં નમાજ પઢવાનો પ્રયાસ

## મંદિરમાં ઘૂસેલાં ૨ યુવક-૧ યુવતીએ પોતાને કાશ્મીરી ગણાવ્યાં, સુરક્ષાકર્મીએ પકડી પાડયાં

• અયોધ્યા, તા.૧૦

અયોધ્યામાં રામ જન્મભૂમિ સંકુલમાં ત્રણ લોકો ઘૂસી ગયાં અને નમાજ પઢવાનો પ્રયાસ કર્યો. સુરક્ષાકર્મચારીઓએ તાત્કાલિક તેમને રોક્યાં અને તેમની અટકાયત કરી. પકડાયેલાં બે યુવકો અને એક યુવતીએ પોતાની ઓળખ કાશ્મીરના રહેવાસી તરીકે આપી. હજુ સુધી કોઈએ પુષ્ટિ કરી નથી કે આરોપીઓ કોણ છે અથવા તેઓ ક્યાંનાં છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય શંકાસ્પદ વર્તન કરી રહ્યાં હતાં. પૂછપરછ કરવામાં આવી રહી છે કે તેઓ અયોધ્યા કેમ આવ્યાં હતાં. યુવક અને યુવતી રામ મંદિરના ગેટD1થી પ્રવેશ્યાં. ત્યાર બાદ યુવક સીતા રસોઈ પાસે નમાજ પઢવા બેઠો. પોલીસે તેને આમ કરતાં જોતાં જ તેની અટકાયત કરી લીધી. તે યુવકે કાશ્મીરી પોશાક પહેર્યો હતો. એક પુરુષની ઓળખ કાશ્મીરના શોપિયાના રહેવાસી અબુ અહેમદ શેખ તરીકે થઈ છે. છોકરીની ઓળખ સોફિયા તરીકે થઈ છે. બીજા યુવકનું નામ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે જ્યારે સુરક્ષાકર્મચારીઓએ યુવાનોને રોક્યા ત્યારે તેઓ નારા લગાવવા લાગ્યા. ઘટનાની માહિતી મળતાં જ ગુપ્તચર એજન્સીઓ, સ્થાનિક પોલીસ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ તાત્કાલિક સક્રિય થઈ ગયા હતા, જોકે જિલ્લા વહીવટીતંત્રે હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જારી કર્યું નથી. રામ મંદિર ટ્રસ્ટે પણ સમગ્ર ઘટના પર મૌન ધારણ કર્યું છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠા પછી દરરોજ આશરે દોઢ લાખ ભક્તો મંદિરની મુલાકાત લે છે. મંદિર પર આતંકવાદી હુમલાઓની વારંવાર ધમકીઓ મળી રહી છે. એના જવાબમાં સરકારે મંદિરની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટેNSGયુનિટ તહેનાત કરવાનો નિર્ણય લીધો છે.SSF શ્રીરામ જન્મભૂમિ સંકુલ અને મંદિરની સુરક્ષા માટે જવાબદાર છે. મંદિરની સુરક્ષા માટે ૨૦૦ કર્મચારીઓ તહેનાત છે. યુપી સરકારે તાજેતરમાં PSFની રચના કરી છે, જેમાં PAC અને પોલીસકર્મચારીઓનો સમાવેશ થાય છે.

---

### 100થી વધુ શહેરોમાં લોકો મોંઘવારીનો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા

# ટ્રમ્પનો દાવો- ઈરાનના શહેર પર પ્રદર્શનકારીઓનો કબજો:સુરક્ષા દળોએ મશહદ છોડ્યું



• તેહરાન

ઈરાનમાં 28 ડિસેમ્બરથી વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ગુરુવારે 100થી વધુ શહેરોમાં લોકો મોંઘવારીનો વિરોધ કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનના બીજા સૌથી મોટા શહેર મશહદ પર હવે પ્રદર્શનકારીઓનો કબજો થઈ ગયો છે.

દસ લાખથી વધુ લોકોએ પ્રદર્શન કર્યું. ઈરાનનું બીજું સૌથી મોટું શહેર પ્રદર્શનકારીઓના નિયંત્રણમાં આવી ગયું છે. સરકારના સુરક્ષા દળોએ શહેર છોડી દીધું છે. મશહદની વસ્તી લગભગ 40 લાખ છે. આ શહેર તુર્કમેનિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદ પાસે આવેલું છે. આ ઈરાનનું સૌથી મોટું ધાર્મિક શહેર છે. મશહદમાં ઈમામ રઝાની પવિત્ર દરગાહ પણ છે, જે શિયા મુસ્લિમોનું એક ખૂબ મોટું તીર્થ સ્થળ માનવામાં આવે છે.

જોકે, શહેર પર કબજાને લઈને ટ્રમ્પના દાવાની પુષ્ટિ થઈ શકી નથી. કોઈ પણ ભરોસાપાત્ર રિપોર્ટમાં એ સાબિત થયું નથી કે સુરક્ષા દળો સંપૂર્ણપણે શહેર છોડી ચૂક્યા છે અથવા મશહદ સંપૂર્ણપણે પ્રદર્શનકારીઓના કબજામાં છે. ઈરાનમાં મોંઘવારી વિરુદ્ધ 13 દિવસથી ચાલી રહેલા પ્રદર્શન વચ્ચે ગુરુવારે રાત્રે સ્થિતિ વધુ વણસી હતી. CNNના રિપોર્ટ અનુસાર, દેશભરમાં 100થી વધુ શહેરોમાં પ્રદર્શન ફેલાઈ ચૂક્યું છે.

અમેરિકન હ્યુમન રાઈટ્સ એજન્સી અનુસાર, પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસામાં અત્યાર સુધીમાં 62 લોકો માર્યા ગયા છે. એક પોલીસ અધિકારીની છરી મારીને હત્યા કરવામાં આવી હતી. જ્યારે 2,270થી વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનીએ દેશભરમાં પ્રદર્શનો વચ્ચે શુક્રવારે પહેલીવાર રાષ્ટ્રને સંબોધન કર્યું. ઈરાનની સરકારી ટીવીએ તેમનું ભાષણ પ્રસારિત કર્યું.

ખામેનીએ કહ્યું કે ઈરાન 'વિદેશીઓ માટે કામ કરતા ભાડૂતી લોકો'ને સહન નહીં કરે. તેમણે દાવો કર્યો કે પ્રદર્શનો પાછળ વિદેશી એજન્ટો છે જે દેશમાં હિંસા ભડકાવી રહ્યા છે.

ખામેનીએ કહ્યું કે દેશમાં કેટલાક એવા ઉપદ્રવીઓ છે જે સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડીને અમેરિકી રાષ્ટ્રપતિને ખુશ કરવા માંગે છે. પરંતુ ઈરાનની એકજુટ જનતા પોતાના બધા દુશ્મનોને હરાવશે. તેમણે ટ્રમ્પને કહ્યું કે ઈરાનના મામલાઓમાં દખલ દેવાને બદલે તેઓ પોતાના દેશની સમસ્યાઓ પર ધ્યાન આપે.

તેમણે વધુમાં કહ્યું, "ઈસ્લામિક રિપબ્લિક સેંકડો હજારો મહાન લોકોના લોહીના બળ પર સત્તામાં આવ્યું છે. જે લોકો અમને નષ્ટ કરવા માંગે છે, તેમની સામે ઈસ્લામિક રિપબ્લિક ક્યારેય પાછળ નહીં હટે."ખામનીનું આ નિવેદન તે ઘટનાના થોડા સમય પછી આવ્યું છે, જ્યારે ગુરુવારે ટ્રમ્પે ફરીથી ચેતવણી આપી હતી કે જો ઈરાની સુરક્ષા દળો પ્રદર્શનકારીઓની હત્યા કરશે, તો અમેરિકા ઈરાન પર હુમલો કરી શકે છે.પ્રદર્શનકારીઓએ રસ્તાઓ બ્લોક કર્યા, આગ લગાવી.